પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર


॥ ૫૨ ॥

श्री नवकार महामंत्र

न
मो अ
रि हं ता
णं न मो सि
द्धा णं न मो आ
य रि या णं न मो
उ व ज्झा या णं न मो
लो ए स व्व सा हू णं ए
सो पं च न मु क्का रो स व्व
पा व प्प णा स णो मं ग ला णं
च स व्वे सिं प ढ मं ह व इ मं ग लं

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ



मयि तद्रुपं सोऽहं ।

પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

# આરાધનાના ૩ પ્રકાર




(૧) <u>ઉત્કૃષ્ટ</u>: ૪૮ અહોરાત્રની પૌષધ સહિતની ઉપધાન તપની અખંડ આરાધના, જેમાં: ૩૬૦૦૦ નવકારમંત્રનો જાપ, ૧૮૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ, ૧૮૦૦ ખમાસમણા, ૯ ઉપવાસ, ૯ નીવિ (એકાસણા) ઇત્યાદિ.

(૨) <u>મધ્યમ</u>: ૧ લાખ નવકારના જાપ સળંગ ૨૦ દિવસ ભરનાં એકાસણા કે આયંબિલ સાથે રોજના ૫૦૦૦ મંત્રનો જાપ - પ્રભુને ફૂલ ચઢાવવાપૂર્વકની આરાધના.

(૩) <u>જઘન્ય</u>: ૯ દિવસનાં એકાસણા સાથે દરરોજના ૨૦૦૦ નવકાર મંત્રજાપની ૯ દિવસની લઘુ આરાધના.

**ધ્વનિ : શ્રી આલાપ દેસાઈ**
**રજૂઆત : ૧૪.૦૨.૨૦૨૧ દિને**
**'ગુરુ ગ્રંથ બહુમાન પર્વ' દરમ્યાન**
**ગ્રંથ ૫૦ના અર્પણ અવસરે, આરાધના ધામ.**

**રચનાકાર : પં.ઉદયરત્નવિજયજી ગણિ**
**પોષ સુદ ૧૦, સં.૨૦૭૭**
**રાત્રે : ૧ કલાકે, રામ પાવનભૂમિ**

**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સૉંગ' સાંભળવા મળશે.**

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૫૨ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

**HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

**VOLUME - 52**

Year 2021
350 Copies / 224 Pages
For Private Circulation only.

**PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust

Mumbai / Rajkot

team@mindfiesta.com

**SPONSOR**

Shri C. K. Mehta
Mumbai | Vadodara

**ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

**eBOOKS AVAILABLE AT**

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

**SHRI AARADHNA DHAM JAIN TIRTH**

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156

**ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.




હસ્તાક્ષર સુવર્ણ ગ્રંથના અર્પણ અવસરે શ્રી આરાધના ધામ તીર્થભૂમિમાં સુશ્રાવક સી. કે. મહેતા સૌને રૂબરૂ મળ્યા, ત્યારે તેમણે એવા અનેરા ભાવો વ્યક્ત કર્યા કેઃ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ની આ યાત્રા ખરે જ અ-ક્ષય બની રહી છે. ગુરુમહારાજે કરાવ્યું અને મારાથી નિમિત્ત બનાયું. ૬૦ ભાગ થતાં આ ગ્રંથશ્રેણી કદાચ પૂર્ણ થઈ જશે પણ એમાં નિરૂપાયેલા ભાવો, ચિંતનો, પદાર્થો તો ખરેખર અક્ષય જ રહેવાના.'

'અહિંસા એ આત્માની ઓળખાણ છે, સંયમ એ આત્મા માટે જ છે અને તપ એ આત્માના મૂળ સ્વભાવસ્વરૂપ છે.' આવા આત્મસંબંધી ભાવો દરેક રોજનીશીનાં પાને-પાને પ્રસરતાં-સ્પર્શતાં અનુભવાય છે અને હાં... જે કોઈ આ અક્ષયપાત્રોના ભાવોમાં ભીંજાય છે, તેના અંતરમાં આવા ચિંતનો શરૂ થઈ જ જાય છે. હવે તો પત્ર દ્વારા કોઈ ને કોઈ આરાધક આત્માઓના ઉદ્ગારો વંચાય છે, ત્યારે થાય કે સાહેબે અવ્યક્ત રૂપે વ્યક્ત ઉપકાર કરીને શું કમાલ કમાલ કરી છે!

એક ઉત્તમ આરાધક-સાધક તરફથી અંતરના નિર્મળ ભાવોના પ્રતિબિંબ સ્વરૂપ મળેલ પત્રને એમના જ શબ્દોમાં ભાવીએઃ 'આ પચાસ ગ્રંથો જાણે સાક્ષાત આગમસ્વરૂપ બની ગયા છે. એક એક ગ્રંથ અક્ષય એવા આત્માનો અનુભવ કરાવવા સમર્થ છે. અધ્યાત્મમાર્ગે પ્રવેશ કરેલાઓને માટે એક ભોમિયાનું કામ કરી ઈષ્ટસ્થાન સુધી પહોંચાડનાર છે. વાંચી વાંચી અપાર આનંદ અનુભવાય કે ભવોદધિતારક પરમ પૂજ્ય પરમોપકારી ગુરૂભગવંત અપાર કરૂણા વરસાવી જે નિધાન દાટી ગયા હતા, તે આજે બહાર આવ્યું. તેઓની પાછળ આવનાર આપણા જેવા જીવો આ નિધાનને પામી અખૂટ આનંદનો અનુભવ કરી રહ્યા છે. આપશ્રી અને આચાર્યભગવંતના અસીમ

કૃપાબળે દાટેલું નિધાન બહાર આવ્યું! આવા પાવન કાર્યમાં શ્રી ભારતીબેનની સુઝ, સમજ, મહેનત, આયોજન ખૂબ જ અદ્ભૂત રીતે કામ કરી ગયા તેમ જ શ્રેષ્ઠિવર્ય સી. કે. મહેતા કે જેઓ પરમ ગુરૂભક્ત છે, તેઓશ્રી કુંબેરનો ભંડાર બની વરસી રહ્યા છે. આ બંને ઉત્કૃષ્ટ પુણ્યવંત આત્માઓને ખરા અંતરાત્માથી અનુમોદન સાથે કોટિ કોટિ વંદન કરૂં છું. પ્રકૃતિએ એમનાં દ્વારા ગુરૂદેવને સાક્ષાત હાજર કરવાનું કાર્ય કરાવ્યું અને અસીમ પુણ્યનાં ભંડાર થકી આખું વિશ્વ માલામાલ બની રહ્યું છે! આ ગ્રંથોને ભાવિમાં આગમની સાક્ષી જેટલાં જ પ્રમાણભૂત-સાક્ષીરૂપ માનવામાં આવશે. વિશ્વના જીવો આ ગ્રંથોના પઠન થકી ઈશ્વરકર્તૃત્વ અને મૈત્ર્યાદિ વિષયક ભાવો ખૂબ જ સરસ રીતે પામશે, પ્રભુનાં ભરોસે નિઃશંક થઈ પ્રભુને સમર્પિત બની, સકલ જીવરાશિ સાથે અભેદની સાધનામાં પ્રવેશ કરશે અને 'એક જીવતત્ત્વ જ પ્રેમ કરવા યોગ્ય છે' એમ સમજી તેનો અસીમ આનંદ અનુભવશે. આનું નામ જ 'આતમજ્ઞાન' છે. આ ગ્રંથશ્રેણી દ્વારા ખરેખર જ આત્મજ્ઞાન અને આત્માનુભવ પામવાનો માર્ગ ઘણો જ સરળ અને સ્પષ્ટ થયેલો અનુભવાય છે.'

'અપ્રમત્તતાની પરાકાષ્ઠા કેવી હોય' તે પ્રશ્ન આ કાળના સાધકોને થતો હોય, તો સાહેબની અપ્રમત્તતા સાથે સરખાવી જવાબ મેળવવો રહ્યો. કલાકો સુધી ચિંતન-અનુપ્રેક્ષા-વાંચન-રોજનીશીલેખન-પત્રલેખન, પ્રવચન, સાધકોને સાધનાદાન તેમ જ આત્મધ્યાન આદિ અગણિત પ્રક્રિયાઓ સાથે સાથે શિષ્યો એવં આશ્રિતવર્ગનું યોગ-ક્ષેમ... આ બધાનો સરવાળો એટલે ૨૪ કલાકમાં ફક્ત ઔદારિક શરીરને ફરી કર્મક્ષમ બનાવવા માટે આરામ-ગોચરી-પાણી લેવા સિવાયનું બધું જ અપ્રમત્ત...!

આ ગૌરવરૂપ ગ્રંથોને પ્રગટ કરવાની સંપૂર્ણ આર્થિક જવાબદારી લઈને મુંબઈ-વડોદરાના સુશ્રાવકરત્ન પરમગુરૂભક્ત **સી.કે.મહેતા** ભવોભવને ઉજાળે તેવી ગુરૂભક્તિ આદરી રહ્યાં છે, તો રાજકોટના અમારા સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા** આ ભગીરથ કાર્યને પોતાના ૩૦થી વધુ સહયોગીઓ સાથે રહીને ગ્રંથોને સોને મઢીને આપણા કરકમલો સુધી પહોંચાડી રહ્યા છે, તેની અંતરથી અનુમોદના.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

# અનંત ઓચ્છવ - ગુરૂકૃપાનો...



જે સમયમાં દ્રવ્ય કરતાં ધર્મ વહાલો હતો અને રાજા કરતાં જ્ઞાની મોટો ગણાતો હતો, તે સમયનાં અનેક પૂર્વસૂરિજીઓ આજે યાદ આવ્યા છે. જ્ઞાનની એ જ સમ્યગ્ વિરાસતને આગળ વધારનાર પરંપરામાં ૧૯મી સદીને અવશ્યપણે 'પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી યુગ' તરીકે ક્વચિત્ ભાવિનાં અધ્યાત્મપ્રેમીઓ યાદ કરે તો નવાઈ નહીં, કેમકે તેમના રોમેરોમમાં 'શિવમસ્તુ સર્વજગતઃ'ની ભાવનામાં ઝબકોળાયેલ મૈત્રીભાવ સતતપણે આજે પણ જિનશાસનના સંઘોમાં સ્પર્શાય છે.

ગુરૂમહારાજ અત્યંત ઋજુ હતાં... તેઓની સામે બેઠા હોઈએ, તો transમાં જતાં રહીએ! તેમની જેમ જ આ કઠિન લેખન તપશ્ચર્યાના પરિણામરૂપ અક્ષયપાત્રો પણ હાથમાં લઈએ, ત્યાં જ ટ્રાન્સમાં જતાં રહીએ છીએ...! તેઓની જીવમૈત્રી અને કરૂણાને પોંખવાનો તો આ અવસર છે જ પણ ઉપરાંત જેમણે ઊંડુ જોયું - મબલખ જોયું - મહીં મનમાં જે અઢળક જોયું, તે આત્મતત્ત્વને ઓળખવાનો ય અવસર છે, વળી તેઓની આંતર-બાહ્ય સંપદાને ખરે જ શાશ્વત વંદન કરીએ, કેમકે તેના થકી જીવનના રહસ્યોને તારવવાની કેડી શોધવાનો ય અવસર છે, આ અક્ષયપાત્રો.

બસ, એમના જ હસ્તાક્ષરની આંગળી પકડીને મોક્ષપર્યંત પહોંચવા એ કેડીએ સ્થિર થઈને આપણે સૌ સાથે જ આગળ ધપીએ, એવી મંગળ પ્રાર્થના.

મુંબઈ/વડોદરા

સી. કે. મહેતા


શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ


શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ


શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ



વિતતકેતકપત્રવિલોચને! વિહિતસંસૃતિદુષ્કૃતમોચને!
ધવલપક્ષવિહઙ્ગમલાઞ્છિતે, જય સરસ્વતી! પૂરિતવાઞ્છિતે ||

ઉહાવા, સં. ૨૦૨૯, જેઠ સુ - ૮, શુક્રવાર

પરમ પ્રભુને શાંતિદાયક પ્રાર્થના

(૧) તમારું અસીમ જીવન અને શક્તિ મારા જીવનમાં અસ્તિત્વ પામેલાં છે. તમારું સર્વેનું મન મારામાં વ્યાપ્ત છે.
હે પ્રભુ! મારા મનમાં, શરીરમાં અને શક્તિમાં
તમારી દિવ્યશક્તિ પૂર્ણ રૂપથી રહેલ છે.

(૨) તમારું જ ચૈતન્ય મારા જીવનનો પ્રવાહ બનીને મારા શરીરની પ્રત્યેક ઇંદ્રિયો અને નસેનસમાં વ્યાપ્ત છે.

(૩) તમારી આપેલી ચૈતન્યની શક્તિ
મારા મનને પ્રકૃતિમાં બદલી રહેલ છે.

(૪) મારા શરીરના પ્રત્યેક અવયવોનું યથાર્થ
પાલન-પોષણ તમારાં જીવનતત્ત્વથી થઈ રહ્યું છે.

(૫) મારા શરીરના પ્રત્યેક કણમાં તમારી જ
ચેતના અને બુદ્ધિનો મહિમા વ્યાપી રહેલ છે.

(૬) તમારી બુદ્ધિશક્તિ જ મારા મનના
સંકુચિત વિચારોને દૂર કરી તેના મહિમાનું ગાન કરે છે.

(૭) મારું હૃદય એ તમારું જ પવિત્ર હૃદય છે. તમે તેને પ્રકૃતિથી ભરી દો. જેથી તમારા ચૈતન્યના પ્રેમકિરણો ચારે તરફ વ્યાપી જાય અને બધાં પણ જીવોને પ્રકાશિત કરે.

(૮) હું મારા મનને તમારી શક્તિ તરફ
સ્વાસ્થ્ય અને શાંતિ માટે અગ્રેસર કરી રહ્યો છું.
(૯) તમારી મૃદુ ચેતના મારા સર્વ ભયોને દૂર કરીને
મારું રક્ષણ કરે છે, તેના પ્રેમમહિમાનું હું ગાન કરું છું.
(૧૦) તમારી ચૈતન્યશક્તિ મને આપો,
જેથી તમારા મહિમાનું ગાન હું કરી શકું.
(૧૧) તમે પ્રત્યક્ષપણે જીવન, પ્રકાશ અને પ્રેમરૂપ છો.
પ્રત્યેક જીવ તમારી સાથેના ઐક્યને સ્વીકારો અને
સર્વમાં ઐક્યને ઉજાગર કરો.
આમારી આત્મસ્થિરતા ટકાવવા માટે
સર્વસંગપરિત્યાગની જ આવશ્યકતા છે.
મૌન, ધ્યાન અને એકાંત એ સાધના માટે જરૂરી છે.
તે વડે રાગ, દ્વેષ, અજ્ઞાન અને મોહનો છેદ કરવો
તથા સંપૂર્ણ જ્ઞાન પ્રકટ કરવું, એ સાધનાનું ધ્યેય છે.
अनन्तानन्तसंसार - सन्ततिछेदकारणम् ।
जिनराजपदाम्भोज - स्मरणं शरणं मम ॥१॥ અર્થઃ
શ્રી જિનરાજના ચરણકમળોનું સ્મરણ અનંતાનંત
સંસારની સંતતિનો છેદ કરવામાં કારણભૂત છે, માટે
તે ચરણકમળોનું સ્મરણ મને શરણભૂત થાઓ.

## પત્રાંક આત્મસંવેદનો : Dt. 9/10-7-73, Vadava

રૂપાતીત ધ્યાનના પ્રભાવે, દિવસના મોટા ભાગમાં તથા
ખાસ કરીને ધ્યાન પછી તો અદ્‌ભુત શાંતિ અને માત્ર
આનંદ, આનંદ અને આનંદનું વેદન રહ્યા કરે છે.

હમણાં - હમણાંથી વૃત્તિ આત્માકાર બની રહે છે,
શરીર દ્વારા શરીરને જરૂરી એવા કાર્યો થયા કરે છે
અને મન લગાલગ આત્મઉપયોગે રહે છે.

અનંત પુદ્‌ગલની રાશિ એંઠી થવાથી અને
દેહ - ગેહ - ધર્મની અસામર્થ્યાથી જ બાહ્યદૃષ્ટિએ ન
સમજી શકાય અને આંતરદૃષ્ટિ વડે જ સમજી શકાય,
એવી આત્મસ્થિતિ અનુભવાય છે.

હવે તેને જ એકમાત્ર દૃઢ કરવાનો,
પુરુષાર્થ કરવાનો રહે છે.

વિભાવથી વિરમી સ્વભાવ સન્મુખ થઈ પરમ શાંતિ,
આનંદ અને સુખની યત્કિંચિત વાનગી મેળવવા માટે
પ્રભુની કૃપા સહાયક છે.

સર્વ સંગથી નિવૃત્ત થયા બાદ જે અભૂતપૂર્વ, અતીન્દ્રિય,
અવર્ણનીય સુખ, શાંતિ, આનંદનો અનુભવ થાય છે,
તે સ્વસંવેદનથી જ સમજી શકાય છે.

## અર્હંના ગૂઢ રહસ્યનો તાગ પામવો છે?

નમસ્કારના સતત જાપના પરિણામે અર્હંનું ધ્યાન સ્વરૂપ બની જાય છે. અર્હં એ વિજ્ઞાનોનું વિજ્ઞાન, કળાઓની પરમકળા અને શક્તિઓની પરમ શક્તિ છે. નમસ્કાર વડે જ અર્હંના ગૂઢ રહસ્યનો તાગ મેળવી શકાય છે.

નમો એ નમ્રતા અને કૃતજ્ઞતાદર્શક અવ્યય છે.

નમો એ નમ્રતા, કૃતજ્ઞતા, વિનીતતા વડે
'અહં'ને 'અર્હં' બનાવનાર પારસમણિ છે.

અર્હંનો જે અનાહત નાદ વિશ્વમાં ગુંજી રહ્યો છે, એનું Receiveing Station 'નમો' ભાવ છે. જાતે અહંને નમી - નમી જે ફળો આજ સુધી અનુભવ્યાં, તેનો અંત અર્હંને અંતરના ભાવથી નમવા વડે આવી શકે છે.

સ્વનું વિસર્જન અને સર્વમાં સ્વનું સર્જન.

અનન્ય શ્રદ્ધા, ભક્તિ, સમર્પણ, શરણાગતિ તથા
નામસ્મરણાદિથી પ્રસુપ્ત કુંડલિની જાગે છે.

'નમો' પદ એ વિનયનું બીજ છે અને
'નમો' પદ જ ધર્મમંદિરમાં પ્રવેશવાનું દ્વાર છે.

ઓમ ગુરુ ઓમ ગુરુ ઓમ ગુરુ નમ ઓમ ।
નમો ગુરુ નમો ગુરુ નમો નમો ઓમ ॥

ગુણગ્રાહકતાનો પરિણામ એ વિનય છે.

અન્ય વ્યક્તિમાં પ્રવેશ તેના ગુણ દ્વારા જ થઈ શકે છે.
દોષ એ દિવાલ છે, ગુણ એ દ્વાર છે.
દોષ ઔદારિક આદિ દેહના છે, જ્યારે
ગુણ આત્માના પોતાના ઘરના છે.
નમસ્કાર, કૃતજ્ઞતા કે વિનય વિના
અરિહંતાદિ સ્થળે પ્રવેશ થવો અશક્ય છે, તેથી
વંદન એ ધર્મમાર્ગમાં પ્રવેશ કરવાનું મૂળ દ્વાર છે.
ગુણ કરે તે ગુણ, દોષ કરે તે દોષ.
ગુણનું આલંબન આત્માને ગુણ કરે છે,
દોષનું આલંબન આત્માને દૂષિત કરે છે.
અવ્યક્ત આર્હન્ત્યનું વ્યક્ત સ્વરૂપ એટલે
તેના કાર્યકર શક્તિ પંચ પરમેષ્ઠિઓ છે.
નમસ્કાર મંત્રના જાપ વડે પ્રાપ્ત થતો પરમેષ્ઠિઓનો
અનુગ્રહ અહં - મમ - મોહની મલિનતાઓને દૂર કરીને
નિર્મળ - શુદ્ધ આત્મદ્રવ્યનો પ્રત્યક્ષ અનુભવ કરાવે છે.
Law of echo = જેવો ધ્વનિ તેવો પ્રતિધ્વનિ
એ ન્યાયે અર્હનું ધ્યાન અર્હંરૂપે પ્રતિધ્વનિત થઈને પાછું
ફરે છે. સ્થળ - કાળથી સીમિત અહંની ભ્રાંતિ ટાળીને

એવી પ્રતીતિ કરાવે છે કે:

'I am Universal, not only Universal but I am the universe.'

વિશ્વચૈતન્ય અહીંયાં

personality - વિભિન્ન અસ્તિત્વ મટી જાય તથા આત્મા સત્ - ચિત્ - આનંદથી ભરપૂર બની જાય છે.

## મંત્રચૈતન્યની પ્રાપ્તિ કઈ રીતે?

મંત્રદેવતાનું અભેદ ચિંતન એ મંત્રાર્થની પ્રાપ્તિ છે. આ અભેદ ચિંતન ચાલુ રહેતાં મંત્રનો પ્રત્યેક વર્ણ ચૈતન્યમય બને છે, જે સાધકના ચૈતન્યમાં ભળી જતાં મંત્રચૈતન્ય પ્રાપ્ત થાય છે. મંત્રચૈતન્યનું પ્રાગટ્ય જ સિદ્ધિનું મૂળ છે.

તેનાથી પછી સર્વ ઇચ્છિત કાર્યો થવા લાગે છે.

'ધર્મ' એટલે આચાર અને વિચાર - ઉભયની સુધારણા.

સદાચારનું પાલન અને સદ્વિચારોનું સેવન,

એ ધર્મ આરાધનાનું સ્વરૂપ છે.

મંત્ર = વિશિષ્ટ અક્ષરોનું સંયોજન, જેમાં દૈવશક્તિ અધિષ્ઠિત હોય છે, જે જપના પ્રભાવે જાગૃત થાય છે. જપાત્ સિદ્ધિઃ ન સંશયઃ। મંત્ર એ યંત્રમય હોય છે, તેમાં મંત્રદેવતાની સ્થાપના કરવામાં આવેલી હોય છે.

તંત્ર શબ્દ શાસ્ત્રવાચક અને વિજ્ઞાનવાચક પણ છે.

'તંત્ર' એટલે મંત્રદેવતાના પૂજનનું વિધિવિધાન.

મંતરજંતર અથવા જંતરમંતરનો અર્થ પણ
મંત્ર અને યંત્ર થાય છે.

મુક્તિનાં સર્વ સાધનોમાં ભક્તિ એ સુલભ સાધન છે.

વંદન - પૂજન - સત્કાર - સન્માન - પ્રેમ - સમર્પણ :
એ સૌ ભક્તિનાં જ ભાવને સૂચવે છે. જેટલો પ્રેમ
સાંસારિક વસ્તુ પ્રત્યે હોય, તેથી અધિક આરાધ્ય
વસ્તુ પ્રત્યે હોવો જોઈએ, તો જ 'ભક્તિ' કહેવાય.

### મંત્રયોગનું રહસ્ય શું છે?

પરમાત્માના ભાવગ્રાહી સ્વરૂપમાં
ચિત્તવૃત્તિઓનો લય કરી દેવો, તે મંત્રયોગનું રહસ્ય છે.

લયયોગમાં કુંડલિની જાગરણની મુખ્યતા છે,
તેમાં ષટ્ચક્રભેદનાદિનો આશ્રય લેવાય છે.

રાજયોગમાં પ્રત્યાહાર - ધારણા - ધ્યાન મુખ્ય છે.

સમાધિ તો બધા યોગોનું લક્ષ્ય છે.

લક્ષ્યથી અલક્ષ્ય ઉપર જવાય, અપરાથી પરામાં જવાય.

o

Subjective knowledge = પરાવિદ્યા.

objective knowledge = અપરાવિદ્યા.

## ઓંકારના ૬ અર્થ

અ કાર, ઉ કાર અને મ કાર તથા
સૂક્ષ્મ ધ્વનિ - એ સર્વ મળીને ઓંકાર બને છે.

(૧) અકાર બ્રહ્મા, ઉકાર વિષ્ણુ, મકાર શિવનું રૂપ છે અને ધ્વનિ એ સ્વયં ઈશ્વરનું રૂપ છે.

(૨) અકાર પૃથ્વી, ઉકાર અંતરિક્ષ, મકાર સ્વર્ગલોક અને ધ્વનિ એ સાક્ષાત ઈશ્વરનું રૂપ છે.

(૩) અકાર ઋગ્વેદ, ઉકાર યજુર્વેદ અને મકાર એ સામવેદરૂપ છે તથા ધ્વનિ એ સાક્ષાત ઈશ્વરરૂપ છે.

(૪) અકાર જાગ્રત, ઉકાર સ્વપ્ન અને મકાર સુષુપ્તિ અવસ્થા છે તથા ધ્વનિ તુરીયાવસ્થા - ઈશ્વરસ્વરૂપ છે.

(૫) અકાર વિશ્વરૂપ, ઉકાર તૈજસરૂપ અને મકાર પ્રાજ્ઞરૂપ તથા ધ્વનિરૂપ સાક્ષી સ્વયં ઈશ્વરરૂપ છે.

(૬) અ = વિરાટ, ઉ = હિરણ્યગર્ભ, મ = પ્રકૃતિરૂપ તથા ધ્વનિરૂપ બ્રહ્મ એ સ્વયં ઈશ્વરરૂપ છે.

એ રીતે ઓંકારના અર્થના ચિન્તનપૂર્વક સ્થિરચિત્ત થઈ ઓંકારનું ઉચ્ચારણ ઉભય સંધ્યાએ કરવું, તેનાથી મન ઉપર પૂર્ણ નિયંત્રણ આવે છે તથા ધ્યાન વધતાં ધ્યેયની જાગૃતિ થતી જાગરણ થાય છે.

જેમ નામના ઉચ્ચારણથી તે નામધારી પુરુષ સમીપ આવે,
તેમ ૐકારના ઉચ્ચારણથી
ઈશ્વરની સમીપતા અને ચિત્તની પ્રસન્નતા થાય છે.
પ્રભુના સાંનિધ્યથી ભગવંતના સર્વ વિઘ્નો - દોષો દૂર
થાય છે અને સર્વ કામનાઓની શીઘ્ર સિદ્ધિ થાય છે.
જો ભગવંત પુરુષ નિષ્કામ હોય, તો
સંસારના સર્વ બંધનોથી મુક્ત બનીને
પરમધામ કૈવલ્યસ્વરૂપ અવિચળ મોક્ષને શીઘ્ર પામે છે.
આત્મા સિવાય બીજો કોઈ પદાર્થ
આત્માનો ઉપકાર કરી શકતો જ નથી.
જગતને અને જગતની લાલચને
આપણે સૌ થોડાં થોડાં - મહત્ત્વનું જોઈએ છોડીએ.
નિર્વેદી કેવળ શાસ્ત્રજ્ઞાનથી નહિ પણ અનુભવજ્ઞાનથી છે.
અસંખ્ય કાળનાં કર્મો અંતર્મુહૂર્તમાં નાશ પામે છે, માટે
કર્મનો દોષ કાઢવો નહિ. આત્માની ઓળખાણ થાય તો
કર્મ નાશ પામે. આત્માનો સ્વસંવેદન પ્રત્યક્ષ જ્ઞાન વડે
અનુભવ કર્યા વિના કોઈને પણ સમ્યક્ત્વ થઈ શકે
નહિ, એ વાતને લક્ષમાં રાખીને પ્રયત્ન કરવો જોઈએ,
તે વિના જન્મમરણનો અંત કદી આવી શકતો નથી.

સ્વપરને જુદા પાડનાર અને જોડનાર જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન.

પુદ્ગલ માંથી જુદા પાડનાર અને
જ્ઞાનાત્માની સાથે જોડનાર જ્ઞાન - તે જ્ઞાન છે,
તે સિવાયનું જ્ઞાન તે ભાર છે. કોઈપણ અલ્પ ભૂલ કે
ગુણ સ્મૃતિમાંથી ચાલી ન જાય, ત્યારે મહાકલ્યાણ થાય.
ભૂલ એ ગર્હા રૂપે અને ગુણ એ અનુમોદના રૂપે
હૃદયપટ ઉપર કાયમ માટે અંકિત રહેવા જોઈએ.

આત્મઉપયોગ એ કર્મથી છૂટવાનો ઉપાય છે.

નિઃશંકતાથી નિર્ભયતા - નિર્ભયતાથી નિઃસંગતા પ્રાપ્ત થાય.

'આત્મા અવિનાશી છે'
એ વિચાર આપણામાં નિર્ભયતા લાવે છે.

સર્વાત્મમાં સમદૃષ્ટિ ધારણા કરો.

સંકલ્પ - વિકલ્પ તે જ અહં - મમબુદ્ધિ

દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્માદિ પુદ્ગલ દ્રવ્યોમાં
સ્વપણાની કલ્પના કરવી, તે સંકલ્પ છે અને
જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ માલુમ થવો, તે વિકલ્પ છે.
આ સંકલ્પ - વિકલ્પ કહો કે અહં - મમ બુદ્ધિ કહો,
તેનો ત્યાગ સ્વદ્રવ્યનો આશ્રય લઈ તેમાં એકત્વ થવાથી
અને પરદ્રવ્યનો આશ્રય છોડવાથી જ થઈ શકે છે.

અધોગતિમાં પડતાં રોકે તે ધર્મ બે પ્રકારનો છે:
વ્યવહાર ધર્મ તે દયા અને નિશ્ચયધર્મ એટલે
આત્માને આત્મભાવે ઓળખવો અને તેમાં રહેવું તે.

## દયાના ૮ પ્રકાર

દ્રવ્યદયા, ભાવદયા, સ્વદયા, પરદયા,
સ્વરૂપ, અનુબંધ, વ્યવહાર અને નિશ્ચય.

આત્માને સ્વસ્વભાવમાં સ્થિરતા કરી રાખે,
પરભાવમાં ન જવા દે, તે નિશ્ચયધર્મ રત્નત્રયસ્વરૂપ છે.
સર્વ દુઃખક્ષયનો ઉપાય = કેવળ અંતર્મુખ થવાનો માર્ગ.
શાંતરસગર્ભિત શાસ્ત્ર તે સત્શાસ્ત્ર છે.
નવે તત્ત્વો જ્ઞેય છે, માટે તેનું જ્ઞાન કરવું જોઈએ.
તેમાં આશ્રય લેવા માટે સર્વદા ઉપાદેય
પોતાનો ત્રિકાળ જ્ઞાયક સ્વભાવમય જીવ છે અને તેને
પ્રગટ કરવા માટે ઉપાદેય સંવર - નિર્જરા - મોક્ષ છે.
આત્મા સિવાય કોઈ દેવ - કોઈ ચમત્કારિક પદાર્થ નથી,
તેમાં કારણ જ્ઞાનગુણ છે.
જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યો પણ તેથી
રૂડું થયું નહિ. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ
વ્યતીત કરવામાં જશે, તો અનંતભવનું સાટું વળી રહેશે.

## વર્તમાન સમય એટલે શું?

'ભૂતકાળ એ વર્તમાનમાં કારણરૂપે અને
ભવિષ્યકાળ એ વર્તમાનમાં કાર્યરૂપે રહેલો છે'
એમ જાણવું તે સર્વજ્ઞતાનો જ એક આંશિક પ્રકાર છે.

એક સમયમાં સર્વજ્ઞને ત્રિકાળજ્ઞાન -
છતાં પણ વર્તમાન સમય તો એક જ છે.

પૂર્વ - પશ્ચાત્ હોવાપણું જેવું ન હોય,
તેવું મધ્યમાં પણ હોવાપણું ન હોય, એ સિદ્ધાંત છે.

વસ્તુ વસ્તુરૂપે કાયમ રહી રૂપાંતર પામે છે.

આત્મામાં કષાયરહિતપણું થયા પછી જ
ઉપયોગનું એક સમયવર્તીપણું હોય છે.

જેને એક પ્રદેશનું, એક પરમાણુનું તથા એક સમયનું
જ્ઞાન થાય, તેને કેવળજ્ઞાન થયું છે, એમ સમજવું.

પદાર્થમાત્ર જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે પ્રવર્તે છે, કેમકે
જ્ઞાનીએ પદાર્થના જેવા ધર્મ હતાં - તેવા જ કહ્યાં છે.

નિજસ્વરૂપને વિષે દૃષ્ટિ દે, પછી
સમસ્ત સૃષ્ટિ સેવકપણે તારે વિષે દેખાશે.

આત્મપરિણામનું વિભાવપણું -
તે જ હાનિ અને તે જ મુખ્ય મરણ છે.

## સર્વ દુઃખ મટાડવાનો ઉપાય શો?

નિર્વિકલ્પ એવું આનંદ સ્વરૂપમાં અભિન્ન જ્ઞાન સિવાય સર્વ દુઃખ મટાડવાનો અન્ય કોઈ ઉપાય છે નહિ.

એમ આત્માએ વિચારે, તે સાર્થ.

લોકસંજ્ઞા જેનો ધ્રુવ કાંટો છે, તે ગમે તેવો શ્રીમંત કે સત્તાધારી હોય, તો પણ દુઃખી જ છે. આત્મજ્ઞાન જેની જિંદગીનો ધ્રુવ કાંટો છે, તેને તો નિરંતર શાંતિ છે. આત્મા તથા એની શક્તિની આડે આવનાર વિભાવ છે, તેને ટાળવો એ જ આપણું ધ્રુવ ધ્યેય રહેવું જોઈએ.

સંકલ્પ - વિકલ્પ મૂકી દેવા, તેનું નામ 'ઉપયોગ'.

માત્ર જ્ઞાનમાં જ એકાગ્રતા - એકતા કેળવવા.

અનુભવ તે ટોપરાપણું, અનુમાન તે માપણા.

આત્મા અનુભવગોચર છે.

આત્મા સ્વસંવેદનસિદ્ધ છે, અત્યંત પ્રગટ છે.

લોકનું માહાત્મ્ય ઘટીને

જ્ઞાનનું - આત્માનું માહાત્મ્ય વધવું જોઈએ. ઔદારિક કાયા રાખરૂપ છે, કીર્તિની ઇચ્છા નાકના મેલરૂપ છે, પુણ્યનાં લૌકિક સુખ કાકવિષ્ટા રૂપ છે. કષાયનો રસ પુણ્ય - પાપ ઉભયરૂપ છે પણ તેનો રસ કડવો છે.

## નય એટલે? વસ્તુ એટલે?

વસ્તુને જોવાની અનેક દૃષ્ટિ હોય, એને 'નય' કહે છે.
અહીં જેમ અંતિમ શુદ્ધ સ્વરૂપ જોવાની એક દૃષ્ટિ છે,
તેમ એની પૂર્ણ સ્થિતિ જોવાની પણ એક દૃષ્ટિ છે.
પ્રસ્થકનું દૃષ્ટાંત પૂર્ણ કારણને આગળ કરે છે અને
વસતિનું દૃષ્ટાંત સંબંધને આગળ કરે છે.
વસ્તુ પોતાની અંદર જ રહેલી છે, છતાં તે જંબૂદ્વીપમાં,
ભરતક્ષેત્રમાં, અમુક નગર વગેરેમાં રહેલી કહેવાય છે.
વિભાગને પણ 'વસ્તુ' કહેવાય, જેમ કે:
પેટ સામે જોઈને પણ 'આ શરીર છે' એમ કહેવાય.
'શાસ્ત્ર' એટલે શાસ્તા પુરુષોનાં વચનો.
શાતાનો ઉદય પણ જ્ઞાનીઓને અંતરદાહ રૂપ છે,
અશાતા બાહ્યાંતર ઉભય દાહરૂપ છે.
અંતર માનસિક અશાતાને જાણવા સૂક્ષ્મ દૃષ્ટિ જોઈએ,
બાહ્ય શારીરિક અશાતા સ્થૂલ દૃષ્ટિથી પણ જાણી શકાય છે.

ઉપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર,
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર. ...(૧)
જિનપદ - નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ,
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ. ...(૨)

જ્યારે ત્રિકરણશુદ્ધિ થાય છે,
વિઘ્નો નાશ પામે છે, ઉપરાંત ઇષ્ટની સિદ્ધિ થાય છે.
જ્યારે નામનિક્ષેપ, પ્રતિમાથી સ્થાપનાનિક્ષેપ
અને શાસ્ત્રાલેખનથી ભાવનિક્ષેપે ભક્તિ થાય છે.
અનુમોદનાથી કર્તવ્યબુદ્ધિ - ઉપાદેયબુદ્ધિ સ્થિર થાય છે.
દુષ્કૃતની ગર્હાથી પાપમાં હેયબુદ્ધિ અને
શરણાગમનથી બાબતોમાં આધારબુદ્ધિ છૂટી જઈને
અરિહંતાદિમાં ત્રાણ, શરણ, આધારબુદ્ધિ સ્થિર થાય છે.
મંગલદેવતાઓની પૂજા કરવી, સત્કાર્યનું અવશ્ય કરવું,
અસત્‌નું નહિ. આવી વિચારધારા એ આભિગ્રહિક
મિથ્યાત્વ નથી. આવો જીવ અશુદ્ધ દેવાદિની પૂજા પણ
કરે, તો તે તત્ત્વવિરોધ ન હોવાથી પ્રગતિનું ચિહ્ન છે.
સુખમાં ડગવાનો ગુણ છે, એ એક કેફ છે.
સુખ એ મોહરાજાનો જાસૂસ છે.
દુઃખની માત્રા વધતી જાય છે, તેમ
અલ્પકાળમાં મુક્ત થવાની શક્યતા પણ વધે છે.
બુદ્ધિના વિકાસ પછીનું દુઃખ આંખ ઉઘાડનાર સાધન છે,
ધર્મનો દૂત છે. દુઃખમાં કેવળ જાહોજલાલી કામ આવતું નથી,
જાહોજલાલીની સાથે તપની તાલીમની પણ જરૂર પડે છે.

જ્ઞાનેન્દ્રિય = જ્ઞાનશક્તિ, કર્મેન્દ્રિય = ક્રિયાશક્તિ.
પ્રોફેસર થવા પહેલાં Proficiency - પ્રકૃતિ મેળવવી.
અંદરની પ્રકૃતિ ન પ્રગટે, ત્યાં સુધી બહારની દોડાદોડ
રોકવા જેટલો આત્મનિગ્રહ - સંયમ જરૂર હોવો જોઈએ.
સંયમ = પોતા પ્રત્યે વફાદારી. સંયમ વડે સ્થૈર્ય પ્રકટે છે.
તે માટે solitude & deep meditation અનિવાર્ય.

દ્રષ્ટા બનો, દ્રશ્ય નહિ.

કર્તા બનો, કર્મ નહિ. વિજેતા બનો, વિજિત નહિ.
અંદરના જ્ઞાનને બહાર પ્રકટ કરવું, એનું નામ જીવન.
એ માટે દૃશ્ય જગતમાંથી તદનુરૂપ પદાર્થો પસંદ કરવા,
ગોઠવવા, ઘડવા અને એ દ્વારા પોતાને વ્યક્ત કરવો,
એનું નામ જીવનકલા - ગુલામમાંથી સ્વામી બનવું.
આકર્ષિત લોઢાને બદલે આકર્ષક લોહચુંબક બનવું.
ઈચ્છાનું સંતાન ઈચ્છાને જ સેવે છે. સ્વાર્થ જન્મેલો
સ્વ તરફ જ દોડે છે, એ મોહ - માયાનો અનુચર છે.

આત્મા સિંહ છે, શરીર કીટ છે.
આત્મા શાહ છે, શરીર ગુલામ છે.
આત્મા પુરુષ છે, શરીર પડછાયો છે.
આત્મા અસલ છે, શરીર નકલ છે.

## અત્યધિકાર એટલે...

Self surpassing Excelsior.

સાધુ એટલે મહાત્મા નહિ પણ સાધક.

હૃદય જેમ વધારે કોમળ અને બુદ્ધિ જેમ વધારે તીક્ષ્ણ,
તેમ આક્રમણની અસર વધારે થાય છે.
આખરે લાગણી અને બુદ્ધિ બંને પડદા તૂટીને
મધ્યસ્થ જ્યોત પ્રગટ થાય છે, ત્યારે
ઇંદ્રિયોમાં નિર્બાધ પણ વધારે શક્તિ વધે છે.

જીવન માટે સર્વ શાસ્ત્રો (જ્ઞાન) અને ક્રિયાઓ છે,
પરન્તુ શાસ્ત્રો અને ક્રિયાઓ માટે જ જીવન નહિ.

ચૈત્ય = ચિત્તની ક્રિયા, ધ્યાન, meditation.

કાલ અને કાલાતીતનો વિવેક - ભેદજ્ઞાન કરાવનાર
ભાવ - સંગમ - contact પીડાકારક રહેલ છે.

કૈવલ્ય એટલે ઇચ્છારહિતપણું, કેવળ સ્વીકાર ભાવ.

વિશ્વભાવ એટલે... વૈરાગ્ય નહિ
ચાલુ જમાનાનાં દોષો વગેરેનું નિરીક્ષણ.

સર્જનાર્થ સંગ્રહાર્થ એટલે...
From evolution to involution.

ગુણસ્થાનકઆરોહણમાં સંસાર ક્રમે એ અનિવાર્ય છે.

## વિવેક - વૈરાગ્ય

પ્રશ્ન એટલે બુદ્ધિ નહિ પણ વિવેકબુદ્ધિ કે જેમાંથી પોતાની શક્તિ મેળવે છે, તે પ્રશ્ન યાને વિવેક છે.

વિવેક એ સત્યનો પ્રકાશ છે અને
તેનું કિરણ મનુષ્યહૃદયના ગહન મંદિરમાં જડાયેલું હોઈ
'મહારાજ ભગવાનનું પ્રતિબિંબ છે'
એવું દર્શન સાધકને કરાવે છે.

'મહારાજ એ દાઢીધારી નહિ પણ મનુષ્ય દેહમાં કેન્દ્રિત થયેલું ચૈતન્ય તત્ત્વ છે' એવું ભાન આપણને વિવેક કરાવે છે.

સાધનાની ક્રિયા એટલે ઇચ્છામાંથી તૃપ્તિ, અપ્રવૃત્તિમાંથી પ્રવૃત્તિ અને બંધનમાંથી મુક્તિ માટેનો સજાગ ચલાવેલો - સતત પ્રયત્ન. વિવેક = આત્મભાન. વિવેક = પ્રભુનું તેજ. યોગ = જોડાણ અથવા સંબંધ. સ્થૂળ શરીર એ જાગૃત, સૂક્ષ્મ શરીર એ સ્વપ્ન તથા કારણ શરીર એ સુષુપ્તિની અવસ્થા: મહારાજની યાત્રામાં માલિક 'હું' જાગી જતાં ચોર 'હું' ભાગી જાય છે. સ્થૂળ શરીરને સત્ કર્મ વડે, સૂક્ષ્મ શરીરને સત્ વિચાર દ્વારા અને કારણ શરીરને અનાસક્ત બની મુક્ત કરવા માટે નીતિ - નિયમો, વિધિ - નિષેધો ઘડાયેલા છે.

સાક્ષી અને સ્વયં પ્રકાશ આત્મા એ જ ભગવાન છે.
વિવેક એ બધા પ્રકારના અભ્યાસનો પરિપાક છે,
વિવેક એ તો સત્યની જ્યોત છે.
સંત, ઋષિ કે મુનિ વગેરે તો મૂર્તિમંત વિવેક જ છે.
વાસનાઓ એ અસત્યનો ખોરાક છે.
વાસનાઓ શાંત થતાં જે બાકી રહે છે, તે જ સત્ય છે,
તે જ સુંદર છે અને તે જ અનંત - નિર્વિકલ્પ છે.
બધી ગતિની ગતિ શરણાગતિ છે.
વિચારવંત મનુષ્ય સજાગ વિવેક એ વાત સ્પષ્ટ કરી દે છે કે 'પોતે શરીર નથી' અને આત્મશોધની યાત્રા તરફ એને વાળે છે. વિવેક વડે મન પ્રકાશિત ઉઠતાં વાસનાનો અંધકાર અલોપ થઈ જાય છે.
વૈરાગ્ય એ વિવેકનું સૌ પ્રથમ ફૂલ છે.
સાચો વૈરાગ્ય મનુષ્યને સ્થૂલ - સૂક્ષ્મ - કારણદેહ પર લઈ જઈ આંતર જીવનમાં પ્રવેશ કરાવે છે અને બાહ્ય જીવનને પણ તેજસ્વી તથા સુંદર બનાવે છે.
V. Imp. વૈરાગ્યનું માપ શું?
ભોગ કરતાં ભોગવનારની કીમત વધુ આંકવી તે.
વાસના એ અહંનો ખોરાક છે.

સર્જક શક્તિ વાસનાના નિયંત્રણમાં નહિ,
પરન્તુ વાસનારહિત અવસ્થામાં વહે છે.
વાસનાને લીધે સર્જન શક્તિ વેરવિખેર થઈ જાય છે.
વાસના શાંત થતાં અંતઃ આલોક પ્રગટ થઈ જાય છે અને
દિવ્ય જીવનનાં દ્વાર ખુલ્લા થાય છે.
રાત પછી આવતાં દિવસની જેમ
વૈરાગ્ય પછી જરૂર સફળતા પ્રાપ્ત થાય છે.
વૈરાગ્ય એ સફળતાની ચાવી છે.
વાસનામાં જીવેલા સો વર્ષ કરતાં
વૈરાગ્યમાં ગાળેલી એક ક્ષણ પણ વધુ મહત્વની છે.
ભોગની વસ્તુઓનું ચિન્તન ભોગવવા કરતાં પણ
વધુ ખરાબ છે. સેવા વડે જગતના ઋણો પૂરા કરવા અને
પોતાના કહેવાતાં ઋણોનો ત્યાગ કરવો,
એ વૈરાગ્યનું પહેલું પગથિયું છે.
જે મનુષ્ય જગતની પાસે ઋણ - દાવો કરે છે, તેણે
પોતાના સુખ અને સંતોષનો આધાર જગતની દયા
ઉપર છોડવો પડે જગતની તાબેદારી સ્વીકારી લેવી
પડે છે, સત્ય અને મુક્ત જીવન તેનાથી દૂર છે.
વાસનારહિત થતાં સાધક બધા બંધનોથી છૂટી જાય છે.

## કર્મનું વિજ્ઞાન

કર્મ કરવા છતાં જો તે નિષ્કામભાવથી હોય, તો કર્મ-બંધ થતો નથી અને થાય તો તે પુણ્યાનુબંધી હોય છે. કર્માનુસાર અનુકૂળતા - પ્રતિકૂળતા પ્રાપ્ત થાય. દરેક મહાપુરુષો પ્રતિકૂળતાને પચાવી મહાપુરુષ પદે પહોંચ્યા છે. આપણું ભાવિ સુધારવું હોય, તો મહાપુરુષોને પંથે ચાલી, પ્રતિકૂળતાને આવકારી, ચારિત્ર્યશુદ્ધિનું સેવન કરો. ચિંતા, ભય, નિરાશા, શોક, ક્રોધ, ચીડીયાપણું, અસંતોષ, બાળકના જિદ્દી થવાનો સ્વભાવ, માણસોનો દ્વેષ વગેરે વિકારો અપ્રસન્નતાને જન્માવે છે. એ અધર્માચરણનો ત્યાગ કરીને, ધર્માચરણથી ચારિત્ર્યશુદ્ધિ દ્વારા ધર્મનો એકડો ઘૂંટ્યા કરો. સ્વાર્થી લોકોના ભાવમાં ન ફસાઓ.

## હેમ અને રત્નો કમાવા છે ?

કાયાથી થતો ધર્મ એ માટીમાંથી સોનું મેળવવાનો કીમિયો અને મનમાં થતાં શુભ વિચારો તથા ભાવોથી થતો ધર્મ એ તો રેતીમાંથી રત્નો ઉપાર્જન કરવાનો વેપાર છે.

## શુદ્ધ ભાવથી નમસ્કાર કરીએ...

કૃતજ્ઞતા બુદ્ધિથી નમસ્કાર - ગુણાધિક પ્રત્યે વિનય-નમ્રતાપૂર્વક પ્રમોદ તથા તેમની અભિવ્યક્તિ.

'ભાવના' એટલે સમતાલ શ્વાસમાં
એકની એક વાત ફરી ફરી દોહરાવવી, ભાવવી, વિચારવી.
કોઈ સ્થિર આસને બેસીને શ્વાસની સાથે એકરસ થવું.
શ્વાસ સૂક્ષ્મ થતાંની સાથે ભાવનામાં પ્રવૃત્ત થવું.
જ્યાં સુધી અપેક્ષા છે, ત્યાં સુધી અશાંતિ રહેવાની જ.
પૂર્ણ નિરપેક્ષ જીવને જ શાંતિ મળે.

માનવનું હૈયું કદી બાળશો નહિ, કારણકે
માનવનું હૈયું તો પ્રભુનું મંદિર છે,
તેને બાળવાથી મંદિર બાળવા જેવું પાપ થાય છે.

માનવી સાધુ બને તો સારું છે, પરન્તુ
સીધો બને તો ય ઘણું છે.

સદ્‌બુદ્ધિનું દાન ભગવાન કરે છે. સત્કર્મ કરતી વખતે
વિચારવું કે: સત્કર્મ કરવાની બુદ્ધિ પ્રભુ આપે છે,
નહીં તો સત્કર્મ કર્યા પછી અહં વધી જાય.
ભગવાન ભૂલાય તો સમજી લેવું કે સત્કર્મ થયું નથી.
જેના જીવનમાં છળકપટ નથી,
તેનું જીવન મિશ્રી યા સાકર જેવું મધુર છે.
જીવને માન આપવાથી મધુરતા આવે. બધાને માન આપો.
કોઈનું અપમાન ન કરો તો તમારું જીવન મધુર બને.

સદ્‌ગુરુ શિષ્યને સંપત્તિ કે સંતતિ આપતા નથી પણ
સદ્‌ગુરુ શિષ્યને સન્મતિ અને સદ્‌ગતિ આપે છે.
પ્રભુનું સ્મરણ એ સંપત્તિ છે, વિસ્મરણ એ વિપત્તિ છે.
પ્રભુને સતત યાદ નહિ કરો તો કામ, ક્રોધ અને
મદ જેવા અનેક પાપો લઈને તમે ઘેર આવશે.
શબ્દશક્તિ અચિન્ત્ય છે - અસીમ છે, અનેકગુણવિધા.
આપણા સૌનો પરમગુરુ આપણા ભીતર સદૈવ બેઠેલો છે.
એ પરમાત્મા પાસેથી પ્રેરણા મેળવી શકાય છે.
'ખુદ હિ કો મિટાયે બિન, ખુદા નહિ મિલતા.'
ધર્મમાં સ્વર્ગજનકત્વ ઉપેક્ષણીય છે અને મોક્ષજનકત્વ
ઉપાદેય છે. 'અધ્યાત્મ'નો અર્થ છે પરસ્પર અનુરાગ.
સ્વાતંત્ર્યનો આરંભ આત્મદૃષ્ટિ થકી છે.
આનંદનો ઉદ્‌ગમ અભેદદૃષ્ટિ છે, એથી સત્ય વિકસે છે.
સત્યનો વિજય એ જ સ્વત્વનો વિજય.
આત્મતત્ત્વ સનાતન છે, છતાં તે નિત્યનૂતન છે.
ધન્ના તે જીવલોએ, ગુરવો નિવસંતિ જસ્સ હિયયંમિ।
ધન્નાણ વિ સો ધન્નો, ગુરૂણ હિયએ વસઇ જો ઉ ॥
જેના હૃદયમાં ગુરુ વસે છે, તે જીવલોકમાં ધન્ય છે,
પણ જે ગુરુના હૃદયમાં વસે છે, તે ધન્યાતિધન્ય છે.

શ્રી નવકારની આરાધના = આત્મભાવની આરાધના.

શ્રી નવકારના જાપજન્ય તરંગો હૃદયરૂપી ગગનમંડળમાં
અતિગંભીર, સ્થિર અને શુભ વાતાવરણ સર્જે છે.

વિશ્વના ગૂઢતમ રહસ્યોની ચાવીઓ નવકારમંત્રમાં છે.

તેના આરાધકમાં દ્રવ્ય - ભાવ ઉભય સંયમ જોઈએ.
આહારનો સંયમ = હિત, મિત, પથ્ય, નીતિપૂર્વકનું ભોજન.
વિચારનો સંયમ = સ્વાર્થ, હિંસા, વિષયના વિચારોનો નિરોધ.
ઉભય સંયમ આવશ્યક જ નહિ બહુ અપરિહાર્ય છે.

શ્રી નવકાર આત્માની નજીક લઈ જનારો મંત્ર છે.
તે સર્વ પાપનો નાશ કરનાર અક્ષરમંત્ર છે.

શ્રી નવકાર શાશ્વત સુખ આપનાર પરમ મંત્ર છે.
તેની પાસે સંસારના તુચ્છ સુખો ઈચ્છવા, તે
ભર્યા ભાણે ભૂખ્યા ઉઠવા જેવું અથવા
ચક્રવર્તી પાસે જઈ એક નવા પૈસાની ભીખ માંગવા જેવું છે.

સર્વવિરતિધર પંચ પરમેષ્ઠિઓ પાસે
નાશવંત સુખોની માગણી એ ગિરિશિખરનો ટોચ ચઢ્યા
પછી તળેટી અથવા ખીણમાં ગબડવા જેવું છે અથવા
સમ્રાટ પાસે જઈ શિરચ્છેદનો પ્રસ્તાવ મૂકવા સરખું છે,
નંદનવનમાં જઈને કેરડાંના ફૂલની શોધ કરવા સમાન છે.

શ્રી નવકારમંત્ર દ્વારા પરમારાધ્ય શ્રી
પંચ પરમેષ્ઠિ ભગવંતો સાથે જે એકરૂપતા સધાય છે,
તે અહં તથા મનની ક્ષુદ્ર વૃત્તિઓને ઓગાળી નાંખે છે.
અહં - મન અને રાગ - દ્વેષની વૃત્તિઓથી મુક્ત થવું,
એ જ શ્રી જિનેશ્વરોની આજ્ઞા છે. શ્રી નવકાર
મંત્રની આરાધના દ્વારા તે આજ્ઞા સિદ્ધ બને છે.
નવકારની સાધના આત્માને ૯ નવગ્રૈવેયક પર્યંત અને
ભવાને ચૌદ રાજલોકના અગ્ર ભાગે લઈ જાય છે.

કર્મની, દુ:ખની, પાપની, જન્મની અને મરણની
પરંપરાને તોડવા માટે નવકાર મંત્ર છે, નહિ કે કર્મ,
દુ:ખ, પાપ, જન્મ કે એક જન્મના જ મરણને તોડવા માટે.

શ્રી નવકાર કર્મના અનુબંધને તોડે છે.

નવકારમાં ઓંકારરૂપે રહેલા છે - બિરાજમાન છે...
વિશ્વની પંચ પરમેષ્ઠિમય સર્વશ્રેષ્ઠ મહાશક્તિ.

મનગમતી ચીજને સૌ કોઈ નમે છે.

પ્રત્યેક પ્રાણી સ્વરૂપે કોઈને ને કોઈને નમતા જ રહે છે,
પરન્તુ તે નમસ્કાર કેવળ જડ પદાર્થો કે ઐહિક સુખો
પ્રત્યે હોય છે, તેથી ભવબંધન વધારે છે અને કર્મ-
સત્તાના ગુલામ બનાવી આત્મસ્વાતંત્ર્યથી અળગા રાખે છે.

નમસ્કાર એટલે રુચિ, પ્રેમ, અંતરંગ બહુમાન.

પરમેષ્ઠિ નમસ્કાર આત્મા અને આત્માના ગુણોને ઉદ્દેશીને થતો ઔપચારિક આત્મસ્વાતંત્ર્ય બક્ષે છે, કર્મના દાસત્વમાંથી મુક્ત કરે છે, ભવભ્રમણનો નાશ કરે છે તથા અવ્યાબાધ સુખને સમર્પે છે.

'ણમો'ના છેલ્લા અક્ષરને ઉલટાવવાથી
'ૐ નમઃ' - એ ધનુષ્ય બન્યું.

'નમઃ' પ્રકૃષ્ટ સ્તુતિ-પરમસ્તુતિરૂપ ઔપચારિક પ્રણામરૂપ છે. પ્રણામરૂપી ધનુષ્ય ઉપર મનરૂપી બાણ ચઢાવીને જો અરિહંતરૂપી લક્ષ્યને વીંધવાની ક્રિયાને સફળતા લાવી જો કરાય, તો આત્મા તાણાં રૂપી તન્મયતાને પામે છે. ધનુષ્ય નમનનું પ્રતીક છે, બાણ વિજયનું પ્રતીક છે.

મનસ્‌ને ઉલટાવવાથી નમસ્ બને છે.
મનસ્ એ ઇંદ્રિયાભિમુખ મન છે.
તેને નમસ્ વડે પરમાત્માભિમુખ બનાવાય છે.

નમઃ પદનો પુનઃ પુનઃ જાપ
જીવને ભોગી મટાડીને યોગી બનાવે છે,
સંસારી મટાડી સિદ્ધ તથા જીવ મટાડી શિવ બનાવે છે.
બે અક્ષરનું મન બે અક્ષરના નામ વડે વશ થાય છે.

# શ્રી નમસ્કાર મહામંત્રના પ્રથમ પદનો અર્થ

'નમો' = હું અયોગ્ય છું, તે યોગ્ય થવા માટે નમું છું.

'अरिहंताणं ।' એટલે...

તમે સર્વોત્તમ યોગ્યતાવાળા છો અને

અયોગ્યને પણ યોગ્ય બનાવનારા છો, માટે હું નમું છું.

'ન' સૂર્યવાચી અને 'મો' ચંદ્રવાચી છે.

સૂર્યરૂપી આત્મામાં ચંદ્રરૂપી મન વિલીન થાય છે,

ત્યારે अहं તે अर्हं બની જાય છે અને

अरहं પોતે ત્રાણરૂપ બની જાય છે.

મનને આત્મામાં વિલીન કરવાની ક્રિયાનું નામ 'ણમો' છે.

'ણમો' એ મનનું ત્રાણ, શરણ તથા આશ્રયસ્થાન છે,

મનરૂપી હંસને વિશ્રાંતિ લેવા માટે કમળની શ્રેણી છે.

મનનું આત્મામાં વિલીન થવું એટલે...

આત્માકાર બની જવું ઉપરાંત

સંકલ્પ-વિકલ્પરહિત થવું, નિર્વિકલ્પ ચિન્માત્ર બની જવું.

મનની સઘળી ક્રિયા છોડાવીને તેને

સઘળી ક્રિયામાં જોડવા માટે 'ણમો' પદ સમર્થ બને છે.

'ણમો'માં ૐ अरहंવાચક તથા 'ણમો' ત્રાણવાચક છે.

'ણમો ओं अरहं તાણં ।'

## અરિહંત નમસ્કારથી સાધકના આત્મામાં
## એવા પરમ - પવિત્ર બુદ્ધિ પ્રગટે છે કે:

અયોગ્ય અને અપાત્ર એવા મારા આત્માનો આજ દિવસ સુધીનો વિકાસ યોગ્ય એવા અરિહંત પરમાત્માએ વડે જ કરાયો છે અને હવે પછી પણ મારામાં રહેલી અયોગ્યતાને દૂર કરી જીવનમાં પાત્રતાને વિકસાવવા આપનાર અરિહંત પરમાત્મા જ છે, તેથી તેઓ જ મારા માતા, પિતા, બંધુ, નેતા, દેવ, ગુરુ, ધર્મ, મિત્ર તથા ત્રાણ, સત્તા, તત્ત્વ, ગતિ અને મતિ પણ તેઓ જ છે. તેઓ જ સેવવા લાયક, નમવા લાયક, ભજવા લાયક, પૂજવા લાયક તથા ધ્યાન કરવા લાયક છે.

નમસ્કાર વડે પરમાત્માના ચરણોમાં સર્વસ્વનું સમર્પણ થાય છે, તેથી સ્વ પાત્રતાનો વિકાસ સરળ બને છે. આ મંત્ર જીવનવિકાસનો મંત્ર છે, તે કામધેનુ સમાન છે. જીવનનો વિકાસ થતાં સર્વોત્તમ પાત્રતા પ્રગટે છે અને પાત્રતા પ્રગટતાં સર્વ સંપત્તિઓ આવી મળે છે. અધોમુખ પાત્રમાં ગમે તેટલી વૃષ્ટિ પણ નકામી જાય છે, સન્મુખ થયેલું પાત્ર જ પાણીને ગ્રહણ કરી શકે છે. સન્મુખ પાત્ર પણ જેટલું વિશાળ, તેટલું વધારે ગ્રહણ કરે.

'નમો' મંત્ર એ પાત્રને સન્મુખ બનાવે છે અને
'અરિહંતાણં।' એ પાત્રને સાગર જેટલું વિશાળ બનાવે છે.

નમો + અરિહં + તાણં ।

નમો વડે યોગ્યતા અને યોગ્યતા વડે રક્ષણ.
નમો વડે દુષ્કૃતગર્હા, અરિહં વડે સુકૃતાનુમોદના,
તાણં વડે શરણાગમન થાય છે.
અરિને હણનારા, યોગ્યતાને આપનારા અને
તે વડે રક્ષણને કરનારા અરિહંત ભગવંતો છે.

આણં + તાણં + પમાણં એટલે...
'આજ્ઞા એ જ રક્ષણ કરનાર છે'
એ વાત મને પ્રમાણ છે, પરિપૂર્ણ રીતે માન્ય છે.
આજ્ઞા જીવીને આત્મતુલ્ય ગણવાની - એ રીતે વર્તવાની છે.
નમો પદથી સ્વીકાર કરાય છે કે 'તે મને પ્રમાણ છે.'
'નમો'નું ઊલટું રૂપ 'ઓં ન' થાય છે.
'ઓં' એ પ્રભુનો સ્વીકાર અને 'ન' એ
સંસાર - સ્વાર્થ - મોહનો નિષેધ, એ અર્થમાં ઘટે છે.
નમન ભાવ વિના માનસિક ભેદભાવ ન ટળે અને
એ ન ટળે, ત્યાં સુધી અહંકાર - મમકાર ન ઓગળે.
અહંકાર - મમકારનું ઓગળવું, એ જ ભેદભાવનું ટળવું.

## નવકારના નવે પદો શેના પ્રતીક છે?

નવકારના પ્રથમ પાંચ પદો ચારિત્રના પ્રતીક છે,
છઠ્ઠું અને સાતમું પદ જ્ઞાનનું પ્રતીક છે તથા
આઠમું અને નવમું પદ શ્રદ્ધાનું પ્રતીક છે.

નવકાર = આત્માનો સ્વીકાર.

નવકાર = નવજીવન આપનાર.

નવકાર = નવનિધિ અને અષ્ટસિદ્ધિ દેનાર.

નવકાર = જુનું કાઢી - નવું કરનાર અર્થાત્
ચાર ગતિ જુની છે, પંચમી ગતિ નવી છે, તેને આપનાર.

નવકાર = સાચી સ્વતંત્રતા આપનાર અર્થાત્
સ્વ = આત્મરાજ્ય આપનાર, આઝાદી - આબાદીને દેનાર.

નવકાર = મિથ્યાત્વ જીવનનો ત્યાગ કરાવી
નવું જીવન અર્થાત્ સમ્યક્ત્વ જીવનને આપનાર.

## શ્રી નમસ્કાર મહામંત્ર શાથી અત્યંત આદરણીય?

સંસારની કોઈપણ વસ્તુ ઉપર શ્રદ્ધા નહિ હોય, તો ચાલશે પણ સંસારથી પર એવા પરમેષ્ઠિઓ ઉપર, તેમની તારકતા ઉપર, નમસ્કાર મંત્ર ઉપર જો શ્રદ્ધા નહિ હોય તો નહિ ચાલે. આ મંત્ર પંચ પરમેષ્ઠિઓની તારકતાનું સતત ભાન કરાવે છે, તેથી અત્યંત આદરણીય છે.

અર્હંતઃ શરણં સન્તુ સિદ્ધાશ્ચ શરણં મમ ।
શરણં જિનધર્મો મે સાધવઃ શરણં સદા ॥૨॥
દ્વાદશાંગનો સાર નવકાર, તેનો સાર મનોગુપ્તિ.

આત્મદર્શન આપે શિવસુખ

જીવને જીવરૂપે કદી ય ન ઓળખી - ન આવકારી શકે.
આત્મદર્શનને સાધવા 'નમો' એ અદ્વિતીય સાધન છે.

અન્ય કયા સ્તોત્રો પણ નવકાર સ્વરૂપ?

નવકાર એ મહામંત્ર છે તથા ઉવસગ્ગહરં, સંતિકરં,
નમિઊણ આદિ સ્તોત્રો પણ નવકાર સ્વરૂપ જ છે.
નવપદોને પણ બનાવનાર અને તેમાં શક્તિ પૂરનાર
એવું આર્હન્ત્ય સર્વવ્યાપી છે, અચિન્ત્ય શક્તિયુક્ત છે.
જેમ શરીરને ટકાવનાર શ્વાસોચ્છ્વાસ છે,
તેમ આત્માને ટકાવનાર નવપદ અને નવકાર છે.

અનાહત નાદની સાથે

સાચો સંબંધ ધરાવનાર પણ નવકાર મહામંત્ર જ છે.
પ્રાણીમાત્ર ઉપર સ્નેહ અને વાત્સલ્ય વરસાવતાં
અરિહંતોને નમસ્કાર કરવાથી નમસ્કાર કરનારમાં મૈત્ર્યાદિ
અપૂર્વ ભાવો જાગે છે, જે સર્વ ભાવો પ્રત્યે સમાનતાનો
ભાવ ઉત્પન્ન કરી સ્નેહસંબંધ બંધાવનારો થાય છે.

નમસ્કારથી મૈત્ર્યાદિ ચારે ભાવોને પોષણ
આત્માનું ભાવમરણ કરનાર ચારે કષાયોનો અંત
એક જ નમસ્કાર વડે આવે છે.

અરિહંતનમસ્કાર ચારે પ્રકારના શુભભાવોને જન્માવે છે તથા મૈત્રીભાવ વિકસાવી ક્રોધકષાયનો નાશ કરે છે.

સિદ્ધનો નમસ્કાર પ્રમોદભાવ વિકસાવી માનકષાયનો નાશ કરે છે, વળી સંતોષગુણને વિકસાવી માધ્યસ્થ્યભાવ દ્વારા લોભકષાયને દૂર કરે છે.

આચાર્ય ભગવંતોને નમસ્કાર કરુણાભાવ દ્વારા સરળતાને વિકસાવીને માયાકષાયનું નિવારણ કરે છે.

ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર માર્દવ - નમ્રભાવ વિકસાવી માનકષાયનો નાશ કરે છે.

સાધુપદ કે જેમાં આચાર્ય-ઉપાધ્યાય-સાધુનો સમાવેશ છે, તેઓને નમસ્કાર માયા - માન - ક્રોધકષાયનો નાશ કરે. સાધુ ભગવંતોને નમસ્કાર મુખ્યત્વે મૈત્રીભાવ વિકસાવી ક્રોધકષાયને દૂર કરે છે. છેલ્લા ચાર પદ માધ્યસ્થભાવ વિકસાવી લોભકષાયનો નાશ કરે છે. પ્રણિધાનપૂર્વક વારંવાર પંચ નમસ્કાર કરવાથી મૈત્ર્યાદિ ચારે ભાવો પરાકાષ્ઠાને પામી આત્માને અજરામર પદ અપાવે છે,

તેથી તે ભાવોને અમૃતની ઉપમા છે.
એ દૃષ્ટિએ નમસ્કાર એ આત્માનો પ્રાણ છે,
પ્રાણીમાત્રનો ભાવપ્રાણ છે, ભાવપ્રાણને પોષનાર છે,
સમગ્ર વિશ્વને સંજીવન કરનાર સ્નેહનું અમૃત છે
અને જીવોના જીવજીવનને વિકસાવનાર છે.
પાંચ પરમેષ્ઠિઓ પાપરહિત છે, એટલે
તેમનો નમસ્કાર આપણને પણ પાપરહિત બનાવે છે.
અશુભભાવોનો વિનાશ કરી શુભભાવોને
ઉત્પન્ન કરવાની શક્તિ તેમાં રહેલી છે.
પાપભીરુતા જેના અંતરમાં પ્રગટેલી છે, તેને નમસ્કાર
ગણવામાં ચિત્તની એકાગ્રતા સહજપણે જ આવે છે.
પાપ એ વાઘ નહિ પણ મહાવાઘ છે,
પાપ એ સાપ નહિ પણ મહાસાપ છે.
વાઘ અને સાપથી ભય પામેલો
જે રીતે બચાવનારનું શરણ શોધે છે,
તેથી પણ અધિક તીવ્રતાથી પરમેષ્ઠિનું શરણ શોધનાર
તેમને નમસ્કાર કરવા ઉદ્યુક્ત રહે છે.
પાપભીરુતા એ નમસ્કારધર્મની યોગ્યતા છે.
પાપમાંથી બચાવે, તેનું નામ 'પરમાત્મા'.

## પરમેષ્ઠિ ભગવંતોનું સ્મરણ શા માટે ?

સિદ્ધ ભગવંતનું સ્મરણ તેમનું અવ્યાબાધ સુખ અને
અનંત ગુણસંપત્તિનું સ્મરણ કરાવી પોતાનાં લઘુતા ભાવ
અલ્પ સુખ અને અલ્પ ગુણના ગર્વનો અંત કરે છે
તથા સિદ્ધ ભગવંતની ભક્તિના પ્રભાવે
પોતાનાં અનંત સુખ પામવાની આશા ઉત્પન્ન થાય છે.
આચાર્ય ભગવંતો - ઉપાધ્યાય ભગવંતો - સાધુ ભગવંતો
દયા અને કરુણાભાવના ભંડાર છે,
તેથી તેમને સ્મરણે નમવાથી માયાશલ્ય નાશ પામે છે.
કરુણાભાવ માયા અને કપટ કરાવી શકતો નથી તથા
ભોગવૃત્તિ સ્વાર્થના કારણો છે,
તે ભોગનો નાશ માધ્યસ્થભાવ કરે છે.
મધ્યસ્થ વૃત્તિવાળો પાપને પાપ - ધર્મને ધર્મ માને છે.
પાપની પ્રશંસા કરતો નથી - ધર્મની નિંદા કરતો નથી.

## ચૂલિકાનું સ્મરણ શું કરે ?

'ધર્મ મંગળ છે, તેથી તેનો સંગ્રહ કરવો જોઈએ,
પાપ દુર્ગતિદાયક હોવાથી તેને ત્યાજ્ય માનવું જોઈએ'
એવા પ્રકારનો મધ્યસ્થભાવ નવકારના
છેલ્લા ચાર પદોનું સ્મરણ કરવાથી આવે છે.

નમસ્કારની ક્રિયા મોક્ષ સધાવે છે, તેમાં
કારણ ભાવશુદ્ધિ અને માર્ગાનુસારિતા રહેલા છે, તે છે.
ભાવશુદ્ધિનું લિંગ માર્ગાનુસારિતા + પ્રજ્ઞાપનાપ્રિયતા છે.
રાગ - દ્વેષ તથા મોહની ઉત્કટતા એ ભાવમાલિન્ય છે,
તેમાં સ્વમતિ અને સ્વબુદ્ધિનો આગ્રહ છે.
એનું નિવારણ ગુણપ્રત્યયપારતંત્ર્ય કેળવવાથી થાય છે.
નમસ્કારની ક્રિયા વડે ગુણબહુમાન કેળવાતું હોવાથી
ગુણપ્રત્યયપારતંત્ર્ય ગુણ વિકાસ પામે છે અને અનુક્રમે
ભાવવિશુદ્ધિનું કારણ બની અંતમાં મોક્ષને સધાવે છે.
માનવજન્મ કરતાં શ્રેષ્ઠતર બીજી કોઈ વસ્તુ નથી.
માનવશરીર એ પરમાત્માની પ્રતિમા છે.
શરીર, વચન અને મનમાંથી આત્માની અનંત શક્તિઓ
વિભાવ અને વરાળની જેમ વ્યર્થ વહ્યા કરે છે, તેને
સમિતિ - ગુપ્તિના પાલન વડે કાબુમાં લઈ શકાય છે.
માનવમન અખૂટ ભંડાર છે,
તેમાં શુભાશુભ સંસ્કારોનો સંગ્રહ થાય છે.
સામગ્રી મળે, ત્યારે તે પ્રકટે છે.
નવકારના જાપથી શુભ સંસ્કારોનો સંચય થાય છે.

°

Man is made in the image of God.

## દુષ્કર એવો મનોયોગ સાધવા શું કરવું ?

મનને સ્થિર રાખવા સ્વાધ્યાય-ધ્યાન ઉત્તમ સાધન છે.
ક્રિયાયોગ અને વચનયોગ સરલ - મનોયોગ દુષ્કર છે.
મનને સારા વિચારોમાં રોકવા માટે સહેલામાં સહેલો
ઉપાય પંચ પરમેષ્ઠિનો જાપ છે, તે સ્વાધ્યાય અને
ધ્યાન સ્વરૂપ બનીને મનઃસ્થૈર્યમાં ઉપકારક થાય છે.
આત્માના અધ્યવસાયો અરૂપી છે, ચૈતન્યસ્વરૂપ છે.
સત્ક્રિયાથી મનની શુદ્ધિ થાય, વળી અધ્યવસાયો સુધરે
તથા અધ્યવસાયો સુધરવાથી સ્વભાવનું કલ્યાણ થાય છે.

અધ્યવસાયોને મલિનતાથી દૂર કરે, તે મંગલ છે.

લેખન અને ઉચ્ચારણ બેનું સાધન છે.

અધ્યવસાયોની શુદ્ધિ એ ભાવમંગલ છે,
જે સર્વ પાપનો નાશ કરે છે. પાપ જવાથી દુઃખ ટળે છે.

નામ અને આકૃતિની ઉપાસના વડે
મન ઉપાસ્યના આત્મા સાથે સંબંધમાં આવે છે અને
ઉપાસ્યના આત્મામાં રહેલાં ગુણોનું આકર્ષણ કરે છે,
તેથી પોતાના આત્મામાં તે ગુણોનું અવતરણ થાય છે.
અરિહંતોનું તથાભવ્યત્વ પરોપકાર વૃત્તિથી ભરપૂર છે.

તેમની સ્વભાવજન્ય પરોપકારપરાયણતા
અગાધ, અખૂટ, અનંત છે.

## ૩॥ ક્રોડ છિદ્રોવાળું વાજિંત્ર કયું?

કર્મ રૂપી કાયા માળમાંથી બનેલા ૩॥ ક્રોડ છિદ્રોવાળા દેહરૂપી વાજિંત્રમાંથી નવકારના જાપ રૂપી સંગીતનો સુધાપ્રવાહ ચૌદ રાજલોકમાં વ્યાપી જઈને, ત્યાં ત્યાં રહેલાં સર્વ જીવોને તેમના તથાભવ્યત્વાનુસાર શાતા પહોંચાડે છે. ચૌદ રાજલોકના જીવોને થતાં તે શાતાના પરિણામ આ નવકારના આરાધકને બદલામાં મોટી સહાય કરે છે. અરિહંતોની મૂડીથી આપણો ધર્મવ્યવહાર ચાલે છે.

તે ઉપકારનો બદલો વાળવાનું અનન્ય સાધન
આ નવકાર મહામંત્રનું આરાધન છે.

માં ભવાત્, સ્વાર્થાત્, અહંત્વ - મમત્વ - ભાવાત્
ગાલયતિ ઇતિ મંગલં । અર્થાત્:

જીવને ભવથી, સ્વાર્થથી, અહંતા-મમતાથી દૂર કરી આપે, તે પ્રથમ-પ્રધાન-શ્રેષ્ઠ-નિત્ય વૃદ્ધિ પામતું શાશ્વત મંગળ.

અહંત્વને અર્હત્વથી અને મમત્વને સમત્વથી
ગાળી - ટાળી નાખી, દૂર કરી આપે, તે ભાવમંગળ છે.

અર્હત્વ એ સમત્વથી ભરપૂર છે.

સમત્વયુક્ત અર્હત્વનું ધ્યાન જેમાં છે, તે નમસ્કાર અહંત્વ - મમત્વનો નાશ કરી આપે, તે ફલયુક્ત છે.

# અર્હત્વ અને સમત્વનું માહાત્મ્ય

અર્હત્વ પરમાત્મસ્વરૂપતાનો બોધ કરાવે છે અને તે સર્વાત્મસ્વરૂપતાનો બોધ કરાવવા આવે છે. પ્રથમ બોધથી અહંત્વનો નાશ અને બીજા બોધથી મમત્વનો નાશ થાય.

સમત્વ સર્વ જીવો સાથે એકતા સાધવા આવે છે અને
અર્હત્વ એ પરમાત્મા સાથે
પોતાના આત્માની એકતા સાધવા આવે છે.

સમતાથી સંકટ ટળે, મંગળથી મમતા જાય.

મમત્વનો નાશ એ સત્ત્વભાવનો હ્રાસ છે નહિ,
સમત્વનો લાભ એ ભવ્યત્વભાવનો વિકાસ છે.

મમત્વનો નાશ અહંત્વને ઓગાળે છે અને
સમત્વનો વિકાસ અર્હત્વની સાથે સંબંધ કરાવે છે.

અહંત્વ - મમત્વ એ વિજાતીય કર્મદ્રવ્યના સંબંધથી દૂષિત પરિણતિરૂપ છે. અર્હત્વ અને સમત્વની સાધના દ્વારા તેની ક્રમશઃ શુદ્ધિ થતી જાય છે, તેમ તેમ વિજાતીય દ્રવ્યના સંબંધમાં આવવાની જીવની યોગ્યતા ઘટતી જાય છે અને સજાતીય જીવરાશિના સંબંધમાં
આવવાની યોગ્યતા વિકસતી જાય છે.

જ્ઞાન અને ક્રિયા - ઉભય મળીને મોક્ષમાર્ગ બને છે.

## આત્મીયતાનું જ્ઞાન અને તદનુરૂપ

અહિંસા તથા સંયમની ક્રિયા કર્મમલનો હ્રાસ કરીને જીવની મોક્ષગામન યોગ્યતાને વેગ આપે છે. પરમાત્મ પદનું જ્ઞાન + તદનુરૂપ ધ્યાન તે સાક્ષાત મોક્ષને આપે છે.
નમસ્કાર સુખનો ગર્વ તથા દુઃખનો ડંખ ટાળી આપે છે.

## નમસ્કારથી થતાં દાન - શીલ - તપ - ભાવનું માહાત્મ્ય

ધનની સ્વરૂપતા દાનથી, વચનની સ્વરૂપતા શીલથી
તનની સ્વરૂપતા તપથી અને મનની સ્વરૂપતા ભાવથી છે.
શીલથી સદ્ગતિ તથા સન્મતિ ઉભય મળે છે.
દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ (બાહ્યસંયોગો) મમતાનાં ક્ષેત્ર છે.

(૧) દાન કરવાથી દ્રવ્ય સામગ્રીની મમતા ટળે છે,
તેથી ઉત્તમ દ્રવ્યો આવી મળે છે.

(૨) શીલથી અયોગ્ય ક્ષેત્ર ઉપરની મમતા ટળે છે.

(3) તપથી કાળ ઉપર પ્રભુત્વ પ્રાપ્ત થાય છે.
ધર્મની આરાધનાને અનુકૂળ ક્ષેત્ર - કાળ પ્રાપ્ત થાય છે.

(૪) મૈત્ર્યાદિ ભાવોનું આરાધન
શુભ ભાવને સહેજે જગાડી આપે છે.

નમસ્કાર સુખમાં લીન ન થવા દે,
ઉપરાંત દુઃખમાં આપણને દીન ન થવા દે.

સ્વના સુખ - દુઃખની ચિંતા તે આર્તધ્યાન છે અને
સર્વના સુખ - દુઃખની ચિંતા તે ધર્મધ્યાન છે.

જે જીવ સાધારણમાંથી પ્રત્યેકમાં આવ્યો નથી, તે
અવ્યવહાર રાશિનો જીવ હોય અને પ્રત્યેકમાં કોઈપણ
સમયે આવેલ હોય, તે વ્યવહાર રાશિનો જીવ હોય.

તે જીવને બે પ્રકારના ઉપદ્રવો હોય: દ્રવ્ય અને ભાવ.
દ્રવ્ય તે શારીરિક રોગો = ૩।। ક્રોડ x ૨।।। રોગો તથા
ભાવ ઉપદ્રવો તે માનસિક રોગો.

જીવના અસંખ્ય આત્મપ્રદેશે કર્મરોગ હોય છે.

જે દૃષ્ટિથી ગુણ દેખાય, તે સમ્યગ્દૃષ્ટિ.

પ્રભુદર્શનનાં પ્રભાવે ગુણાતિશય મળે છે.

આજ્ઞાપાલન તે બોધિ છે અને
આજ્ઞાપાલન પ્રત્યેનું બહુમાન તે બોધિબીજ છે.

બહુમાનથી મનઃશુદ્ધિ, પ્રશંસાથી વાક્‌શુદ્ધિ, સહાયથી કાયશુદ્ધિ.

'નમો' એ બોધિબીજસ્વરૂપ છે અને
અરિહંતાદિ પદો તે બોધિસ્વરૂપ છે.

અર્થદાનની જેમ અનુકંપા - સન્માન - ક્ષમાનું ય દાન છે.
જીવને સૌથી વધારે સન્માન અને પ્રેમ ગમે છે,
તેથી તેનું દાન સર્વશ્રેષ્ઠ દાન છે.

## સમતા કે Balance of mind પામવાનો ઉપાય

સુખના મૂળ રૂપ પુણ્ય ઉપર રાગ અને
દુઃખના મૂળ રૂપ પાપ ઉપર દ્વેષ છે.
સુખ ઉપર રાગ અને દુઃખ ઉપર દ્વેષ છે,
ત્યાં સુધી સમતાભાવ આવી શકતો નથી.
પોતાના આત્મા સમાન દરેકના આત્માને સમજવા,
એનું નામ પણ સમતાભાવ છે.

વ્યવહાર સમતા એટલે...

વ્યવહારથી પ્રાણીમાત્રનો આત્મા મારા આત્મા સમાન છે.

નિશ્ચય સમતા એટલે...

પ્રાણીમાત્રનો આત્મા નિશ્ચયથી પરમાત્મા સમાન છે.
અન્યના સુખ ઉપર રાગ તથા અન્યના દુઃખ ઉપર દ્વેષ
- એ પણ વ્યવહાર સમતા છે.
એનાથી પુણ્ય બંધાય છે, જેનાથી પાપ નાશ પામે છે.

પૂર્વકૃત કર્મ ઉપર ક્રોધ ક્યારે થાય?

દેહ સાથે સંબંધને તોડીને જીવોના સાથે સંબંધ જોડાશે,
ત્યારે સર્વ જીવો પ્રત્યે આત્મીયતા પ્રગટે છે,
પછી અપરાધી ઉપર ક્રોધ થતો નથી પણ
પૂર્વકૃતકર્મ ઉપર ક્રોધ થાય છે, જે ધર્મધ્યાનસ્વરૂપ છે.

અજ્ઞાનથી થએલ ભૂલ પ્રત્યે કારૂણ્ય અને
અવિનયથી થએલ ભૂલ પ્રત્યે માધ્યસ્થ્ય જોઈએ.

પુદ્ગલથી ભેદનું જ્ઞાન એ ચારિત્રનું મૂળ છે તથા
જીવોથી અભેદનું જ્ઞાન એ સમકીતનું મૂળ છે.

વિષયોથી ચિત્ત ચંચળ બને છે, કષાયોથી મલિન બને છે.
બાહ્ય તપ વિષયો પ્રત્યેનું આપણું આકર્ષણ ઘટાડે છે
તથા અભ્યંતર તપ આપણા કષાયોને નબળા પાડે છે.
વિષયોને જીતવા માટે ભેદજ્ઞાન સહાયક છે અને
કષાયોને જીતવા માટે અભેદજ્ઞાન સહાયક છે.

વિનય, વિવેક, વિદ્યા અને વિચાર -
એ ચારેમાં 'વિ' અનુસ્યૂત છે.

વિનય એ સન્માનનું દાન છે, વિવેક એ અભ્યંતર તપ છે.
વિદ્યા શુભ સંસ્કારો સર્જે છે, તે શ્રાવકધર્મનું બીજ છે.
વિચારથી ધર્મના સૂક્ષ્મ રહસ્યો સમજાય છે,
તે સાધુધર્મનું બીજ છે.
જ્યાં વિનય, વિવેક, વિદ્યા અને વિચાર - એ ચારે હોય,
ત્યાં સાચો ધર્મ છે.
વિનયથી વિદ્યા અને વિવેકથી વિચાર પ્રાપ્ત થાય છે.
દર્પણમાં પ્રતિબિંબ જોવું હોય, તો સ્થિર થવું પડે છે.

મન શાંત અને સ્થિર રહે, તો જ તેમાં આત્માનું પ્રતિબિંબ પડે છે. વિનયથી વિદ્યા, વિદ્યાથી વિવેક, વિવેકથી વિચાર - એમ ક્રમ છે. વિનયથી દાન, વિદ્યાથી શીલ, વિવેકથી તપ અને વિચારથી ભાવધર્મનું આરાધન થાય છે.

પુણ્યતત્ત્વ એટલે ઈશ્વરની કૃપા.

ઈશ્વરતત્ત્વને ભાવિત કરવાથી વિનયગુણ પ્રકટે છે.

વિશ્વમાં સર્વોત્કૃષ્ટ - અચિન્ત્યશક્તિ આર્હન્ત્યમાં છે.

બધા પદાર્થોને શુભ અને શ્રેષ્ઠ બનાવનાર અર્હ તત્ત્વ છે. પદાર્થોમાં અહં અને મમનું દર્શન કર્મબંધ કરાવે છે, એ જ પદાર્થોમાં અર્હનું દર્શન કર્મમુક્ત કરાવે છે. દરેક પદાર્થમાં અર્હનું દર્શન કરવું, તેનું નામ નમસ્કાર. દરેક પદાર્થ અર્હ એવા આત્મતત્ત્વના પ્રભાવે પોતાનું અસ્તિત્વ ધરાવે છે. તે આત્મતત્ત્વને શરણે જવાથી વિનયગુણ પ્રગટે છે, દાસોઽહંનો ભાવ પ્રાપ્ત થાય છે, એ જ વિનયગુણની અભિવ્યક્તિ છે.

'વિનય' એટલે મન - વચન - કાયાનું સંપૂર્ણ સમર્પણ. આર્હન્ત્યની અચિન્ત્યશક્તિ જોયા પછી જે અનુ + પશ્ચાત્ રાગ = અનુરાગ થાય, તે જ ભક્તિ - તે જ વિનય. ભાવધર્મ કઠિન છે, કેમકે તેમાં અહં ઉપર ઘા પડે છે.

દાન, શીલ કે તપથી અહં પોષાય પણ ખરી,
ભાવધર્મ કરતી વખતે અહં પોષાતું નથી, કિન્તુ એનું
વિસર્જન કરવું પડે છે. દરેક વસ્તુ ભગવાનની છે અને
તેનો ઉપયોગ ભગવાનની આજ્ઞા મુજબ જ કરવો,
તે ભક્તિયોગ - સર્વસ્વ સમર્પી દેવું, તે વૈરાગ્યયોગ.

## મહામંત્રનું આરાધન - કરે કર્મનું નિકંદન

કર્મબંધન મન - વચન - કાયા વડે થાય છે.
મન - વચન - કાયા વડે દેવ અને ગુરુને નમસ્કારરૂપી
મહામંત્રનું આરાધન ત્રણે પ્રકારના કર્મોનો નાશ કરે છે.
મનને આત્મા સાથે જોડવું પણ બહાર ભટકતું ન રાખવું.
'મંત્રનું મનન કરવાથી આત્માની રક્ષા થાય છે' તેનો
અર્થ છે કે: બહાર ભટકતું મન દેવ - ગુરુના આલંબને
અંતર્મુખ બને છે અને તેથી અતીન્દ્રિય સુખ ઉપજે છે.
પ્રથમ પદના ૭ અક્ષરોનું વિધિપૂર્વક સ્મરણ કરવામાં
આવે તો દેવલોકના ઘંટારવ, દિવ્ય સંગીત, દિવ્ય રૂપ,
દિવ્ય ગંધ અને દિવ્ય રસનો અનુભવ થાય છે.
અંદર ઊંડા ઉતરીને તેનો અનુભવ લેવા પ્રયત્ન કરવો.
આત્મતત્ત્વને અનુભવવા 'अहं' છોડી अर्हं ને જોતાં શીખો.
'अहं' એ પૃથ્વી છે, 'अर्हं' એ આકાશ છે.

ઇરિયાવહિયં સૂત્ર દ્વારા ૧૮,૨૪,૧૨૦ મિચ્છામિ દુક્કડં

૪ ગતિના કુલ જીવ = ૫૬૩.

(નરક ૧૪ + તિર્યંચ ૪૮ + મનુષ્ય ૩૦૩ + દેવ ૧૯૮ = ૫૬૩)

અભિહયા આદિ ૧૦ પ્રકાર = ૫૬૩ x ૧૦

રાગ અને દ્વેષના ૨ પ્રકાર = ૫૬૩૦ x ૨

મન - વચન - કાયાના ૩ યોગ = ૧૧૨૬૦ x ૩

કરવું - કરાવવું - અનુમોદવું ૩ કરણથી = ૩૩૭૮૦ x ૩

ભૂત - વર્તમાન - ભવિષ્યના ૩ કાળ = ૧૦૧૩૪૦ x ૩

અરિહંત - સિદ્ધ - સાધુ - દેવ - ગુરુ - આત્માની સાક્ષીએ

મિચ્છામિ દુક્કડં = ૩૦૪૦૨૦ x ૬ = ૧૮,૨૪,૧૨૦.

૫૬૩ x ૧૦ x ૨ x ૩ x ૩ x ૩ x ૬ = ૧૮૨૪૧૨૦.

આલોચના - 'જીવિયાઓ વવરોવિયા' સુધી. પ્રતિક્રમણ - 'તસ્સ મિચ્છામિ દુક્કડં.' કાયોત્સર્ગ - 'તસ્સ ઉત્તરી કરણેણં' ઇત્યાદિ. પાલનમાં અલ્પ પણ આદર્શમાં પૂર્ણ હોય, તો આલોચના શુદ્ધ ગણાય. અક્ષરોમાં અનુસ્વાર લગાડવાથી ગજબ તફાવત આવે. અનુસ્વાર શબ્દની તીક્ષ્ણ ધાર છે.

મમતા - દુઃખફલક = સુખ ખરીદી - પરિણામે દુઃખ.

આસક્તિ = દુઃખપરંપરક - અજ્ઞાનતા - મૂઢતા.

તૃષ્ણા - દુઃખરૂપ = સાક્ષાત્ દુઃખ.

સંકુચિત મમતા તે પાપ છે,
વિસ્તૃત મમતા તે સમતા સ્વરૂપ છે, તેથી ધર્મ છે.
પરાપકાર તે દુષ્કૃત - પરોપકાર તે સુકૃત.
શરણાગમન = આત્માનો સ્વીકાર.
ધર્મ ગમતો નથી પણ ધર્મનું ફળ સૌને ગમે છે,
પાપ ગમે છે પણ પાપનું ફળ કોઈને ગમતું નથી.
સંસાર દુઃખરૂપ છે = ઇચ્છા - તૃષ્ણા દુઃખરૂપ છે,
તે આત્મારૂપી ઔષધના સેવનથી દૂર થાય છે.
ઇચ્છા એ દુઃખ છે, આત્મા એ સુખ છે.
ઇચ્છામાં આપણી પ્રકૃતિનો સ્વીકાર છે,
આત્મામાં તેમની પ્રકૃતિનો સ્વીકાર છે.
મમતાનાં ચાર સ્થાન : દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ.
દાનથી પરિગ્રહસંજ્ઞા ઘટાય, શીલથી મૈથુનસંજ્ઞા જીતાય,
તપથી આહારસંજ્ઞા વિજયી થાય, ભાવથી ભયસંજ્ઞા જીતાય.
સ્વભાવથી સર્વ તરફ...
દુષ્કૃતની ગર્હા 'સૌનું દુઃખ ટળો' એ ભાવ જગાડે છે,
સુકૃતઅનુમોદના 'સૌને સુખ મળો' એ ભાવ જગાડે છે.
'સૌને શિવગતિ - પંચમી ગતિ મળો'
એ ભાવ શરણાગમન જગાડે છે.

દુષ્કૃતગર્હાના પરિણામ = કોઈપણ જીવ પાપ ન કરો.
સુકૃતાનુમોદનના પરિણામ = કોઈપણ જીવ દુઃખી ન થાઓ.
ચતુઃશરણગમનના પરિણામ = સૌને મોક્ષસુખ મળો.

દુષ્કૃતગર્હા વડે સર્વત્ર - સૌના પાપનાશની બુદ્ધિ,
સુકૃતાનુમોદના વડે સૌના દુઃખનાશની બુદ્ધિ અને
શરણાગમન વડે 'સૌને મોક્ષસુખ મળો'
એવી બુદ્ધિ જાગ્રત થાય છે.

## આત્મા કર્મબંધન ક્યારે કરે ?

કોઈપણ જીવ સાથે અયોગ્ય સંબંધ અને અયોગ્ય વ્યવહાર કરવાથી આત્મા કર્મબંધન કરે છે. તે તો જ અટકે કે જીવોની સાથે મૈત્રી ઘટે, તેથી મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થ્યયુક્ત વ્યવહાર થાય. આ ચાર ભાવો વિચ્છેદનો કોઈ ભાવ ઉત્પન્ન થાય, તો કર્મબંધ થાય છે. આ ચાર ભાવો આત્માના શ્વાસોચ્છ્વાસ - ભાવપ્રાણ છે, એના આધારે આત્માનું આત્મિક જીવન - ભાવજીવન ટકી રહે છે.

ચાર કષાયો આત્માનું ભાવમરણ કરાવે છે.
એ ચારેનો વિનાશ કરવાનું સામર્થ્ય
મૈત્ર્યાદિ ચાર ભાવોમાં રહેલું છે.

## સ્નેહામૃતના સાગર કોણ ?

'શાસનરસી પ્રાણી' એ આશીર્વચન છે. તેનો અર્થ છે:
પ્રભુઆજ્ઞાનું પાલન કરવાના ભાવવાળા પ્રાણી.
'સવિ જીવ કરું શાસનરસી' એ ભાવના કરુણારૂપી છે.
'અરિહંત' શબ્દ બોલતાં જ ભાન થવું જોઈએ કે તેઓ
સ્નેહામૃતના સાગર છે. અમૃતનું પાન જેમ અજરામર
બનાવે છે, તેમ 'નમો અરિહંતાણં !' બોલવાની સાથે
સ્નેહસાગરમાં ડુબકી મારીએ છીએ, એમ લાગવું જોઈએ
અને 'સ્નેહના સાગરની સાથે સંબંધમાં આવી
હું સર્વ જીવો સાથે વેર-વિરોધનો ત્યાગ કરું છું અને
મૈત્રીભાવ સાધી રહ્યો છું' એ ભાવ જગાવી જોઈએ.

## શ્વાસ માંહે સો વાર નવકાર

પંચપરમેષ્ઠિ ભગવંતો જીવરાશિ ઉપર અત્યંત અધિક
સ્નેહભાવ ધરાવે છે, તો જીવરાશિનું એ કર્તવ્ય છે કે
તેમના ઉપર સ્નેહ વધારવો જોઈએ.
'અધિક સ્નેહ વિકસાવવો' એનો અર્થ
વારંવાર નમસ્કાર કરવો જોઈએ,
નવકાર ઉપર અધિક સ્નેહ ધારણ કરવો જોઈએ,
એક શ્વાસમાં સો વાર નવકાર ગણતાં શીખવું જોઈએ.

ધાર્મિક કે વ્યવહારિક - કોઈપણ કાર્ય કરતાં
આ નવકાર મહામંત્રને યાદ કરવો જોઈએ.
બધાં કાર્યોમાં સફળતા અપાવનાર તે છે.
શરીરમાં ૩।। ક્રોડ રોમ - રૂંવાડા છે.
એક શ્વાસ લેતાં ૩।। ક્રોડ રોમ શ્વાસ લે છે.
આત્મામાં અસંખ્ય પ્રદેશ છે, એક જ નવકાર ભાવથી
ગણતાં અસંખ્ય પ્રદેશ છે, તે સર્વમાં નવકાર ગણાય છે.
એક જ નવકારમાં પણ
શરીરની દૃષ્ટિએ ૩।। ક્રોડ વાર અને
આત્માની દૃષ્ટિએ અસંખ્ય વાર (નવકાર) ગણાય છે.
આવા ભાવનાથી નવકારને ગણતાં
આત્માના પ્રદેશે - પ્રદેશે નવકાર વ્યાપી જાય છે.
સમયે સમયે થતાં ભાવમરણથી
આત્માને એક નવકાર પણ બચાવા લેવા સમર્થ છે.
ભાવમરણ અટકાવીને અજરામર પદની પ્રાપ્તિ થાય છે.
જેમ શ્વાસ લેતાં દેહનો પ્રાણ ટકે છે,
તેથી તે પ્રાણ દેહથી પણ અધિક પ્રિય લાગે છે અને
તે અટકી જતાં મરણતુલ્ય દુઃખ અનુભવાય છે,
તેમ આત્માનું ભાવમરણ અટકાવનાર એને

અજરામર પદ આપનાર નમસ્કારનું વિસ્મરણ -
એ મહાવિપત્તિને આપનાર અને નમસ્કારનું સ્મરણ
પરમ સંપત્તિને આપનાર છે, એમ ભાસવું જોઈએ.
નમસ્કાર કુંભકમાં ગણાવો જોઈએ. પંચ પરમેષ્ઠિનું વિશ્વ
ઉપર પ્રભુત્વ છે, વિશ્વનું પંચપરમેષ્ઠિ ઉપર પ્રભુત્વ નથી.

## પાંચ નમસ્કારથી પાંચ આચારની શુદ્ધિ

અરિહંત નમસ્કાર વડે જ્ઞાનાચારની,
સિદ્ધ નમસ્કાર વડે દર્શનાચારની,
આચાર્ય નમસ્કાર વડે ચારિત્રાચારની,
ઉપાધ્યાય નમસ્કાર વડે તપ આચારની અને
સાધુ નમસ્કાર વડે વીર્યાચારની શુદ્ધિ થાય છે.
આમ પંચ નમસ્કાર વડે પંચાચારની શુદ્ધિ થાય છે.

## પાંચ નમસ્કારથી પાંચ મહાવ્રતોની શુદ્ધિ

અરિહંત નમસ્કારથી અહિંસાવ્રતની શુદ્ધિ,
સિદ્ધ નમસ્કારથી સત્યવ્રતની શુદ્ધિ -
(સત્ય એજ ભગવાન છે, સત્યનો જ સદા વિજય છે),
આચાર્ય નમસ્કારથી અચૌર્યવ્રતની શુદ્ધિ,
ઉપાધ્યાય નમસ્કારથી બ્રહ્મચર્યવ્રતની શુદ્ધિ અને
સાધુ નમસ્કારથી પરિગ્રહવિરમણવ્રતની શુદ્ધિ થાય છે.

પાંચ મહાવ્રત લેવા એટલે...
પાંચ મોટા પાપથી અટકી, અટકવું.
તેના ધારકને નમસ્કાર કરવાથી તે તે વ્રતની શુદ્ધિ થાય.
સદ્બુદ્ધિથી યુક્ત ગતિ મળે, તે સદ્ગતિ.
સ્વાર્થ એ મહાપાપ છે.
કેવળ પરાર્થ ને પરહિતમાં રક્ત રહેનારા પંચપરમેષ્ઠિ છે.
તેમને હૈયામાં વસાવવાથી પરહિતકારક સદ્બુદ્ધિ જન્મે
અને અનાદિકાળથી અંતરમાં રહેલ
સ્વાર્થભાવ રૂપી પાપબુદ્ધિનું વિસર્જન થાય છે.
સંયમનું પાલન કેવળ સંયમી થવા માટે જ નહિ પણ
બાળકોને સંયમનો આદર્શ આપવા માટે હોવું જોઈએ.
જ્ઞાન ભણવાનું પણ માત્ર જ્ઞાની થવા માટે નહિ પણ
બાળ અજ્ઞાનીના અજ્ઞાનને દૂર કરવા માટે હોવું જોઈએ.
સદાચારનું પાલન બાળ પણ તેનું પાલન કરે, તે માટે
હોવું જોઈએ. એવા પરમભાવને, પરમાર્થ-પરહિતબુદ્ધિ
-વાળા પુરુષ અંત સમયે નવકારને ભાવથી પામી શકે છે.
સ્વાર્થભાવરહિત પુરુષોને કરેલો નમસ્કાર
સ્વાર્થભાવનું વિસર્જન કરાવે છે અને તે સ્વાર્થભાવ
રૂપ પાપ જવાથી સુરગતિ-સદ્ગતિ-સિદ્ધિગતિ મળે છે.

નવકાર મંત્ર = પરાજિત મહામંત્ર.

બાર સૂત્રોનો અભ્યાસ તે સ્વાધ્યાય અને

નવકારનો અભ્યાસ તે પરમ સ્વાધ્યાય.

અપરાધ માત્રનું મૂળ સ્વાર્થભાવ છે.
જેટલાં પ્રમાણમાં સ્વાર્થભાવ ઘટે,
તેટલા પ્રમાણમાં ક્ષમાભાવ વિકસે છે.
એ ક્ષમાભાવ વડે સર્વે જીવોને ખમાવવારૂપ શિવગતિના
સાધનરૂપ ત્રીજા પ્રકારનું આરાધન થઈ શકે છે.
પરાર્થભાવ વડે સર્વે જીવો સાથે ક્ષમાપના કરવારૂપ
આરાધના કરાવવાનું અપૂર્વ કાર્ય થઈ શકે છે.

'જેને નમીએ છીએ, તે જ અમારા આધાર છે'
તેવો ભાવ આવે, ત્યારે સાચું નમન થયું કહેવાય.

કરવા જોગ કાર્ય કરવું અને ન કરવા જોગ કાર્ય
ન કરવું, એનું નામ 'ધર્મ' છે. અરિહંતોએ જે માર્ગ
બતાવ્યો, તે ધર્મરૂપ માર્ગને અનુસરવું, એનું નામ ધર્મ.

સાચો ભોગ કોને કહેવાય?

બાહ્ય સામગ્રીને ભોગવતાં જે આનંદ છે,
તેના કરતાં તેના ત્યાગમાં ઘણો આનંદ છે, તેથી
ત્યાગીને ભોગવવું એ સાચો ભોગ છે.

શાસન = તીર્થ. તીર્થંકર - ગણધર - સંઘ દ્વાદશાંગી છે
અને અધ્યવસાયથી જવમાન એ પંચમ તીર્થ છે.
અધ્યવસાયનો મત = હૃદયમાં જાગેલો શુભભાવ તારે છે
અર્થાત્ શુભભાવવાળો આત્મા એ જ તારનારો બનતો,
માટે તે તીર્થ છે અને ઉપરાંત તેમાં નિમિત્ત કારણરૂપ
ચતુર્વિધ સંઘ અને શાસન - એ બન્ને પણ તીર્થ છે.
મમતારહિત પ્રવૃત્તિ અને સરળતાને પામેલો આત્મા
સદ્ગતિને પામે. ૬ મહિને ૧ જીવ અવશ્ય મોક્ષે જાય,
તેથી છ - છ મહિનાનાં આંતરે સિદ્ધનું આરાધન વિહિત છે.

વિભાવ એટલે...

પોતાના સ્વભાવને છોડી વિપરીત ભાવમાં જવું અથવા
પરાર્થ ભાવમાંથી સ્વાર્થભાવમાં જવું તે. તેમાં રહેલો
સુખ - દુઃખ અનુભવે, સ્વભાવમાં રહેલો સાક્ષીભાવે
રહે છે, સુખ-દુઃખનો અનુભવ રસપૂર્વક લેતો નથી.

આપણા ભવમાં સમગ્રનું ભલું કરવાનો ભાવ
ગુણાનુરાગ થઈને પ્રાપ્ત થાય છે. અન્યના અલ્પ ગુણને
પણ મેરુ જેવો મહાન માનવાની શક્તિ પંચ પરમેષ્ઠિ
નમસ્કાર મંત્રના જાપથી આવે છે. સંસાર પરિભ્રમણનું
કારણ જડનું બહુમાન અને ચેતનનું અપમાન છે.

'મિત્તી મે સવ્વભૂએસુ |' માં મૈત્રીનું અનુમાન છે,
તેથી તે મહામંગલ છે. આ નમસ્કાર મહામંત્ર પણ શુદ્ધ
ચૈતન્યનું અનુમાન કરે છે. જેમજેમ ચૈતન્યનું અનુમાન
વધે છે, તેમ તેમ મંગલ પણ વધતું - વધતું જાય છે.

નિત્યમિત્ર - પર્વમિત્ર - ધર્મમિત્ર - પ્રણામમિત્ર

શરીર એ નિત્યમિત્ર છે, સગા પુત્ર કરતાં પણ વધારે
- અધિક સેવા તેની નિત્ય કરીએ છીએ,
છતાં પણ અંત વખતે તે કામ લાગતો નથી.
પર્વમિત્ર સગાવહાલાં છે, અવસરે આશ્વાસન આપે છે,
પરન્તુ રોગ - જરા કે મૃત્યુને કોઈ લઈ શકતું નથી.
મિલનમિત્ર - પ્રણામમિત્ર તે દેવ - ગુરુ અને ધર્મ છે.
તે ત્રણે ક્વચિત્ મળે છે તો પણ ખરી આપત્તિ વખતે
તે ઉગારનાર બને છે. જો સંગ કર્યા વિના રહી જ ના
શકાય, તો કલ્યાણમિત્રોનો જ સંગ કરવો, જે પર-
લોકનું ભાથું બંધાવનાર - ભવભ્રમણમાંથી મુક્ત કરનાર છે.
ધર્મપ્રશંસા બીજરૂપ છે. બીજમાંથી થડ તે સાધુના સ્થાને,
થડમાંથી પત્ર તે ઉપાધ્યાયના સ્થાને છે, પત્રમાંથી પુષ્પ તે
આચાર્યના સ્થાને છે, આચાર્યમાંથી ફળ તે સિદ્ધના સ્થાને
અને ફળમાંથી પુનઃ બીજ તે અરિહંતના સ્થાને છે.

આજ્ઞાનું પાલન એ બોધિ છે અને
તેના ઉપરનું બહુમાન જાગવું, એ બોધિબીજ છે.

સમ્યગ્દૃષ્ટિને દુઃખ દુઃખરૂપે અનુભવાતું નથી, કારણકે
એ કાયાથી પાપ કરે છે પણ મનથી ધર્મ કરે છે,
એટલે એનું મન આનંદમાં રહે છે.
દુષ્કૃતની નિંદારૂપી ધર્મ તેને ચાલુ છે.

મનથી બંધાયેલું કર્મ મનથી નાશ પામે છે,
વચનથી બંધાયેલું કર્મ વચનથી નાશ પામે છે અને
કાયાથી બંધાયેલું કર્મ કાયાથી નાશ પામે છે.

પ્રભુવંદન દ્વારા કાયાથી બંધાયેલાં કર્મ નાશ પામે છે,
સ્તુતિ દ્વારા વચનથી બંધાયેલાં કર્મ નાશ પામે છે
અને સ્મરણ દ્વારા મનથી બંધાયેલાં કર્મનાશ પામે છે.

પુણ્ય એ વોળાવા (guide) સમાન છે.
ઇષ્ટસ્થાને જવા માટે તે સાથે ચાલે છે પણ જ્યારે
મોક્ષનગરના દ્વારમાં જીવ પ્રવેશ કરે છે, ત્યારે તે
સ્વયમેવ દૂર થાય છે, તે ય એક પ્રકારે નિર્જરા જ છે.
નિર્જરા એટલે પુણ્યકર્મ - પાપકર્મ ઉભયનું દૂર થવું.

પુણ્યનો પ્રકાશ એ જ પરંપરાએ
નિર્જરાનું કારણ બનીને મોક્ષ અપાવે છે.

દ્રવ્યવિષનો નાશ કરવાની શક્તિ ભગવાનના નામમાં છે,
ભાવવિષનો નાશ કરવાની શક્તિ પ્રભુની વચનોમાં છે.

'મંગલ' શબ્દથી વિપત્તિનો ઉપશમ અને
'કલ્યાણ' શબ્દથી સંપત્તિનો ઉત્કર્ષ ગ્રહણ કરવો.

कदर्योऽप्यपदोपायः कातरत्वमुदारता ।
ककाराः पञ्च पुंसः स्युरूपसर्गहरस्मृतेः ॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

દ્રવ્યસંપત્તિ = ઔદયિક ભાવોનું સમર્પણ.
ભાવસંપત્તિ = ક્ષયોપશમ ભાવોનું સમર્પણ.

ઔદયિક ભાવથી મળેલ શરીર, ધન, સ્વજન આદિની માલિકી - મમતા ત્યાગવા, ભક્તિમાં તેનો ઉપયોગ કરવો.

દ્રવ્યવંદન એટલે...

હાથ જોડવા, પગે લાગવું, પગે પડવું, ખમાસમણ દેવું.
દા.ત. ચૈત્યવંદન - સ્તુતિ - સ્તવનાદિ.

ભાવવંદન એટલે...

બુદ્ધિ, જ્ઞાન, વિચાર, તપ વગેરેની શક્તિઓ કર્મના ક્ષયોપશમથી મળે છે અને ક્ષયોપશમ પ્રભુધ્યાન, આજ્ઞાપાલનાદિથી થાય છે, તે પ્રભુને સમર્પણ કરવું, પ્રભુભક્તિમાં જોડવું, આજ્ઞાપાલનના અધ્યવસાયથી કરવું.

## ધર્મશિષ્ટનાં પાંચ લક્ષણો

ઉદારતા = સ્વાર્થને જતો કરવાની વૃત્તિ.

દાક્ષિણ્યતા = લજ્જા, મર્યાદા, ભદ્ર, સંકોચ, ઈશ્વર બધે છે, તો તેમના દેખતાં પાપ થઈ શકે કેવી રીતે? ઈત્યાદિ.

પાપજુગુપ્સા = પાપ પ્રત્યે તિરસ્કાર, પાપ થઈ જાય તો પણ હૃદયથી ન કરે, પશ્ચાતાપ ચાલુ રહે.

નિર્મળબોધ = નિઃસ્વાર્થ બુદ્ધિ.

સત્તા તથા સંપત્તિને જ પાપ માનવાથી નિર્મળ બુદ્ધિ ટકે.

જનપ્રિયત્વ = થોડો પણ ધર્મ કરે, તે લોકોને અનુમોદનાનું કારણ બને. તેવા ધર્મીનો ધર્મ તે સાચો ધર્મ છે, કેમકે તે જનપ્રિયતાને પ્રાપ્ત કરી શકે છે. ધર્મશિષ્ટ પુરુષના વચન, વિચાર, વર્તન, વિવેકાદિ જોઈ લોકોને પ્રેમ જન્મે અને અનુકરણ કરવાનું મન થાય, તે જનપ્રિયત્વ છે.

અહિંસા = ઈહલૌકિક સુખ આપે,

સંયમ = પારલૌકિક સુખ આપે તથા

તપ = યાવત્ મોક્ષસુખ આપે.

ઈહલૌકિક સુખની ઈચ્છાવાળા - મનુજ.

ઈહલોક - પરલોક ઉભયસુખની ઈચ્છાવાળા - પ્રહ્લાદ.

કેવળ મોક્ષસુખની ઈચ્છાવાળા - લબ્ધસમ્યક્ત્વ.

જીવ જે ક્ષણે ધર્મ કરવાની શરૂઆત કરે છે, તે એક જ ક્ષણના ધર્મની એટલી અપૂર્વ શક્તિ છે કે કોડો ભવો સુધી પાપ કરીને પાપ ઉપાર્જન કર્યું છે, તે સઘળાં અસંખ્ય ભવના સંચિત પાપોને બાળીને ભસ્મીભૂત કરી નાખવાની શક્તિ ધરાવે છે.

## 'પુરૂષાદાનીય પાર્શ્વનાથ' નામ સંબંધની રૂપ

## પાર્શ્વનાથ ભગવાનનું નામ

ખૂબ ભાવપૂર્વક સ્મરણ કરીને જો ગંભીરપણે વાત ભગવાન પાસે ઉચ્ચારીએ, તો તે તુરંત ગ્રહણ થાય છે. ભગવાનના પૂર્વભવોથી નીકળેલું વચન નિઃસ્વાર્થપણે અને નિષ્પક્ષપાતથી સ્વીકારવાની વૃત્તિથી આદેય નામકર્મ ઉપાર્જન થાય છે. 'પુરૂષાદાનીય પાર્શ્વનાથ' નામ એમના વિશિષ્ટ આદેય નામકર્મને સૂચવે છે. પૂર્વજન્મમાં તેમણે દરેક જીવોના સત્ય વચનનો આદર કર્યો છે, કોઈનું ય હિતકારી વચન ઉથાપ્યું નથી, માટે જ તેમણે વિશિષ્ટ કીર્તિનું આદેય નામકર્મ ઉપાર્જન કર્યું છે.

(૧) કમ્મઘણમુક્કં = સ્વાર્થ સંપત્તિસૂચક

(૨) વિસહર વિસનિન્નાસં = પરાર્થ સંપત્તિસૂચક

(3) મંગલ કલ્લાણઆવાસં = ઉભય સંપત્તિસૂચક.

મોટા પુરુષો પાસે યાચના પણ મોટી કરવામાં આવે છે:

(૧) ઉદય (૨) ઉપાય (૩) ઉત્તમતા
(૪) ઉચ્ચપદ અને (૫) ઉદારતા.

ભગવાન જો ભગવાન બન્યા,
તો આપણામાં ભક્તિનો ઉદય થશે.

ઉપકારીઓના ઉપકારને યાદ કરવાથી તે તે ક્રિયાના કર્તૃત્વનો અહંકાર જાગતો નથી પણ નષ્ટ થાય છે તથા સઘળી ક્રિયા નમ્રતાયુક્ત બને છે.

ભગવાનની નિગ્રહ કરવાની શક્તિ ઉપસર્ગોને હરે છે,
અનુગ્રહ કરનારી શક્તિ મંગલ અને કલ્યાણને કરે છે.

જેટલું શુભ થાય, એટલું ભગવાનની કૃપાએ તથા અશુભ થાય, તેટલું આપણી અયોગ્યતાના કારણે.

એમ માનવું જોઈએ કે...

આપણા ઉપર વિઘ્ન ન કરે અથવા અલ્પ વિઘ્ન કરે, એ પણ ગુંડાતત્ત્વનો એક પ્રકારનો ઉપકાર છે. કંચન-કામિની નરકનું દ્વાર છે, સર્વ દુઃખની ખાણ છે, તેમ દેવ અને ગુરુ સ્વર્ગ અને મોક્ષસુખનાં દ્વાર છે.

અચિંત્યશક્તિયુક્ત દેવ અને ગુરુ
ભવ્ય જીવોને ધર્મ અને મોક્ષનું આલંબન પૂરું પાડે છે.

કંચન અને કામિનીનું આલંબન મોહ માટે જગાડે છે, તે પાસે ન હોય તો એનું સ્મરણ પણ મોહવિકલ્પનું કારણ બને છે, તેમ ધર્માર્થી જીવોને દૂર રહેલાં દેવ-ગુરુ ધર્મબુદ્ધિ - મોક્ષબુદ્ધિ જગાડવામાં આલંબનભૂત થાય છે. ભગવાન ભક્તિ અને સદ્બુદ્ધિ જગાડવાનું અદ્ભુત કાર્ય કરાવે છે. ભક્તિ દ્વારા બંધાતું પુણ્યકર્મ અને પુણ્યકર્મ દ્વારા મળતાં સાધન ઉપરાંત સામગ્રી આપનાર પણ ભગવાન જ છે, આ લૌકિક - પરલૌકિકનાં સુખ પૂરાં પાડનાર પણ એ ન્યાયે ભગવાન જ છે.

આપણામાં સમજવાની શક્તિ છે પણ સમજાવનારનું આલંબન મળ્યા સિવાય કોઈ કાળે પણ આપણામાં રહેલી તે શક્તિ પ્રગટતી નથી.

## વચન - વચનમાં કેટલો ફેર ?

'હું ભગવાનની ભક્તિ કરું છું, માટે મને ફળ મળે છે.'
એ વચન અહંકારનું છે.

'મારામાં સમજવાની શક્તિ હોવાથી બીજા સમજાવી શકે છે.'
એ વચન સ્વપ્રશંસા - અહંકારભર્યું છે.

'સમજાવનાર મને સમજાવે છે, માટે હું સમજી શકું છું.'
એ નમ્રતાનું વચન છે.

'ભગવાનને નમ્યા પછી જે ફળની પ્રાપ્તિ
આપણને થાય છે, તે ભગવાન જ કરાવે છે.'
એ વિચાર નમ્રતા લાવે છે.
'હું ભક્તિ કરું છું અને એનું ફળ મને મળે છે,
એમાં પ્રતાપ ભગવાનની અચિંત્ય શક્તિનો છે.'
એ વિચાર આરાધકભાવ પ્રકટાવે છે.
'હું પ્રતિક્રમણ કરું છું માટે મને ફળ મળે છે.'
એ વિચાર પણ અહંકારરૂપ છે.
પ્રતિક્રમણના ગંભીર સૂત્રો રચનાર
મહાપુરુષો પ્રત્યેનો અનાદર ભાવ છે, જે આપણામાં
થોડે ઘણે અંશે રહેલા નમ્રતાનો પણ નાશ કરે છે
અને અંતે એ મહાપુરુષો સાથેનો વિયોગ કરાવે છે.
એમનો વિયોગ અનંત ભવભ્રમણનું દુઃખ ઊભું કરે છે.
તેમના પ્રત્યે કરાયેલા અનાદરભાવનું જ એ ફળ છે.
એમ માનવાથી સાથે ભક્તિ જાગે કે: અનંત સુખનો
અને અનંત દુઃખ આપવાનું શક્તિ નિગ્રહ-અનુગ્રહ
ઉભય કરવાનું સામર્થ્ય એકમાત્ર પ્રભુમાં જ રહેલું છે.
आज्ञाराद्धा विराद्धा च शिवाय च भवाय च | અર્થાત:
આરાધના મોક્ષ આપે છે, વિરાધનાનું ફળ સંસાર છે.

## ભગવાન શું નહિ આપતાં ?

આજ્ઞાના દેનાર ભગવાન,
આજ્ઞા પ્રત્યે બહુમાન ઉત્પન્ન કરનાર પણ ભગવાન,
પાલન કરવાની શક્તિ અને તેનું ફળ આપનાર પણ
ભગવાન તથા વિરાધકને સંસાર - એમ ઉભય સામર્થ્ય
આજ્ઞા અને આજ્ઞાકારકમાં રહેલું છે.
ભગવાન તીર્થ આપે, શાસન આપે, આજ્ઞા આપે,
આજ્ઞા પાળવાનું બળ અને આજ્ઞાનું ફળ પણ આપે
અને છેવટે શાસનનું સેવક પદ આપે.

## પ્રભુ સૌને કેવળજ્ઞાન પણ આપી ગયા છે?

હા, પોતે કેવળજ્ઞાનમાં જોયું, તે બધું જ વચન આપી
અર્થાત્ કેવળજ્ઞાન પણ આપણને આપી ગયા કહેવાય,
ત્રિપદી દ્વારા ગણધર ભગવંતની દ્વાદશાંગી આપી,
એ કેટલો મોટો અનુગ્રહ કહેવાય!
આવો અનુગ્રહ કરવાની શક્તિ
જિનના સિવાય બીજા કોઈમાં પણ આવતી નથી,
તેથી ભગવાન જ કર્તા - અકર્તા ઉભય કહેવાય છે.
આરાધના મોક્ષ આપે છે, વિરાધનાનું ફળ સંસાર છે.
અનુમોદના એટલે જ પ્રમોદભાવ કે ભક્તિભાવ.

ભગવાનનું અસ્તિત્વ એ સાંનિધ્યરૂપ છે.

જેમ સૂર્યના સાંનિધ્યથી જ અંધકાર નાશ પામે છે,
કમળ વિકસિત થાય છે અને કુમુદ મુકુલિત થાય છે,
તેમાં સંકલ્પ, કરણ કે મનોવ્યાપારની જરૂર નથી,
કિન્તુ સાંનિધ્યમાત્રથી જ તે કાર્ય થાય છે.

વળી જેમ અંધને સૂર્યના પ્રકાશની ખબર નથી છતાં
તેના ગરમી ઉપરાંત ઉષ્ણતાદિનો લાભ તો તેને પણ
મળે જ છે, તેમ મિથ્યાત્વરૂપી અંધત્વ વડે પ્રભુરૂપી
સૂર્યના સાંનિધ્યથી થતાં લાભને દેખી શકતો નથી,
પરન્તુ પરંપરાએ અનુભવે તો છે જ.

ભગવાનના નામનું હંમેશાં સાંનિધ્ય છે જ.
નામરૂપી શબ્દબ્રહ્મ પરબ્રહ્મની પ્રાપ્તિ કરાવે છે.

નામ - સ્થાપના - દ્રવ્ય અને ભાવ
એ ચારે સાક્ષાત્ ભગવાનના જ સ્વરૂપ છે.
તે બધાનાં સાંનિધ્યથી ત્રણે લોક, ત્રણે કાળમાં જે ઉપકાર
થઈ રહ્યો છે, તે ઉપકારનું અસ્તિત્વ ભગવાનનું જ છે.

પંચ પરમેષ્ઠિરૂપી ભગવંતની ચારે નિક્ષેપે
વિશ્વમાં જે હાજરી છે, તે હાજરી જ
જગદુદ્ધારનું પોતાનું કાર્ય સતતપણે કર્યા જ કરે છે.

## ભગવંત પ્રત્યે સંપૂર્ણ ભક્તિભાવ શાથી ?

ચરાચરસ્ય જગતઃ ય આધારઃ પ્રકીર્તિતઃ । સૂક્તિઃ
ઈશ્વરને સચરાચર જગતના આધારરૂપ કહ્યો છે.
મારા જીવનના આધાર પ્રભુ ભગવાન છે,
સર્વ જીવોના રક્ષણ કરનાર પ્રભુ ભગવાન છે.
રક્ષણ કરવા દ્વારા પરમસુખ આપનારા ય તેઓ છે.
ઉપાધિરૂપ બાહ્યઅસ્તિત્વ ભગવાનમાં નહિ, તો પ્રભુ
ઉપાધિરહિત સંનિધિરૂપ અસ્તિત્વ તો નિશ્રામાં ઘટે જ છે,
તેથી જ ભગવંત પ્રત્યે સંપૂર્ણ ભક્તિભાવ પ્રગટે છે.

## પ્રભુભક્તિથી શું મળે અને શું દૂર થાય ?

ભક્તિ દ્વારા સમ્યક્ત્વની પ્રાપ્તિ અને
મિથ્યાત્વનો વિલય થાય છે.
'પૂજા કરવાથી લાભ મળશે' એમ માનીએ છીએ,
તેમાં પૂજાની ક્રિયા એ અનન્તર કારણ છે, પરન્તુ
પૂજાનું અસાધારણ કારણ તો ભગવાન પોતે જ છે,
તેથી પૂજાનું ફળ આપનાર ભગવાન જ છે.
'જે નમે તે સૌને ગમે' એ લૌકિક સિદ્ધાંત છે.
પ્રભુને તો જે ન નમે તે પણ ગમે છે અને
તેના પણ હિતને માટે સદા જાગૃત અને સંનિહિત છે.

ચડઉતરથી દેવલોકમાં સુખ તથા નરકમાં દુઃખ કેમ?

દ્રવ્યથી પણ જે જીવો સિદ્ધશિલાની નિકટવર્તી છે,
તેમને સુખની માત્રા અધિક છે.

સૌથી અધિક દુઃખ પણ સાતમા નરકમાં છે,
તેથી અનુક્રમે છઠ્ઠી, પાંચમા વગેરેમાં ઓછું દુઃખ છે,
તેનું કારણ પણ પ્રભુનું નિકટ સંનિધાન જ છે.

'સવ્વ પાવપ્પણાસણો'

એ પદ ભગવાનનું નિગ્રહ સામર્થ્ય સૂચવે છે અને

મંગલાણં ચ સવ્વેસિં । પઢમં હવઇ મંગલં ।

એ પછી ભગવાનનું અનુગ્રહ સામર્થ્ય સૂચવે છે.
આપણામાં રહેલાં અશુભ તત્ત્વોને દૂર કરવાનું કાર્ય
નિગ્રહશક્તિ કરે છે અને આપણે જે શુભ કરી
શકીએ છીએ, તેમાં પ્રભુની અનુગ્રહશક્તિ કામ કરે છે.
સ્વર્ગાપવર્ગના સુખ આપવાની શક્તિ તે પ્રભુમાં છે કે
જે સંપૂર્ણ વીતરાગ હોઈ વિશ્વના સર્વદા, અકર્તા છે.
સુખપ્રદાન અને દુઃખનાં કારણભૂત પાપહરણ કરવાનું
અચિન્ત્ય સામર્થ્ય વીતરાગતાના કારણે જ પ્રકટે છે.
સરાગી દેવમાં એ સામર્થ્ય પ્રગટતું નથી, તેથી વીતરાગ
ભગવાનમાં અકર્તાપણું અને કર્તાપણું ઉભય ઘટે છે.

<u>પરસ્પર અનુસ્યૂત નમસ્કાર</u>

સાધુ નમસ્કારમાં ઉપાધ્યાયનો નમસ્કાર,
ઉપાધ્યાય નમસ્કારમાં આચાર્ય નમસ્કાર,
આચાર્ય નમસ્કારમાં અરિહંત નમસ્કાર અને
અરિહંત નમસ્કારમાં સિદ્ધ નમસ્કાર રહેલો છે.
સિદ્ધ નમસ્કારમાં પાંચેને નમસ્કાર,
પાંચે નમસ્કારમાં સિદ્ધ નમસ્કાર રહેલો છે.
'એકના નમસ્કારમાં પાંચનો નમસ્કાર અને
પાંચના નમસ્કારમાં એકનો નમસ્કાર'
એમ પરસ્પર અનુસ્યૂત છે.
પૂર્ણ નમસ્કારમાં પાંચે નમસ્કાર રહેલાં છે.
ફળની પ્રાપ્તિ પૂર્ણ નમસ્કારથી છે.
પ્રભુનાં નામ કે રૂપમાં પણ ફળ આપવાની જે શક્તિ
રહેલી છે, તે તે નામથી સૂચિત જે ભગવાન છે,
તેમનામાં રહેલી શક્તિનો જ સ્વીકાર છે.

o त्वन्नाममंत्रमनिशं मनुजाः स्मरन्तः,
सद्यः स्वयं विगतबंधभया भवन्ति ।

o इक्को वि नमुक्कारो, तारेइ नरं व नारीं वा ।

ઇત્યાદિ વચનો એ રીતે જ સાર્થક થાય છે.

## વિશ્વ કઈ રીતે પરસ્પર સંબંધિત છે?

જીવાત્મનો સંબંધ સિદ્ધ સાથે અને
સર્વ સિદ્ધોનો સંબંધ જીવાત્મ સાથે છે.
સમ્યગ્દર્શન - જ્ઞાનનો સંબંધ સર્વ દ્રવ્ય સાથે છે,
સમ્યક્ચારિત્રનો સંબંધ જીવદ્રવ્ય સાથે છે તથા
સમ્યક્ તપનો સંબંધ સ્વસ્વરૂપ સાથે છે.
આત્મસ્વરૂપ શુદ્ધ, બુદ્ધ, નિત્ય, મુક્ત, પૂર્ણ, અખંડ છે.
તેનો નથી ઉત્પાદ - કે નથી વિનાશ.
તે ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે.
સમગ્ર વિશ્વ સત્સ્વરૂપ છે અને
સત્ એ ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યાત્મક છે.
પરિણામવિશ્વ ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યયુક્ત ઉપરાંત
જ્ઞાનાનંદમય છે, તેના તરફ દૃષ્ટિ મૂકવાની સાથે જ
તે અસીમ આનંદનો અનુભવ કરાવે છે.

## ધ્યાનપ્રકાશ મેળવવો છે?

પરમ ગુરુ પરમાત્મા, તેના ધ્યાન પસાય;
ભેદભાવ દૂરે ટળે, એમ કહે ત્રિભુવનરાય. ...(1)
ખાવન - પીવન - સોવના, મિલના - વચનવિલાસ;
જ્યોં જ્યોં પાંચ ઘટાઈયે, ત્યોં ત્યોં ધ્યાનપ્રકાશ. ...(2)

# સમય, તદ્ગતચિત્ત, ભવભય

સમય = શાસ્ત્ર. સમયવિધાન એટલે શાસ્ત્રમાં જે સમયે
અને જે વિધિએ આરાધવાનું કહ્યું હોય, તે સમયે
અને તે વિધિએ આરાધન કરવું, તે સમયવિધાન છે.

તદ્ગતચિત્ત = જે ક્રિયા કરતાં હોઈએ,
તેમાં જ મન-વચન-કાયા બરાબર પરોવવા જોઈએ.
એક ક્રિયા કરતી વખતે
બીજી ધર્મક્રિયાનો વિચાર કરવો, તે પણ દોષરૂપ છે.

ભવભય = 'પાપ એ સાપ - તેથી પણ અધિક ભયંકર છે'
એવો ભય ધારણ કરવો અને
'સંસારનું સુખ એ પાપનું મૂળ છે' એમ માનીને
સુખથી ભયભીત બનીને પ્રભુની ભક્તિ કરે.
સુખ વખતે પણ ભવનો ભય રાખીને
જે ધર્મક્રિયા થાય, તે અમૃતક્રિયા બને.

તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાન વચ્ચે મોટું અંતર છે:
વિજ્ઞાનની શોધો ઇંદ્રિયોને પુષ્ટ કરે, તત્ત્વજ્ઞાનની શોધો
આત્માને પુષ્ટ કરી પોષણ થાય તેવા સાધનો નિર્માણ કરે.
જેમાં જ્ઞાન વિગતે અકૃતિ ચાલ્યું ગયું છે, તે વિજ્ઞાન.
જેમાં આત્મજ્ઞાન વિકસિત રહેલું છે, તે તત્ત્વજ્ઞાન.

અમૃતક્રિયાના લક્ષણો: ભાવવૃદ્ધિ, વિસ્મય, પુલક, પ્રમોદ

ભાવવૃદ્ધિ એટલે વાવેલા વૃક્ષની વૃદ્ધિ એમ ક્રમે ક્રમે થાય છે, તેમ ભક્તિમાં પ્રગટેલો ઉત્સાહ, તે રૂપી વૃક્ષ પણ ક્રમશઃ વૃદ્ધિ પામે છે. જેટલા પ્રમાણમાં ભવનો ભય તીવ્ર, તેટલા જ પ્રમાણમાં ભાવવૃદ્ધિ થાય છે. એમ ચોરથી ભય પામેલો પૈસાનું રક્ષણ શોધે છે, તેમ મોહાદિ ચોરથી ભય પામેલો આત્મા સાચા ભાવથી અને તીવ્ર ભાવથી ભગવાનનું શરણ - રક્ષણ શોધે છે. સાગરમાં ડૂબતો એમ બહુમાનથી વહાણનું શરણ ગ્રહણ કરે છે, તેમ ભવસાગરમાં ડૂબતો માનવ ભગવાનના નાવ સમાન નામને તથા શરણને અત્યંત ભક્તિથી ગ્રહણ કરે છે, તેનું પુનઃ પુનઃ આસેવન કરે છે.

વિસ્મય એટલે દરિદ્રને અચાનક નિધાન પ્રાપ્ત થાય અને ગાંડોઘેલો બનીને જેમ નાચવા માંડે, આશ્ચર્યચકિત થઈને પોતાને પરમ ભાગ્યશાળી માને, તેમ અનાદિ ભવભ્રમણ કરતાં કોઈ કાળે પણ ભાવથી નહિ પ્રાપ્ત થયેલું એવું આ પ્રભુના દર્શનને પરમનિધાન સમાન સમજીને ગ્રહણ કરી 'ભાવથી દરિદ્ર એવો પોતાનો આત્મા પરમ સમૃદ્ધિને પામ્યો' એવો વિસ્મય ભાવ પામે છે.

આત્મામાં અષ્ટસિદ્ધિ, નવનિધિ અને
નવપદીની સમૃદ્ધિ ભરેલી છે.
એ સમગ્ર ઋદ્ધિને જોનાર
પરમાત્માના આલંબનથી 'આપણો આત્મા પણ
અનંત ઋદ્ધિથી ભરેલો છે' એવું દર્શન થાય છે.
'પરમાત્મારૂપી આલંબન પ્રાપ્ત થતાંની સાથે જ
પરમનિધાન પણ પ્રાપ્ત થયું'
એવા વિસ્મયનો અનુભવ થાય છે.
પુલક એટલે દેહના રોમેરોમમાં અને
આત્માના પ્રદેશે - પ્રદેશે પ્રભુ વસી જાય.
જેમ ગૌતમને વીર વસી ગયા હતાં,
મયણાને રોમરોમમાં નવપદજી વસી ગયા હતાં તથા
હનુમાનને હૃદયમાં જેમ રામ વસી ગયા હતાં.
આ સર્વે અમૃતક્રિયાના લક્ષણો છે.
પ્રમોદ એટલે પ્રભુના પ્રગટ શુદ્ધસ્વરૂપ જેવું જ સત્તાથી
મારું સ્વરૂપ છે, તેના અંશનો પણ અનુભવ અપૂર્વ
આનંદને પ્રગટાવે છે, તે વખતે અંતરાત્મામાં એમ
થાય છે કે: 'આજ મને કલ્પવૃક્ષ, કામધેનુ અને
ચિંતામણિથી પણ અધિક એવા પરમાત્માનો ભેટો થયો.

સંસારસાગરથી પાર ઉતારનાર કોઈપણ હોય,
તો તે શ્રી જિનેશ્વર ભગવંતો જ છે.
સમગ્ર વિશ્વમાં જેમના તુલ્ય તારક કોઈ જ નથી,
તેમ જ કોઈ જ શરણરૂપ નથી, તેથી પરમાત્મા જ
મને આરાધ્ય - સેવ્ય - શરણ્ય - મારું સર્વસ્વ છે,
ગતિ, મતિ, આધાર પણ તે જ છે.
તેમણે જે કાંઈ પ્રરૂપ્યું છે, દર્શાવ્યું છે, ઉપદેશ્યું છે,
તે જ સત્ય છે, તે જ શંકા વિનાનું છે.
ત્રણેપણ કાળે તેમાં લેશ પણ પરાવર્તન થવાનું નથી.
હું ધન્ય છું - કૃતપુણ્ય છું,
કરુણાના અવતાર એવા પરમ તારક પરમાત્માને
વંદન કરવાનો સુયોગ સાંપડ્યો.
આજનો દિવસ પવિત્ર છે - આજની ક્ષણ ધન્ય છે,
આજની ઘડી પવિત્ર છે, નિષ્પાપ છે!
આવા અપૂર્વ ભાવોલ્લાસથી પરમાત્માની આરાધનામાંથી
જે ભાવ પ્રગટે, તે પ્રમોદરૂપ છે.
અમૃતક્રિયાનું આ છેલ્લું લક્ષણ છે. તે અધ્યાત્મલોકનું
અમૃત છે, આત્માને અજર-અમર બનાવનાર છે, આવું
અનુષ્ઠાન તે શાસ્ત્રયોગરૂપ છે, અંશે સામર્થ્યયોગ છે.

## યોગ અને ઉપયોગમાં શું ફેર?

ધર્મક્રિયા કરવાનો વિચાર તે યોગરૂપ છે,
'ક્રિયા શા માટે?' એવો વિચાર તે ઉપયોગરૂપ છે.
યોગશુદ્ધિ પુણ્યબંધ કરાવે છે,
ઉપયોગશુદ્ધિ કર્મની નિર્જરા થાય છે.
યોગ અશુદ્ધ હોવા છતાં જો ઉપયોગ શુદ્ધિ હોય,
તો અશુદ્ધ યોગના કારણે બંધાયેલું
પાપકર્મ સુકી ધુળની જેમ ક્ષણમાં ખરી જનારું હોય છે.
ઉપયોગ શુદ્ધ હોવાના કારણે
આત્મા અતુલ-મહાન નિર્જરા કરી શકે છે.

ધર્મક્રિયાના માત્રના ત્રણ પ્રકાર કહ્યા છે:
ઇચ્છાયોગ રૂપ, શાસ્ત્રયોગ રૂપ તથા સામર્થ્યયોગ રૂપ.
જેમાં કરવાની ઇચ્છા છે, જ્ઞાન છે પણ સાથે પ્રમાદ
પણ છે, તેથી ધર્માચરણ ઇચ્છાયોગ રૂપ બને છે.
ઇચ્છા, જ્ઞાન અને અપ્રમાદ - ત્રણે મળે,
તે શાસ્ત્રયોગ બને છે અને તે જ્યારે શાસ્ત્રયોગને
પણ ઉલ્લંઘી જાય, ત્યારે સામર્થ્યયોગ બને છે.
તજ્જાપસ્તદર્થભાવનમ્ । અર્થાત્: જાપની સાથે
અર્થભાવન કરવું અથવા અર્થભાવનપૂર્વક જાપ કરવો.

ઉદ્ધાવા, સં. ૨૦૨૯, ચૈ - વ - ૧૧, સોમવાર, તા. ૨૭ - ૫ - ૭૩

નામજાપ એટલે શું ? તેનું માહાત્મ્ય શું ?

અર્થભાવન એ સાધ્ય છે, નામજાપ એ સાધન છે.
જાપ શબ્દમાં 'જ' એટલે જન્મનો વિચ્છેદ,
'પ' એટલે પાપનો વિચ્છેદ જેનાથી થાય, તે જાપ છે.
જાપના ત્રણ પ્રકાર : ભાષ્ય, ઉપાંશુ અને માનસ.

તો 'અજપાજાપ' જાપ એટલે શું ?

સમ્યગ્દૃષ્ટિ જીવના હૃદયમાં પ્રભુનામનો
સતત અજપાજાપ ચાલે છે કે :
'જે કાંઈ મને મળ્યું છે, તે ભગવાનની કૃપાથી મળ્યું છે.
તે સર્વ મારું નથી, કિન્તુ ભગવાનનું છે...'
એ ભાવ તે અજપાજાપ ગણાય. કહ્યું છે કે :
શાસ્ત્રસંદર્શિતોપાયસ્તદતિક્રાન્તગોચરઃ ।
શક્ત્યુદ્રેકાદ્વિશેષેણ સામર્થ્યાખ્યોઽયમુત્તમઃ ॥૧॥
અર્થાત્ : શાસ્ત્રમાં બતાવેલો જે ઉપાય, જે વિધિ, તેને
પણ ઓળંગીને સ્વશક્તિના અતિરેકથી વિશિષ્ટ પ્રકારે
થએલું જે આરાધન, તે સામર્થ્યયોગરૂપ કહેવાય છે.
તેના દૃષ્ટાંત તરીકે મેતાર્ય મુનિ, અઈમુત્તા મુનિ,
ગજસુકુમાલ મુનિ, ચંડકૌશિક સર્પ ઇત્યાદિ સમજવા.

શબ્દાર્થ - પ્રત્યયાનાં તુલ્યનામધેયા: । <u>અર્થાત્ઃ</u>
શબ્દ, અર્થ અને પ્રત્યય એક જ નામથી બોલાય છે
અર્થના બોધ માટે શબ્દ એ સાધન છે. શબ્દ બોલતાંની
સાથે જ સંકેત - સ્મરણ વડે અર્થબોધ થાય છે.
અર્થબોધ વડે અર્થ એટલે પદાર્થમાં રહેલાં
ગુણ અને શક્તિ વગેરેનું ઉદ્બોધન થાય છે,
તેમાં ચિત્તની એકાગ્રતા અને ભાવના થવાથી
મંત્રચૈતન્ય પ્રગટ થાય છે, તે પ્રકટ થવાથી
સર્વ કાર્યોની સિદ્ધિ સ્વયમેવ થવા લાગે છે.

<u>દર્શન - જ્ઞાન - ચારિત્ર - તપ શેના ભંડાર ?</u>
સમ્યગ્દર્શન એ શુભભાવોનો - સ્નેહરસનો ભંડાર છે.
સમ્યગ્જ્ઞાન એ વૈરાગ્યરસનો ભંડાર છે.
સમ્યક્ચારિત્ર એ સદ્ગુણોનો ભંડાર છે.
સમ્યક્તપ એ સર્વ સમૃદ્ધિનો ભંડાર છે.
પાંચ પરમેષ્ઠિ ભગવંતો ચારે ભંડારોના ભંડાર છે.
'નમો' પદ એ ભંડારોને ખોલવાની ચાવી છે.
નમ્ર થવું, સંવેદનશીલ થવું, ગ્રહણશીલ બનવું,
આદર, પ્રીતિ, બહુમાનવાળા બનવું તથા
નિશ્ચયનયથી અભેદપ્રણિધાન વડે એકત્વભાવન કરવું.

'નમઃ' રૂપી ચાવી વડે

ગુહ્યરત્નોના બધા ખજાનાઓ ખુલી જાય છે.

ગુરુમંત્રદેવતાઽઽત્મમનઃપવનાનાં ઐક્યનિષ્કલનાત્ | સિદ્ધિઃ

ગુરુ, મંત્ર, દેવતા, આત્મા, મન, પવનનું ઐક્ય વિચારવું.

અભ્યાસથી એકતાની પરિણતિ ઉત્પન્ન થશે.

મનન વડે રક્ષણ કરે, તે મંત્ર છે.

મંત્ર વડે મનનું અને પવનનું આત્મા સાથે ઐક્ય સધાય છે અને આત્મા તેના મનન દ્વારા ગુરુ તથા દેવતા સાથે ઐક્ય કરી લે છે.

મંત્રના અક્ષરો મન અને પવન સાથે સંબંધ ધરાવે છે.

મંત્રનો અર્થ દેવતા અને ગુરુ સાથે સંબંધ રાખે છે.

એ રીતે મન, મંત્ર, દેવતા, ગુરુ અને પવનનું ઐક્ય સધાતાં મંત્રચૈતન્ય પ્રકટે છે.

ગુરુ અને દેવતાનો સંબંધ ભવસ્તુતિ સાથે છે, તેથી મંત્રચૈતન્ય વિશ્વવ્યાપી બને છે અને તે દ્વારા સકલ ઇષ્ટની સિદ્ધિ થાય છે.

બલિના ૩ પ્રકાર : આત્મબલિ = અહંકારાદિનું બલિદાન.

આંતર્બલિ = ઇંદ્રિયો અને કામ - ક્રોધાદિની બલિ.

બહિર્બલિ = સાત્ત્વિક ફળ - ફૂલ આદિની બલિ.

## સત્ય સંકલ્પ એટલે શું?

સંકલ્પ = પ્રબળ ઇચ્છા, તેને સિદ્ધ કરવાની શક્તિ જેમનામાં હોય, તે સંકલ્પ કરે, તે જ પ્રત્યક્ષ થાય, તે સત્ય સંકલ્પ.

સંકલ્પ કદી મિથ્યા ન થાય, તે તેનું સત્યપણું સમજવું.

શબ્દશક્તિ એટલે મંત્રશક્તિ.

મંત્ર જ્યારે સકળ અવસ્થામાંથી પસાર થઈ નિષ્કળ અવસ્થાને પ્રાપ્ત કરે છે, ત્યારે તેને અધ્યયથી 'દેવતા' કહેવામાં આવે છે.

નિષ્કળ = નિર્વિકલ્પ, અનિર્વચનીય તેજોમય સમજવું.

માતૃકાશક્તિથી શુદ્ધ થયેલ મંત્રશક્તિ સુષુમ્ણા રૂપ મધ્યમાર્ગનો આશ્રય લઈ ક્રમશઃ ઊર્ધ્વગમન કરે છે.

પુરુષશક્તિ બે પ્રકારની : મંડળ - મુદ્રા વગેરે બાહ્ય અને નાદ, બિંદુ, કળા વગેરે આભ્યંતર પરિકરરૂપ.

### મંત્રયોગમાં 'મહાલય સમાધિ' એટલે...

ઇષ્ટના સ્વરૂપનું ધ્યાન કરતાં કરતાં પોતાની જાતને ભૂલી જવાય એવી અવસ્થા ઉત્પન્ન થાય છે તે.

તેને મંત્રયોગમાં 'મહાલયસમાધિ' કહે છે અને એજ 'મંત્રયોગ સમાધિ' છે.

## મંત્રશાસ્ત્રમાં ઉપયોગી શાસ્ત્રોક્ત વાતો

### પ્રાણક્રિયા સાધના

મંત્રશાસ્ત્રમાં પ્રાણાયામથી અતિરિક્ત શરીરના ભિન્ન ભિન્ન સ્થાનોમાં પ્રાણને લઈ લઈને સાધના કરવાની આસ્થા છે. આ બધી સાધનાને 'પ્રાણક્રિયા' સાધના કહે છે. ન્યાસ આદિની ક્રિયા તેમાં અંતર્ગત ગણાય છે.

### મંત્રશાસ્ત્રમાં ધારણા

બાહ્ય મૂર્તિ આદિમાં તથા શરીરની અંદર સ્થાનવિશેષમાં મનને સ્થિર રાખવાની ક્રિયાને 'ધારણા' કહેવામાં આવે છે.

### મંત્રશાસ્ત્રમાં મુદ્રા

મંત્રશાસ્ત્રમાં પોતપોતાના ઇષ્ટદેવને પ્રસન્ન કરવાની ચેષ્ટાઓને 'મુદ્રા' કહેવાય છે.

### મંત્રશાસ્ત્રમાં શુદ્ધિ

દિક્શુદ્ધિ, સ્થાનશુદ્ધિ, શરીરશુદ્ધિ, પ્રાણાયામાદિ દ્વારા મનઃશુદ્ધિ ઇત્યાદિ 'શુદ્ધિ' કહેવાય છે.

### શુદ્ધિના ચાર પ્રકાર

આસનશુદ્ધિ : કુશાસન, મૃગાસન, ઊર્ણાસનાદિની શુદ્ધિ.

જપશુદ્ધિ : ભાષ્ય, ઉપાંશુ, માનસાદિની શુદ્ધિ.

ધ્યાનશુદ્ધિ : મન દ્વારા ઇષ્ટના સ્વરૂપનું ધ્યાન કરવાની
જે સાધના કરવી, તે ધ્યાનશુદ્ધિ છે.

મંત્રશાસ્ત્રમાં સમાધિ

ભાવસમાધિ = ઇષ્ટના સ્વરૂપમાં પોતાની જાતનું વિલીનીકરણ.

મંત્રશાસ્ત્રમાં દિવ્યદેશ

મૂર્ધાસ્થાન, હૃદયસ્થાન, નાભિસ્થાન, ઘટ - પટ આદિ પાષાણાદિની મૂર્તિ, યંત્રાદિ ૧૬ પ્રકારના સ્થાનોમાં પીઠ બનાવવાને જે પૂજાદિ કરવું, તેને 'દિવ્યદેશ' કહે છે.

ચંદ્રની ૧૬ કળાઓની જેમ મંત્રયોગના ૧૬ અંગો:

(૧) ભક્તિ (૨) શુદ્ધિ (૩) આસન (૪) પંચાંગસેવન,
(૫) આચાર (૬) ધારણા (૭) દિવ્યદેશસેવન
(૮) પ્રાણક્રિયા (૯) મુદ્રા (૧૦) તર્પણ (૧૧) હવન
(૧૨) બલિ (૧૩) યાગ (૧૪) જપ (૧૫) ધ્યાન (૧૬) સમાધિ.

અદ્ભુત એવા ઉવસગ્ગહરં સ્તોત્રની ગાથાઓમાં...

ગાથા ૧ = ઇષ્ટગીત - સ્તુતિ.
ગાથા ૨ = સર્વસ્ત્રનાશ - રોગોપશમન.
ગાથા ૩ = સ્તવ - સ્તુતિ.
ગાથા ૪ = કવચ - શક્તિ.
ગાથા ૫ = હૃદય - યાચના.

## સાધક દૃષ્ટિનું માહાત્મ્ય

જ્યાત્મા તો શાતા - અશાતારૂપ છે, તે ઔદયિક ભાવનો
સાધક - સાક્ષીમાત્ર છે, એમ પ્રાજ્ઞ બુદ્ધિએ સમજે છે.
નમસ્કારમંત્રનું સ્મરણ પણ તે જ સાધકભાવ અર્થે છે.

જીવ સાધક માત્ર છે.

સાધક દૃષ્ટિની સિદ્ધિ થયા વિના
ઉદાસીનતાનો પ્રકાર ન હોઈ શકે.

વસ્તુને વસ્તુગતે જુઓ - વસ્તુધર્મ યાદ કરો.

જગત જેમ છે, તેમ તટસ્થતાની દૃષ્ટિએ જુઓ.

'જગત' કહેતાં છ એ છ દ્રવ્ય આવી ગયાં.
એ છ દ્રવ્યોની મહાસત્તા
ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યાત્મક છે, તે પણ એમાં આવી ગયું.

સાધક દૃષ્ટિની શરૂઆત ચતુર્થ ગુણસ્થાનકથી અને
તેની પૂર્ણતા ૧૩મે સયોગી ગુણસ્થાનકે થાય છે.

'સર્વ ભાવ જ્ઞાતા - દૃષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો.'

अपदस्स पदं नाऽस्ति ।

સેવા - ભક્તિ - વિનય - વૈયાવચ્ચાદિ બાહ્ય ભક્તિ છે,
અંતરંગ ભક્તિ આજ્ઞાપાલન રૂપ છે.

## અસંગ ઉપયોગ દૃષ્ટિ એટલે શું?

સ્વરૂપરમણતા તો અત્યંત કઠિન, અતિ દૂર - સુદૂર છે,
કેમકે અભેદ સ્વરૂપ આત્મામાં અભેદ ઉપયોગ છે.
તે ઉપયોગ જો ઘડી પર્યંત જો ટકી રહે,
તો જીવ ક્ષપકશ્રેણિ માંડી ક્ષાયિક લબ્ધિને પ્રાપ્ત કરે.
તે 'અસંગ ઉપયોગ દૃષ્ટિ' છે,
તેની સન્મુખતા સાધવા જાય, તો પણ ઘણું છે.
સત્શાસ્ત્રોનું વાંચન ચિત્તસ્થૈર્ય માટે પરમ ઔષધ છે,
આત્મપ્રેરણાનું પ્રશસ્ત લોકોત્તર નિમિત્ત છે.
ચિત્તની યથાયોગ્ય સ્થિરતા થાય, તો (આંશિક)
સ્વરૂપ આચરણ અર્થાત્ આંશિક ચારિત્રગુણ પ્રગટે.
સમ્યગ્દૃષ્ટિને આંશિક સ્વરૂપ આચરણ યાને ચારિત્ર
પ્રગટવાથી અનંતાનુબંધી કષાયનો ક્ષયોપશમ આદિ થાય
અને તે ચારિત્ર જ અનુક્રમે
યથાખ્યાત ચારિત્ર પર્યંત પહોંચાડે છે. સુવિદિત એટલે કે
સમ્યક્ પ્રકારે શુદ્ધ આત્મતત્ત્વ વિદિત કર્યું છે અર્થાત્
શુદ્ધાત્મતત્ત્વને સ્વસંવેદન પ્રત્યક્ષથી અનુભવ કર્યું છે તે.
'ઉપાદાનની બળવાન સ્થિતિ થવા અર્થે
નિરંતર સત્સંગ જોઈએ.'

અકુદરતી એવો પુરાણ પુદ્ગલ આત્મા જ
સ્વયંભૂત કુદરતનો એક સાક્ષી માત્ર છે.
જે ગુણ પોતાને વિષે નથી, તે ગુણ પોતાને વિષે છે,
એમ માને છે તથા મનાવે છે, તે મિથ્યાદૃષ્ટિ જાણવા.
જડ - ચેતનની ભિન્નતા દર્શાવનારા નકશાને
વાંચવા - વિચારવાથી ત્યાગવૃત્તિ જાગે છે અર્થાત્
વિભાવને છોડવાની વૃત્તિ જાગે, આવરણભંગ થાય છે.
'જડ - ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહિ, ત્રણે કાળ દ્વયભાવ.' ...(૧)
સ્વદ્રવ્ય - શુદ્ધ હું, શુદ્ધ ચૈતન્ય, સોઽહં તત્વ, સાધક તત્વ
તેમાંથી જ્ઞાનરૂપી પ્રકાશ નીકળ્યા કરે છે,
તેમાં પરદ્રવ્ય - સર્વ પદાર્થો પ્રગટ થાય છે.
સામાન્ય - વિશેષ સ્વરૂપ નિજદ્રવ્યના
પર્યાય બે પ્રકારના: શુદ્ધ - અશુદ્ધ. તેમાં વિભાવ
પર્યાય મનમાં ઉઠતાં શુભાશુભ સંકલ્પ-વિકલ્પરૂપ છે.
શુદ્ધ પર્યાય ચેતન, અમૂર્ત, નિત્ય,
અબંધ તથા સંવરરૂપ છે અને
અશુદ્ધ પર્યાય અચેતન, રૂપી,
અનિત્ય, બંધ અને આશ્રવ તત્વરૂપ છે.

ચેતનનો રાગાદિ વિભાવભાવ નિમિત્તના યોગે થતો હોવાથી તેને જડ ભાવમાં - અચેતન ભાવમાં ગણ્યો છે. દ્રવ્ય દૃષ્ટિએ સ્વસ્વરૂપમાં રાગાદિ વિભાવભાવ નથી, પર્યાય દૃષ્ટિએ અશુદ્ધ ઉપયોગમાં વિભાવભાવ છે.

<u>આરાધનારૂપી રથના ૨ ચક્રો : ગુણાનુરાગ - સ્વદોષદર્શન.</u>

<u>'સમયસાર'માં કહ્યું છે કે :</u>

'હું શુદ્ધ ચૈતન્ય પરમ જ્યોતિરૂપ સદા ય છું.'

આ 'જે' મારાથી ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના શુભાશુભ રાગાદિ ભાવો પ્રકટ થાય છે, તે હું નથી, કેમકે તે બધાં મારાથી પરદ્રવ્યરૂપ છે, તેથી હું જુદો છું.

'હું દેહાદિ સર્વ પરદ્રવ્યોથી ભિન્ન<br>ચૈતન્યસ્વરૂપ સાધક આત્મા છું.'

'હું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ માત્ર નિર્વિકલ્પ દ્રષ્ટા છું.'

'દેહથી ભિન્ન સ્વરૂપ સ્વપરપ્રકાશક પરમ જ્યોતિ-સ્વરૂપ આત્મા અંતર્મુખ થઈ - સ્થિર થઈ આત્મામાં જ રહેતો અનંત - અપાર આનંદનો અનુભવ કરે.'

<u>પ્રભુની આજ્ઞાનું પાલન શા માટે</u> ?

ઇચ્છામાં અપ્રકૃતિનો સ્વીકાર છે, આજ્ઞામાં પ્રકૃતિનો અંગીકાર છે. ઇચ્છા એ રોગ છે, આજ્ઞા એ ઔષધ છે.

આજ્ઞાની વફાદારી એ આરાધનાનો પ્રાણ છે,
પ્રભુની આજ્ઞા માનવાથી
અહંભાવ - મમભાવનું વિલીનીકરણ થાય છે,
બહિરાત્મભાવ મટી અંતરાત્મભાવ પ્રગટે છે અને
તેમાં સ્થિર થવાથી પરમાત્મભાવનો આવિર્ભાવ થાય છે.
પ્રભુની આજ્ઞાનું પાલન કરવું, તે પ્રતિપત્તિ પૂજા અને
મનને કાબૂમાં રાખે, તે મંત્ર.
સાધનામાં અહોભાવ વધવા જપની જરૂર છે.

અલ્પ ફળવાળો જાપ રોકવા શું કરવું?

अंगुल्यग्रेण यज्जप्तं यज्जप्तं मेरुलंघने ।
व्यग्रचित्तेन यज्जप्तं तत्प्रायोऽल्पफलं भवेत् ॥

અર્થાત્: આંગળીના અગ્ર ભાગથી, મેરૂ ઉલ્લંઘન કરીને
અને વ્યગ્ર ચિત્તે જાપ કર્યો હોય,
તે પ્રાયઃ અલ્પ ફળવાળો થાય છે. આમ આ શ્લોકથી
અંગુલિના અગ્રભાગાદિથી જાપનું અલ્પ ફળ કહ્યું છે.
નંદાવર્ત આદિ આવર્તોનો જાપ અંગુઠાથી થાય છે અને
તેનું ફળ ઉત્તમ ગણાય છે, તેથી
માળાજાપ પણ અંગુઠાથી કરવો યોગ્ય છે.
सर्वे वर्णाः शिवात्मकाः । मन्त्राः (सर्वे) वर्णात्मकाः ।

## જાપના ત્રણ પ્રકારોના દૃષ્ટાંત

ભાષ્ય જાપ હાથથી ફેંકેલા પત્થર સમાન છે,
ઉપાંશુ જાપ ગોફણમાં ચઢાવીને ફેંકેલા પત્થર સમાન અને
માનસ જાપ બંદૂકમાંથી છોડેલી ગોળી સમાન છે.
આ દાખલાઓ માત્ર સમજવા માટે છે,
તત્ત્વથી તો જાપમાં અનંત શક્તિ છે.

## સુમુનિ નિર્મિત મંત્રવાદ

ઉત્તમ મુનિઓ કે જેઓ ધ્યાની, યોગી, તપસ્વી અને પવિત્ર વચનયુક્ત ઉત્કૃષ્ટ સંકલ્પવાળા હોય, તેમના મુખમાંથી શબ્દોની રચના મંત્રસ્વરૂપ બની જાય છે. તેઓ પોતાના હૃદયમાં જે સંકલ્પોને ધારણ કરે છે, તે બરોબર ફળે છે. આ રીતે દેવતાશ્રિત મંત્રવાદ અને મંત્રાત્મક દેવતાવાદ પણ પોતાનું અસ્તિત્વ કાયમ કરે છે. ઉત્તમ મુનિઓના સત્ય સંકલ્પ અને ઉત્કૃષ્ટ તપના કારણે એમ મંત્રો ફળે છે, તેમ જે દેવોને ઉદ્દેશીને મંત્ર હોય, તેનું ફળ તે તે દેવો તરફથી મળે છે.

## મંત્રાક્ષરો ક્યારે અવશ્ય ફળે?

મંત્રના અક્ષરો પણ વિધિયુક્ત ધ્યાનના બળે
અભેદપ્રણિધાન થાય, ત્યારે અવશ્ય ફળે છે.

## આમ્નાય - વિશ્વાસબાહુલ્ય - એકતાભાવન

આમ્નાય એટલે ગુરુ પરંપરાગત આમ્નાયનું અનુસરણ,
મંત્રપ્રદાતા અને મંત્રદ્રષ્ટાનાં આમ્નાયનો નિર્ણય.
વિશ્વાસનું બાહુલ્ય એટલે મંત્રશાસ્ત્રનું પ્રામાણ્ય.
અત્યંત વિશ્વાસવાળો હોય, તે જ અનુભવ કરે.
એકતાનું ભાવન એટલે ગુરુ, મંત્ર, દેવતા, આત્મા,
મન, પ્રાણમાં એકતાની ભાવના, તેથી આત્મસાત થાય.
રજોગુણ ચિત્તને ચંચળ કરે, તમોગુણ ચિત્તને સંકુચિત કરે.
બંને પ્રકારના દોષો ભક્તિના અતિશયથી દૂર થાય છે.

મંત્રોનો સંબંધ મનનશક્તિ સાથે છે,
મનનશક્તિ સાત્ત્વિક ચિત્તમાં રહે છે.

રજો-તમોગુણ નાશથી ચિત્તમાં સત્ત્વગુણ ઉદય પામે છે.
સાત્ત્વિક ચિત્તવાળાને જ સર્વ પ્રશસ્ત સિદ્ધિઓ વરે છે.
જપ આદિ દ્વારા પદ-અર્થ-શબ્દની શુદ્ધિ થાય છે.
તે શુદ્ધ થાય, ત્યારે મધ્યમાદિ દિવ્ય વાણીઓમાં પરિણમે.
એક પણ પદ જો સમ્યક્પણે શુદ્ધ કરાય, તો તેના
પ્રભાવથી ધ્યાતાને સિદ્ધિઓ વરે છે. એક જ શબ્દને
સારી રીતે જાણવા શ્રુત-ચિંતા-ભાવનાની જરૂર છે,
તેથી સમ્યક્પ્રયોગ કરવા બાહ્ય ઘણી સામગ્રી જોઈએ.

અક્ષરનું પણ માહાત્મ્ય છે, તો જાપ જાપ
ચિંતન - ધ્યાનાદિનું માહાત્મ્ય તો સુતરાં સવિશેષ છે.
મંત્રમાં જે નિર્મળતા અને પવિત્રતા આવે છે,
તે સુમુનિઓમાં રહેલ વિશેષ પ્રકારની
અભેદ પ્રણિધાનની શક્તિના કારણે આવે છે.
જેમ મંત્રદૃષ્ટા ઋષિઓ રત્નત્રયી - તપોગુણથી સહિત
હોય છે, તેમ સાધક પણ સત્પાત્રતા હોવો જોઇએ,
તો જ તેને મંત્ર શીઘ્રપણે ફળ આપે છે.
મંત્રપ્રદાતા અને મંત્રસાધક - બન્ને તત્ત્વના જાણકાર
હોય, તો તો મંત્રનું ફળ અલ્પકાળમાં જ મળે છે.

સમાલંબન એટલે સમ્યક્ આલંબન.

ધ્યેયમાં ઉપયોગની એકતા તે આલંબન,
તે જો આમ્નાય અનુસાર અને વિશ્વાસપૂર્વક હોય,
તો તેને 'સમાલંબન' કહેવાય છે.
લક્ષ્યાલક્ષ્યની ઉત્પત્તિ - અલક્ષ્યને ઓળખવા સાધવા
માટે લક્ષ્યનું - પદસ્થ ધ્યેયનું યથાવિધિ આલંબન લેવું,
તે પણ સમાલંબન છે.
સમાલંબનની બધી પ્રક્રિયાઓ ચારમાં સમાઈ જાય છે:
(૧) જાપ (૨) સ્મરણ (3) ચિંતન અને (૪) ધ્યાન.

### (૧) સમાલંબનની પ્રક્રિયામાં જપ

'મંત્રરાજના અભિધેય પ્રથમ પરમેષ્ઠિ જ પરમતત્ત્વ છે,
તે પરમતત્ત્વ પોતાનો (આત્માનો) જ સ્વભાવ છે'
એવું જે આંતરિક પરામર્શન - તે ઉત્તમોત્તમ જપ છે.
એ પરામર્શનના પ્રભાવે નાદનાં જે
સતત આંદોલનો ઉત્પન્ન થાય, તે તાત્ત્વિક જપ છે.
જપ જ્યારે પ્રબળ સમ થાય, ત્યારે એકાગ્રતા વધે છે.
સકલ - ઉચ્ચારથી નિષ્કલ ઉચ્ચાર અને નિષ્કલ ઉચ્ચારથી
અનુચ્ચારતા આવે, ત્યારે મધ્યમાગની ઉન્મુક્તતા દ્વારા
મધ્યમાગે સંલગ્નતાના અંતે અનાહતમાં વિશ્રાંતિ થાય.

### (૨) સમાલંબનની પ્રક્રિયામાં સ્મરણ

કામ - ક્રોધાદિથી ભાવ્યમાન કન્યા - શત્રુ આદિ શબ્દો
જેમ રીતે મન ઉપર અસર કરે છે,
તેમ જ રીતે સત્કારાદિથી ભાવ્યમાન સિદ્ધાન્ત પદો
આત્મા ઉપર અત્યંત પવિત્ર અસર કરે છે, કેમકે
તે સ્મરણ આંતરિક સંવિદ્‌થી અભિન્ન હોય છે.

### (૩) સમાલંબનની પ્રક્રિયામાં ચિન્તન

ઉભય ચિત્તથી જ વિશ્રાંતિ સ્થિરતાપૂર્વકના ચિંતનની મૌન
ક્રિયાની તે ક્ષણે ઇંદ્રિયોનો વિષયોથી પ્રત્યાહાર થાય છે.

## (૪) સમાલંબનની પ્રક્રિયામાં ધ્યાન

'તત્ર પ્રત્યયૈકતાનતા ધ્યાનં ।'

'ધ્યાન'નો અર્થ છે કે:

વિજાતીય વૃત્તિથી અસ્પૃષ્ટ એવો સજાતીયવૃત્તિનો પ્રવાહ.

મંત્રનું પરમ કાર્ય આત્મલાભ છે.

તે લાભની પ્રાપ્તિ પૂર્વેની જે સ્વરૂપાદિ અવસ્થા છે,

તે પણ સાધનભૂત મંત્રકાર્ય છે.

વસ્તુને યથાર્થ જાણી અને તે રીતે જ કહે, તે આપ્ત છે.

જેનું વચન અવિસંવાદિ તથા સફલ પ્રવૃત્તિજનક હોય છે

તેથી આપ્તજનો આદેય હોય છે.

પદસ્થ ધ્યાન એટલે...

ગુરુકથિત પવિત્ર મંત્રપદોનું સર્વાંગ પરિપૂર્ણ આલંબન.

પદસ્થ ધ્યાનથી ધ્યેયમાં ધ્યાતાનો તન્મયભાવ થઈને

પરમાત્મપદના લાભ સુધીના ઘણા લાભો થાય છે.

જ્યારે કોઈ વસ્તુ ભારપૂર્વક કહેવાની હોય, ત્યારે

તે ત્રણ વખતનું કથન ત્રણ કાળ, ત્રણ કરણ અને

ત્રણ યોગપૂર્વકપણું સૂચવે છે.

'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.'

o

A will will find a way.

આચાર્ય હરિભદ્રસૂરિ કહે છે કે:

કૃત્વા યદર્જિતં પુણ્યં, મયૈનાં શુભભાવતઃ ।
તેનાસ્તુ સર્વસત્ત્વાનાં, માત્સર્યવિરહઃ પરઃ ॥૫॥

અર્થાત્ : 'લલિત વિસ્તરા' ગ્રંથની રચના કરીને
મારાથી જે પુણ્ય ઉપાર્જવામાં આવ્યું,
તેનાથી સર્વ જીવોને ઉત્કૃષ્ટ માત્સર્ય ત્યાગ થાઓ,
જીવોમાંથી ઈર્ષ્યા - અસૂયાદિ દોષો નાશ પામો.
માત્સર્ય મોટો દોષ છે, તે ગુણાનુરાગનો પ્રતિપક્ષ છે.
ગુણરૂપી ફળ આવવા માટે
ગુણપ્રશંસા, ગુણરાગ, ગુણઆકર્ષણ એ બીજરૂપ છે.
બીજ વિના ફળ કેમ ઉત્પન્ન થાય?
ગુણ કાંઈ બજારમાં વેચાતો નથી, દોષના ત્યાગ પછી
જે બાકી રહે, તે જ ગુણ અને તે જ સ્વસ્વરૂપ.
માત્સર્ય દોષનો નાશ ઈચ્છશો,
એમાંથી ગર્ભિત રીતે બીજા જીવોને ગુણપ્રાપ્તિ ઈચ્છી.

ક્વચિ ગ્રન્થે મતિરનિપુણા સંપ્રદાયે ન તાદૃક્,
શાસ્ત્રં તન્ત્રાન્તરમતગતં સંનિદિષ્ટં નો તથાપિ ।
સ્વસ્ય સ્મૃત્યૈ પરહિતકૃતે ચાત્મબોધાનુરૂપં,
માગામાગાઃ પદમહમિહ વ્યાપૃતશ્ચિત્તશુદ્ધ્યૈ ॥ (परिशिष्ट-२)

જ્યારે મનુષ્ય પોતાના તન-મન વિષે રાગરહિત થાય,
ત્યારે બધા દોષો આપમેળે કરમાઈ જઈ નાશ પામે.

શરીર અને મન એ કુદરતનાં યંત્રો છે અને
મનુષ્યને ઉપયોગ કરવા માટે આપવામાં આવ્યાં છે.
અવિવેકને લઈને જેમ મનુષ્ય પોતાને શરીર અને મન
માની લે છે, તેમ તેમની મર્યાદાઓ પણ અપનાવી લે છે.
આ ખોટી એકાત્મતામાં મેળવેલા ગુણ પણ દોષ છે,
કારણ કે અહંતાવાળો ગુણ એ દોષનું બીજ છે.

'શરીર અને મન કુદરતે થોડો વખત ઉછીનાં આપ્યાં છે'
એમ માનીને જેઓ વર્તે છે,
તેઓ તેમની મર્યાદામાં બંધાતા નથી.

જેમ એક દોષ સંપૂર્ણ મટી જાય, એટલે
બધા જ દોષો સંપૂર્ણ દૂર થાય છે, તેમ એક સદ્ગુણ
પ્રાપ્ત થાય એટલે બધા જ સદ્ગુણ આવી મળે છે.

જે એક અંશ તરીકે અલગ થાય છે અને છતાં પણ
તે આખું પૂર્ણ રહે છે, તે છે ભગવાન.
અંશમાં પૂર્ણને જુએ છે, તે જ જુએ છે.
જ્યાંથી તે અંશે પોતાનું અસ્તિત્વ મેળવ્યું હોય છે,
તે તો અખંડ જ રહે છે.

## 'નમો' પદની અનુપ્રેક્ષા

નમસ્કાર બે પ્રકારે થાય : દ્રવ્યથી અને ભાવથી.

(a) દ્રવ્ય નમસ્કાર એટલે...

ગાત્ર સંકોચી નમનની અંજલિબદ્ધ અવસ્થા,
વચન સંકોચી પચ્ચક્ખાણમાં પ્રતિબદ્ધતા અને
મન સંકોચી નમસ્કરણીયના ગુણોમાં એકાગ્રતા.

(b) ભાવ નમસ્કાર એટલે...

અશુભભાવોથી મનને સંકોચી શુભભાવમાં પ્રતિબદ્ધ કરવું.
એ ચિન્તન નજર સામે જાણે સાક્ષાત્ હોય,
હાર્દિક - પ્રતીતિવાળું હોય, પરમ સંયોગનું કારણ હોય,
સંયોગની દૃઢતા કરાવનારૂં હોય તથા
રાગાદિ મોહનાં બંધનને કાપનારૂં હોય!

## 'અરિહંતાણં' પદની અનુપ્રેક્ષા

અરિહંત કેવા સ્વરૂપવાળા હોય?

અષ્ટ - પ્રાતિહાર્યની મહાપૂજા સમેત હોય, ત્રણ ગઢયુક્ત સમવસરણના મધ્યભાગમાં દેવનિર્મિત સ્વર્ણ સિંહાસન ઉપર બિરાજિત હોય, ૯ સુવર્ણકમળ ઉપર પાદપદ્મને મૂકીને ચાલતાં હોય, ૬૪- દેવેન્દ્રોથી પરિવરિત હોય, કેવળજ્ઞાનરૂપી ભાસ્કરથી સકલ લોકને પ્રકાશિત કરતાં હોય,

ધર્મદેશના દેતા હોય ઇત્યાદિ સ્વરૂપે ચિન્તવવા.
એ ચિન્તવનથી વિશેષ ધર્મો સ્પષ્ટ થાય છે અને
વિષય - કષાયના બંધનો શિથિલ થાય છે.

तप्पुव्विया अरहया । અર્થાત્: અર્હતા,
અરિહંતપણું યા અરિહંતસંબંધ વચનપૂર્વક હોય છે.
વચન એ અર્થ, જ્ઞાન અને શબ્દરૂપ છે.

सत् अकारणवत् नित्यं । અર્થાત્:
જે વસ્તુ સત્ હોય અને કારણજન્ય ન હોય,
તે નિત્ય હોય, જેમકે આકાશ.

બોધિ એટલે ચારિત્ર અને તીર્થસિદ્ધ એટલે...
ચતુર્વિધ શ્રમણસંઘમાં ઉત્પન્ન થઈ સિદ્ધ થયેલ.

પરોપકાર માટે આત્મભાવની વૃદ્ધિ અર્થાત્
આપણે સિદ્ધ કરેલ ધર્મ યા ગુણ બીજાને પમાડવો.
એ પમાડવાનો આત્મભાવ - ભાવોલ્લાસ વધે,
એ માટે નમસ્કારનું ફળ બીજાને તારનાર બતાવ્યું છે.
'આત્મભાવ' એટલે જે ચેતન સર્વત્ર વ્યાપી રહેલું છે,
તેની એકતા સમજી અભેદ કરવો. તેને અનુભવવામાં
રહેલું ખરૂં સુખ પામવું, એ જ દરેકના જીવિતવ્યનો
હેતુ છે, બીજું સુખ સુખાભાસ છે યા દુઃખસ્વરૂપ છે.

સુખ અને દુ:ખ જેવું કાંઈ નથી,
માત્ર માણસના મનની કલ્પના છે.
જો પદાર્થોમાં સુખ અથવા દુ:ખનો ધર્મ હોત,
તો તે સર્વને એક જ રૂપે સમજાત.
સ્વાભાવિક ધર્મ = સર્વ સ્થળે - કાળે એક રૂપે જ કામ કરે,
જેમ અગ્નિની ઉષ્ણતા. તેનો સ્વભાવ તાપ આપવાનો છે,
તે બધે જ સરખો છે. બાહ્યપદાર્થો તેવાં નથી, તે એકને
સુખ તો બીજાને દુ:ખ આપે છે. એક જ વ્યક્તિને તેની
અવસ્થા બદલાયે તે સુખને બદલે દુ:ખરૂપ થાય છે.
'સુખ અને દુ:ખ એ અગ્નિના બાળવાપણાં જેવો
સ્વાભાવિક ધર્મ નથી, એ તો માત્ર મનની કલ્પના છે.'
મન નિર્દ્વંદ્વ થાય, તો કલ્પિત સુખને માટે
ફાંફાં મારવાનું મન નહિ થાય.
જીવનો સ્વભાવ સિદ્ધધર્મ - અભેદભાવ છે. એનાથી
સુખ - દુ:ખ ટળી જઈ કેવળ સુખનો જ ઉદય થાય છે.
એ સુખ પામવું એજ જીવનનો હેતુ છે.
અભેદભાવને બાધા ન પહોંચે,
એવું બધું જ આચરણ તે નીતિવાળું આચરણ છે,
એવો વ્યવહાર એ જ નીતિમય વ્યવહાર છે.

અરિહંતનો પ્રભાવ એટલે... વિશિષ્ટ તથાભવ્યત્વવાળી અચિન્ત્ય શક્તિયુક્ત કર્મનિરપેક્ષ આત્મશક્તિનો પ્રભાવ.

ત્રણ પ્રકારની કાળ - અવસ્થા

અરિહંતધર્મની અવસ્થા તે ધર્મકાળ અવસ્થા,
તીર્થંકરનામકર્મ આદિ ભોગવવાની અવસ્થા તે કર્મકાળ,
આત્માનાં શુદ્ધ સ્વરૂપની પ્રકટ અવસ્થા તે તત્ત્વકાળ.

તેનું મૂળ કારણ પ્રણિધાન છે.

સતત નિરંતર ધારાએ જિનપૂજારૂપ સત્કારનાં આસેવનથી શ્રદ્ધાદિ પાંચ ભાવોની ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહે છે.

શ્રદ્ધા = સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગની રુચિ.
વીર્ય = મોક્ષમાર્ગના અનુષ્ઠાનો આચરવાની શક્તિ.
સ્મૃતિ = અનુષ્ઠાનો આદિ પદાર્થોનું સ્મરણ.
સમાધિ = ચિત્તનું સ્વાસ્થ્ય.
પ્રજ્ઞા = ગહન વિષયોનું બહુ, બહુવિધ, અસંદિગ્ધ જ્ઞાન.

ખાસ યાદ રાખવા જેવી ચાર વાત

(૧) બીજાનો ઉપકાર ભૂલવો નહીં.
(૨) પોતે કરેલો ઉપકાર યાદ કરવો નહીં.
(3) બીજાએ કરેલો અપકાર યાદ કરવો નહીં.
(૪) પોતે કરેલો અપકાર કદી ભૂલવો નહીં.

આગમથી ભાવનિક્ષેપે અરિહંતનું જ્ઞાન
જો રુચિવાળું હોય, તો સમ્યક્ત્વ સહિત અને
રુચિહીન હોય, તો મિથ્યાદૃષ્ટિ અને અભવ્ય જેવું.
'રુચિ' એટલે વીતરાગભાવ પ્રગટ કરવાના
અન્ય ઉપાયોના આદરવાળું.
જ્ઞાન વડે રુચિ અને રુચિ વડે વીર્ય પ્રકટે છે.
ઉપયોગપૂર્વક પ્રણિધાન તે છે કે જેમાં
મુક્તિ-મુક્તિસાધક-મુક્તિસાધન ઉપર આદરભાવ હોય.
નમસ્કારમાં ઉપયોગનો અર્થ
ધર્મપ્રશંસા અને પાપગર્હા ભરેલો હોય. તે ન હોય તો
કેવળ વાચ્યાર્થમાં ઉપયોગ તો અભવ્યાદિને પણ હોય,
લક્ષ્યાર્થમાં પણ ઉપયોગ હોવો જોઈએ.
સર્વનો ઐદંપર્યાર્થ આજ્ઞાપાલનનો ભાવ છે.
દ્રવ્ય-ભાવસંકોચનો અર્થ મદ તથા માનનો ત્યાગ છે.
ભાવનમસ્કાર છ આવશ્યકોમાં પ્રાણ પૂરનાર ઇત્યાદિ,
કિન્તુ છ આવશ્યકરૂપ જ ઇત્યાદિ.
નમસ્કાર એ ધર્મપ્રશંસારૂપ અને દુષ્કૃતગર્હારૂપ છે.
હૃદયમાં દુષ્કૃત પ્રત્યે ગર્હાભાવતા અને
સુકૃત પ્રત્યે અનુમોદનાભાવતા, એ નમસ્કાર ભાવ છે.

પ્રભુની ભક્તિમાં આત્મસમર્પણ છે અને આજ્ઞાપાલનમાં
મન - વચન અને કાયાના વ્યાપારોનું શુદ્ધ પ્રવર્તન છે.

તીર્થની શુદ્ધિ તીર્થંકરોની આજ્ઞાથી છે અને
તીર્થંકરોની ઉત્પત્તિ તીર્થના બહુમાનથી છે.
'સંઘ' એટલે આજ્ઞા પાળનારાઓનો સમુદાય.
અહીં આજ્ઞાપાલન મુખ્ય છે.

આજ્ઞા દ્વારા આજ્ઞાકારક તીર્થંકરો આવી જાય છે,
એટલે સંઘના બહુમાનમાં તીર્થંકરોનું બહુમાન રહેલું છે
અને તીર્થંકરોના બહુમાનમાં સંઘનું બહુમાન રહેલું છે.

'ભારત' શબ્દનો અર્થ શું?

ભારતમાં જ્યાં શુદ્ધ ઈશ્વરવાદ, કર્મવાદ અને
પ્રારબ્ધવાદ સાથે શ્રદ્ધાવાદ રહેલો છે,
ત્યાં શુદ્ધ કોરા સામ્યવાદને સ્થાન નથી.
ભા + રત = ભજનમાં રક્ત.
જ્યાંના લોકો ભજનમાં સદા રત રહે છે,
એનું નામ છે 'ભારત'.

o ઐશ્વર્યં શત્રુસંકાશં યૌવનં કુસુમોપમં ।
ક્ષણં ચંચલમાયુષ્યં તસ્માજ્જાગ્રત જાગ્રત ॥૧॥

- વેદાંતસાર (પરિશિષ્ટ-૩)

શ્રુતધર્મ એટલે શાસ્ત્ર - આગમરૂપી
સમ્યક્શ્રુતનું અધ્યયન, અધ્યાપન, ચિન્તન તથા ભાવન.
ચારિત્રધર્મ એટલે શાસ્ત્રે કહેલ
વિધિ - નિષેધનો આદર, વિધિનું પાલન, નિષિદ્ધનો ત્યાગ
અર્થાત્ વિધિમાં પ્રવૃત્તિ અને નિષિદ્ધથી નિવૃત્તિ.
'તત્ત્વબોધ' એનું નામ છે કે જે
યથાશક્તિ હેયનો ત્યાગ તથા ઉપાદેયનું ગ્રહણ કરાવે જ.
પ્રવૃત્તિ પણ શુદ્ધ આશયવાળી હોય, તો જ ફળે.
સાધનપ્રાપ્તિ એનું નામ છે કે જેથી ફળ સિદ્ધ થાય.
મહામિથ્યાદૃષ્ટિઓ અચરમાવર્તમાં હોય છે,
મિથ્યાદૃષ્ટિ જીવો ચરમાવર્તમાં આવી ગયા હોય છે.
એમનામાં ધર્મબીજનું આધાન વગેરે થવાની યોગ્યતા છે.
ધર્મનો જય થાઓ, પાપનો ક્ષય થાઓ,
પ્રાણીઓ પ્રત્યે સદ્ભાવના હો, વિશ્વનું કલ્યાણ હો. (૧)
પાપનો ક્ષય થાઓ, ધર્મનો જય થાઓ,
પ્રાણીઓ પરસ્પર પ્રેમભાવનાવાળા બનો તથા
વિશ્વનું કલ્યાણ હો. (૨)
જેને જે ઇષ્ટદેવ હોય, તેણે તે પ્રમાણે
આત્મહિતબુદ્ધિથી પૂજન કરવું, તે માટે ધર્મશાસ્ત્ર પ્રમાણ છે.

'ભાવસંનિધાન' એટલે ભાવથી જ્ઞાનોપયોગરૂપે પ્રભુને દિલમાં વસાવવા એ શુભભાવનું સાંનિધ્ય. જિનમહિમાની એમ વીતરાગનો અચિન્ત્ય પ્રભાવ પોતાનું કાર્ય કરે છે.

## સરક્યા કરવું તે સંસાર.

એક ભવમાંથી બીજા ભવમાં, એક ગતિમાંથી બીજી ગતિમાં,
એક કાયામાંથી બીજી કાયામાં,
એક કષાય ઉપરથી બીજા કષાયમાં,
એક વિષય પરથી બીજા વિષયમાં, એક કર્મના ઉદયમાંથી
બીજા કર્મના ઉદયમાં સરક્યા કરવું, તે સંસાર.
ભવ એટલે બંધન, મોક્ષ એટલે છૂટકારો.

## માર્ગાનુસારીના ગુણો

નિર્મળતા: સુખરૂપ સંસાર પણ બંધનરૂપ લાગે, ત્યારે નિર્વેદ આવ્યો ગણાય. દુષ્કૃતગર્હા કે સુકૃતાનુમોદના પણ સાચી તો જ થાય કે જો ભવનિર્વેદ હોય.
શરણાગમન પણ તો જ સાચું આવે.

સરળતા : માર્ગાનુસારી - તત્ત્વાનુસારી, સરળ, ભદ્રકપ્રકૃતિ, પ્રજ્ઞાપનીય, અસદ્ગ્રહમુક્ત, અવક્ર,

तत्त्वं तु केवलिगम्यं ।

'શિષ્ટ કહે તે પ્રમાણ.'

સ્થિરતા - સ્વસ્થતા: ઇષ્ટફલસિદ્ધિ એટલે અવિરુદ્ધ
આજીવિકા રૂપ ઇચ્છિત કાર્યની સિદ્ધિ -
ચિત્તની પ્રસન્નતા જળવાઈ રહે તેમ,
ચિત્તની નિરુત્સુકતા - સ્વસ્થતાને બાધા ન પહોંચે તેમ.

આર્દ્રતા: ચિત્તસ્વાસ્થ્યની સાથે હૃદયની કોમળતા જોઈએ,
જે લોકવિરુદ્ધ કાર્યોનો ત્યાગ સ્વતઃ લાવે.
લોકવિરુદ્ધ વ્યવહાર એટલે લોકોનાં ચિત્તમાં
દ્વેષ - દુર્ભાવ - ખેદ - ક્લેશાદિ ઉભા કરે, તેવો વ્યવહાર.
દયા અને કોમળતા વિના ધર્મની ઉત્પત્તિ થતી નથી.
વિરક્તિની સાથે ચિત્તની સરળતા,
સ્વસ્થતા ઉપરાંત કોમળતા ભળે, ત્યારે પરિણામ સુધરે.

નિર્વેદ = અરુચિ, અણગમો, અનાસ્થા, અપક્ષપાત, અબહુમાન.
(૧) ભવનિર્વેદ = ચિત્તની સ્વચ્છતા, અનાસક્તિ.
(૨) માર્ગાનુસારિતા = ચિત્તની સરળતા, તત્ત્વાનુસારિતા.
(3) ઇષ્ટફલ સિદ્ધિ = ચિત્તની સ્વસ્થતા.
(૪) લોકવિરુદ્ધ ત્યાગ = ચિત્તની દયાર્દ્રતા, કોમળતા.

ભવદયા એટલે શું?
'મારી અનુચિત પ્રવૃત્તિના નિમિત્તે જીવો બિચારા
કષાય - સંક્લેશોમાં ન પડે' એવો ભાવ.

## ધર્મીએ પાંચ પ્રકારના દોષ ટાળવા:

પંચસૂના ગૃહસ્થસ્ય ચુલ્લીપેષણ્યુપસ્કરઃ ।
સૂના પશુવધસ્થાનં - સૂના ઇવ સૂના હિંસાસ્થાન
ગુણયોગાત્ ચુલ્લ્યાદયઃ પંચજીવાદિહિંસાસ્થાનાનિ ।

(૧) ચૂલામાં લાકડાં બાળતી વખતે આજુબાજુથી ઘણા જીવજંતુઓ બળી જાય છે.

(૨) અનાજને દળતી વખતે ઘંટીમાં ઘણા જીવોની હિંસા થાય છે.

(૩) વાસીદું કાઢતી વખતે ઘણા જીવોની હિંસા થાય છે.

(૪) અનાજ ખાંડતી વખતે પથરામાં જીવ કચરાઈ જાય છે.

(૫) પાણિયારામાં આજુબાજુથી જીવજંતુઓ મરી જાય છે.

આ પાંચે પ્રકારના દોષની નિવૃત્તિ માટે જે પંચ મહાયજ્ઞ કહ્યાં છે, તેના નામ:
સંધ્યા, દેવપૂજા, તર્પણ, વૈશ્વદેવ અને અતિથિસત્કાર.

o દુર્લભો વિષયત્યાગો, દુર્લભં હરિદર્શનમ્ ।
દુર્લભા સહજાવસ્થા, સદ્ગુરોઃ કરુણાં વિના ॥૧॥

અર્થઃ વિષયનો ત્યાગ કરવો, પ્રભુનું દર્શન થવું અને સહજ અવસ્થા - એ ત્રણે સદ્ગુરુ ભગવાનની કરુણા વિના દુર્લભ છે.

## નવકાર એટલે...

નમ્રતા, વિનય, વિશ્વવૈરાગ્ય, અંતર્મુખ પરિણામ,
નિરભિમાન - નિરાગ્રહ - અંતરાત્મવૃત્તિ અને ધર્માનુરાગ.
નવકાર એટલે શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મનું ઐક્ય.
જે નવકારને સમજે, તે ચૌદ પૂર્વના રહસ્યને સમજે છે,
જે ચૌદ પૂર્વના રહસ્યને સમજે, તે નવકારને સમજે છે.
દર્પણને એકાગ્રતાપૂર્વક જોવાથી દર્પણમય બની જવાય,
તેમ ગુણીને એકાગ્રતાથી જોવા વડે ગુણમય બની શકાય.
ગુણરાગના અભાવથી વિકાસ અટકે છે.
અંતે તો પોતે જ પોતાના ગુરુ બનવાનું છે.
જેણે નિશ્ચયધર્મ સાધવો હોય,
તેણે વ્યવહારમાં અત્યંત નિપુણ બનવું જોઈએ.
દોષ જોનારે કર્મનું દર્શન અને ગુણ જોનારે આત્મદર્શન કર્યું.
જગત ગુણાનુરાગીનું ગુલામ બને છે.
આજ્ઞાપાલનનો અધ્યવસાય = અહં-મમને જીતવાનો ઉપાય.

આત્મદ્રવ્યનો સ્વભાવ કેવો છે?

જળની શીતળતા અને અગ્નિની ઉષ્ણતાની જેમ જ
આત્મદ્રવ્યનો સ્વભાવ જ સુખમય છે.
બાહ્યક્રિયાઓ બંધ થવાથી જેમ નિદ્રામાં કલ્પિત સુખની

અનુભૂતિ થાય, તેમ જાગૃતમાં પણ વાક્ - મનાત્મ
પ્રવૃત્તિ બંધ થવાથી કાયોત્સર્ગમાં સંપૂર્ણ સુખાનુભૂતિ થાય.
તેનો અનુબંધ પડવાથી શાશ્વત થાને જે
અવ્યાબાધ મોક્ષસુખ પણ પરંપરાએ મળે છે.

જ્ઞાનનું ફળ એટલે...

અશુભ યોગોથી નિવૃત્તિ અને શુભ યોગોમાં પ્રવૃત્તિ.
જિન આજ્ઞાપાલન અને એ જ પરમાર્થભક્તિ છે.

## જડનો સ્વભાવ - ધર્મનો સ્વભાવ

ઊંચે ચઢવામાં પરસહાયની જરૂર છે, નીચે પડવામાં નહિ.
જેની સહાયથી ઊંચે આવ્યા,
તેને ભૂલીને હવે આગળ વધવું શક્ય નથી.
જડ પડે છે પોતાના સ્વભાવથી,
ચઢે છે જ્ઞાનની સહાયથી. જડનો સ્વભાવ પડવાનો છે,
ધર્મનો સ્વભાવ પડતાંને બચાવવાનો - ઊંચે ચઢાવવાનો.
તે ધર્મ તીર્થંકરો પ્રગટ કરે છે તથા
સાધુઓ સાધે છે, તેનું ફળ સિદ્ધિગતિ છે,
તેથી તે બધા ઊંચે ચઢાવનારા ગણાય.
તેમનું શરણું આવશ્યક છે.
ધર્મ એટલે સ્વભાવ, અધર્મ એટલે વિભાવ.

## દર્શન - જ્ઞાન - ચારિત્રપદ શા માટે મૂક્યા?

નવકાર મહામંત્રના પ્રથમ પાંચ પદોની મંગલમયતા,
આરાધ્યતમતા અને પરમોપકારિતા સમજ્યા. ઈચ્છે કોણ?
જેના હૈયામાં શ્રદ્ધાનો પ્રદીપ પ્રજ્વળતો હોય તે જ.
તેથી દર્શનપદ મૂક્યું.

શ્રદ્ધા આવ્યા બાદ પણ સમજણમાં ન ઉતરે તો?
માટે જ્ઞાનપદ મૂક્યું.

શ્રદ્ધા - સમજણ આવ્યા બાદ છતાં આચરણમાં કશું જ
ન આવે તો? આચરણમાં મૂકાવનાર ચારિત્રપદ છે.
જીવનનું ઉદ્દીપન આચરણથી છે તથા
ચારિત્રને ઝળહળતું રખાવનાર છેલ્લું તપપદ છે.

### કોડિયું હોય, ત્યાં જ્યોત જન્મશે

જ્યોત પોતે બળીને આ જગતને પ્રકાશ આપે છે
પણ જેમાં જ્યોત બળે છે, તે કોડિયું અખંડ રહે છે.
અખંડ રહેવા છતાં પણ પરની ખાતર કોડિયાને થોડી
ગરમી તો સહન કરવી જ પડે છે અને એ કરે પણ છે.
માનવ ભલે જ્યોત ન બની શકે, પરન્તુ
કોડિયું બની જાય તો ય ઘણું. જો કોડિયું હશે, તો
કો'ક દિન જ્યોત આપોઆપ ત્યાં આવીને જન્મ લેશે.

ધર્મને જાણે તે કેવલી,

ધર્મને કરે તે તીર્થંકર - ધર્મ - આત્મસ્વભાવ - આત્મા.

કેવળીએ જ્ઞાનમાં જોયેલો અને તીર્થંકર ભગવંતોએ સ્વમુખથી પ્રકાશેલો ધર્મ એટલે પરિણામી આત્માનો શુદ્ધ સ્વભાવ અને તેને પ્રગટાવનાર અહિંસાદિ આચાર. સર્વત્ર ઔચિત્યપાલન = પરમયોગ અને પરમઅધ્યાત્મ.

આર્તધ્યાન પણ સ્વની હિંસા જ છે.

હિંસા પછી તે સ્વની હોય કે પરની - બંને ત્યાજ્ય છે. અહિંસા પણ સ્વપર - એમ ઉભયની થાય, તો જ તે શુદ્ધ ધર્મ કહેવાય તથા પરમ સુખનું કારણ બને છે. પરની હિંસા એ વ્યવહાર અને સ્વહિંસા એ નિશ્ચય છે. વ્યવહાર એ નિશ્ચયનું સાધન છે, જ્યારે નિશ્ચય એ વ્યવહારનું સાધ્ય છે, ઉભય મળીને જ 'ધર્મ' બને છે.

નિદિધ્યાસન એટલે...

શાસ્ત્રથી જાણેલ અને બુદ્ધિથી વિચારેલ તત્ત્વને ધ્યાનથી, સેવાથી, ભક્તિથી, આજ્ઞાપાલનથી અને ત્રિકરણયોગથી અપરોક્ષપણે અનુભવવાનો પ્રયાસ કરવો. આજ્ઞા રાગ કેળવવાના લક્ષ્યપૂર્વક આજ્ઞાપાલનાદિ સર્વ ધર્મવ્યાપારો પ્રત્યેક જીવની શુદ્ધિનું કારણ છે.

એક પણ ધર્મવ્યાપારમાં છતી શક્તિએ પ્રમાદ કરાય,
તો તે અપરાધ શાન થવામાં પ્રતિબંધક બને છે.
જડ અને ચેતન બધા પદાર્થો શાનનો વિષય બને છે,
ત્યારે શાનાકાર બને છે. શાનાકારની અપેક્ષાએ બધું
બ્રહ્મ - 'સર્વં ખલ્વિદં બ્રહ્મ' ઇત્યાદિ,
એમ વિશાનવાદીઓ પણ માને છે.
બ્રહ્માદ્વૈતવાદ પણ એ દૃષ્ટિએ યથાર્થ છે.
જીવત્વેન અકૃત્રિમ સર્વ જીવો એક છે, તેથી
એકની ઉપેક્ષામાં સર્વની ઉપેક્ષા રહેલી છે અને
સર્વની ઉપેક્ષામાં એકની ઉપેક્ષા રહેલી છે.
સંસારી જીવ સ્વભિન્ન-પર એવા કર્મદ્રવ્યથી બંધાયેલો છે,
એટલે તેની વર્તમાનકાલીન અવસ્થા જ વ્યવહારરૂપ છે.
એટલે વ્યવહારની ભૂમિકા પર જ્યાં સુધી યોગ્ય વર્તન
ન થાય, ત્યાં સુધી અવિવેકજન્ય મૂઢતા રહેલી છે.
તે જીવ નિશ્ચયનો અધિકારી કેમ બની શકે?
પાપરુચિ અટલ છે, પુણ્યરુચિ કેળવવાથી જ તે જાય. પુણ્યના
ફળ મેળવવાની રુચિ એ પુદ્ગલરુચિ નહિ પણ પાપરુચિ જ
છે, તેનાથી બચવા પુદ્ગલરુચિ એજ સાચી પુદ્ગલરુચિ છે,
તે પાપરુચિનો નાશ કરીને સ્વયમેવ ચાલી જાય છે.

ધર્મનું જ્ઞાન તે સાપેક્ષપણે ઉપાદેયપણું છે અને
ધર્મની પ્રશંસા તે સાપેક્ષપણે લાભકારકપણું છે.

શાસ્ત્રની પ્રશંસામાં એ ભાવ રહેલો છે કે:

શાસ્ત્ર એ શાસન અને ત્રાણશક્તિયુક્ત છે અર્થાત્
શાસ્ત્રો માત્ર વાંચવા અથવા વિચારવા માટે નહિ પણ
તેમાં દર્શાવેલ માર્ગને જીવનમાં ઉતારવા માટે છે.
અધ્યયનને હૃદયમાં ધારણ કરીને વ્યવહાર જીવવાનો છે.
અધ્યયનથી સંગ્રહ અર્થાત્ અભેદ અને વ્યવહારથી ભેદ.
પાલન માટે વ્યવહાર અને પાલનને વિશુદ્ધ બનાવવા
માટે અધ્યયન - બંને પણ સ્વસ્થાનમાં શુદ્ધ બળવાન છે.
'જીવ કર્મપુદ્ગલના બંધનમાં છે' એ પણ સત્ય છે અને
'સર્વ જીવોની કર્મનિરપેક્ષ અવસ્થા શુદ્ધ છે' એ ય સત્ય છે.

કર્મમુક્તિનો ઉપાય એ છે કે:

હૃદયમાં ધ્યાન અધ્યયનનું અને જીવનમાં પાલન વ્યવહારનું.
ધર્મ એ સ્વભાવ અને પાપ એ વિભાવ હોવાથી
વિભાવ કરતાં સ્વભાવનું બળ વધે એ સહજ છે. પ્રમત્ત
અવસ્થામાં પતન પામતાં અટકાવવાની શક્તિ આજ્ઞા-
પાલનના અધ્યવસાયમાં છે. ધર્મધ્યાનનું પ્રત્યેક આલંબન
જીવને આર્ત - રૌદ્ર ધ્યાનની પક્કડમાંથી છોડાવનારું છે.

વીરની પ્રાર્થનામાં કેવળ જ્યોતિનું ધ્યાન છે, જ્યારે
નવકાર મહામંત્ર અને નવપદજીમાં
જ્યોતિ અને જ્યોતિર્ધર - બંને ઉભયનું ધ્યાન રહેલું છે.
નવકારનું વ્યાવહારિક સ્વરૂપ શબ્દ - ક્રિયા તથા
નૈશ્ચયિક સ્વરૂપ નયનિક્ષેપ સાપેક્ષ જ્ઞાન - ધ્યાન.
આજ્ઞાપાલનના અધ્યવસાયમાં નિરંતર વૃત્તિ અને
આજ્ઞાકારક પ્રત્યે ભક્તિ છે તથા
આજ્ઞા સૂક્ષ્મ - ગહન તથા નયપ્રમાણ ગર્ભિત હોવાથી
તેને સમજવા માટે તેને સમજનારા અને સમજાવનારા
ગીતાર્થ પુરુષોનું પારતંત્ર્ય તથા ગીતાર્થ બનવાની
જિજ્ઞાસાવૃત્તિ તથા પ્રયત્ન ચાલુ જ રહે છે.
શુભોપયોગની સ્થિરતા તે ધર્મધ્યાન છે.
શ્રોત્રિય - બ્રહ્મનિષ્ઠ = આત્મજ્ઞાની.
બહુશ્રુત - ગીતાર્થ = નયનિક્ષેપાદિ યુક્ત આત્મજ્ઞાની.
અને બહુ મિથ્યાત્વ ઇત્યાદિ...
ઉપકારીના ઉપકારને અવગણવા અને
ગુણ - ગુણી પ્રત્યે પ્રમોદને બદલે માધ્યસ્થ્ય,
દીન - દુઃખી પ્રત્યે કરુણાને બદલે માધ્યસ્થ્ય દર્શાવવું
વગેરે સર્વ એક રીતે તો મિથ્યાત્વના જ પ્રકારો છે.

જ્ઞાન વિનાનું ધ્યાન આંધળું છે.
જ્ઞાનના વિકાસ માટે જ ધ્યાનનું અવલંબન છે.
જ્ઞાન કરતાં ધ્યાન વધારે ઉપકારક છે,
તે જ્ઞાનીને પણ અજ્ઞાનીને નહિ.
અજ્ઞાનીને ધ્યાન વધારે આગ્રહી - દેહાધ્યાસી બનાવે છે.

બારે પ્રકારોમાં ક્યો તપ ભાવથી નક્કી ?

ઉપવાસની જેમ જ બારે પ્રકારોના તપમાંથી કોઈપણ
પ્રકારના તપનું સેવન બધા પ્રકારના લાભને આપે જ છે.
બધાં ભેદોમાં ઇચ્છાનિરોધ અનુસ્યૂત છે.
ભાવથી નક્કી તે નક્કી છે,
ભાવથી દૂર - તે દરેક નક્કી હોય તો પણ દૂર છે.
આજ્ઞાપાલન પહેલાનું પ્રભુસ્મરણ - પ્રીતિ - ભક્તિ
અનુષ્ઠાનરૂપ બને છે, જે સ્વર્ગરૂપ ફળ છે અને
આજ્ઞાપાલન પછીનું જે વચનાનુષ્ઠાન રૂપ બને છે,
તે મોક્ષરૂપ ફળ છે. પ્રભુનું સ્મરણ એટલે સર્વ
રાગદ્વેષમુક્ત શુદ્ધ આત્મતત્ત્વનું સ્મરણ સમજવું.
જ્ઞાનમાર્ગ ઉપયોગવિશુદ્ધિરૂપ - ક્રિયામાર્ગ યોગસ્થૈર્યરૂપ છે.
નવકારથી અનાદિ ઔત્સુક્ય પણ ટળે છે, તેમાં
યોગોપયોગ ઉભયની શુદ્ધિ છે.

સમ્યગ્દર્શન ઉપયોગની વિશુદ્ધિરૂપ છે,
યોગસ્થૈર્ય માટે સર્વવિરતિ - અપ્રમત્તતાદિ ગુણોની જરૂર છે.
સાપેક્ષપણે પ્રધાનતા જેમ મંત્રને છે, તેમ શાસ્ત્રને પણ છે જ.
મંત્રનું માહાત્મ્ય શાસ્ત્રથી જ સમજાય છે.
એ રીતે સાપેક્ષવાદનો સર્વત્ર વિજય છે.

'નવકારને અંતરના ઊંડાણમાં ચિન્તવવો' એટલે
અત્યંત નમ્રભાવવાળા બનવું અર્થાત્ ધર્મની અત્યંત
પ્રશંસા - અનુમોદના તથા પાપની અત્યંત ગર્હાવાળા બનવું.

ભાવનમસ્કાર એટલે...
પોતાની જાતને દુષ્કૃતવાળી માનવી, બીજા બધાને
દુષ્કૃતમાંથી છોડાવનાર ઉપકારી માનવા, બીજાના ઉપકારની
પ્રશંસા કરવી અને પોતાના અપકારની નિન્દા કરવી.
આરાધનાનો અધ્યવસાય એટલે દુષ્કૃત તજવાનો અને
સુકૃત કરવાનો અધ્યવસાય, એ જ નમ્રતાની નિશાની છે.

પુનઃ અકર્તવ્યબુદ્ધિ થતી દુષ્કૃતગર્હા
એ સાચી અને ભાવપૂર્વકની ગર્હા ગણાય.
દુષ્કૃત પોતાની ગર્હા દ્વારા
ઉત્કૃષ્ટ પુણ્ય બંધાવવામાં કારણ બને છે, માત્ર
ફરી ન કરવાની બુદ્ધિ તે ગર્હા કરી દેવી જોઈએ.

દુષ્કૃતગર્હા મલ વિસર્જનની જેમ થવી જોઈએ.
મલ વિસર્જન થયા પછી એનું સ્મરણ સુદ્ધાં રહેતું નથી.
'દુષ્કૃત એ આત્માનો મલ છે અને તે ત્યાજ્ય જ છે.'
એવી બુદ્ધિ થતી ગર્હા એ સુકૃત સેવનથી
જીવને સંતોષનું અને ભાવિ સુખનું કારણ છે.
દુષ્કૃતો વ્યક્તિરૂપે અનંત છે, જાતિરૂપે એક છે.
આ જ વાત સુકૃતોને પણ લાગુ પડે છે.
એક પણ દુષ્કૃત ગર્હા વિનાનું ન રહેવું જોઈએ અને
એક પણ સુકૃત અનુમોદન વિનાનું ન રહેવું જોઈએ,
આરાધનાનો એ જ સરળમાં સરળ માર્ગ છે.
જેમ બાહ્ય તપ અભ્યંતર તપનો ઉપબૃંહક છે, તેમ
બાહ્યભક્તિ એ આંતરભક્તિની ઉત્તેજક છે.
જેમ અંગીકાર કરેલ વ્રતનો મનથી ભંગ તે અતિક્રમ છે,
વચનથી વ્રતનો ભંગ તે વ્યતિક્રમ છે અને
જ્યાં સુધી પૂર્ણ ભંગ ન થાય,
ત્યાં સુધી કાયાથી વિરુદ્ધ પ્રવૃત્તિ અતિચાર ગણાય છે,
તે જ રીતે સત્કર્મની પણ માનસિક અનુમોદના,
વાચિક પ્રશંસા અને કાયિક ભક્તિ લાભ તો કરે જ,
કિન્તુ પૂર્ણ લાભ તો સત્કર્મના સેવનથી જ થાય.

## આત્માનુભૂતિ પર્યંત પહોંચવા માટે ચારિત્ર પાલન પરમ આવશ્યક છે.

સુખભાવિત જ્ઞાન કોમળ ફૂલ જેવું છે,
તે જરા પ્રતિકૂળતાનો તાપ આવતાં કરમાઈ જાય છે.
દુઃખભાવિત જ્ઞાન પરિષહ અને ઉપસર્ગો વખતે પણ
સ્થિર રહેતું જ્ઞાન છે, જે વજ્ર સમાન જ ગણાય છે.
દુઃખરૂપી વજ્ર તેને ઝાંખ કરી શકે નહિ અથવા તો અગ્નિ
જેમ સુવર્ણની શુદ્ધિ કરનાર થાય છે, તેમ આત્મજ્ઞાન પણ
દુઃખભાવિત અવસ્થામાં રહે, તો જ તે આત્મજ્ઞાન થયું
ગણાય, તેથી શક્તિ મુજબ જ્ઞાનને દુઃખભાવિત કરવા
માટે પ્રયત્ન કરવો કે જેનાથી જ્ઞાન દૃઢ થાય છે.

## યથાશક્તિ તપવિધાનનું માહાત્મ્ય

વાસ્તવિક શ્રદ્ધા અને ભક્તિ ચિત્તશુદ્ધિની તથા
ચિત્તની શુદ્ધિ ઔચિત્યના પાલનની અપેક્ષા રાખે છે.
પૂર્ણ આજ્ઞાપાલન - તેનો અર્થ અન્યૂનાતિરિક્ત કરવો.
શક્તિથી ઓછું પણ નહિ અને
અધિક પણ નહિ, તે આજ્ઞાનું પૂર્ણ પાલન છે.
યથાશક્તિવિધાનેન નિયમાત્ સફલપ્રદઃ । અર્થાત્:
યથાશક્તિ કરવાથી નિશ્ચે સફળતા મળે છે.

## સુખ - દુ:ખ વખતે શેનાથી ટકી શકાય?

દુ:ખ વખતે કર્મવિપાક ચિન્તનાદિ અને સુખ વખતે તપ - ત્યાગની પરિકર્મણાદિ હોય, તો જ ટકી શકાય. દુ:ષમકાળમાં થોડું પણ આરાધન ઘણું ફળ આપે છે.

દરિદ્ર અવસ્થામાં કરેલ દાનની જેમ ભક્તિનો અર્થ કેવળ ભાવ નહિ પણ દ્રવ્ય-ભાવ ઉભય કરવો. દ્રવ્યભક્તિ ખાબોચીયું તરવા તુલ્ય છે, તે ન તરી શકે, તે સાગર તરવાતુલ્ય ભાવભક્તિ કેવી રીતે કરી શકે?

દ્રવ્યભક્તિમાં કેવળ કાયાનો કષ્ટ છે, ભાવભક્તિમાં મન, વચન, કાયા - ત્રણેનો ઉપયોગ છે. અંતઃકરણની શાંતિ અને સમાહિત અવસ્થા એ જ વાસ્તવિક ભાવભક્તિ અને પંચ પરમેષ્ઠિ પૂજન છે.

### પ્રભુ સાથે છ પ્રકારના સંબંધો છે:

(૧) સજાતીયતાનો સંબંધ.

(૨) દ્રવ્ય - ગુણ - પર્યાયથી સાદૃશ્યતાનો સંબંધ.

(૩) ધ્યાતા - ધ્યેયનો સંબંધ. (૪) સાતા - સેવ્યનો સંબંધ.

(૫) ધર્મદાતા - ગૃહિતાનો સંબંધ.

(૬) સુખ - સંપત્તિ અને તેના કારણભૂત પુણ્યકર્મના ઉપદેશક - ઉપદેશ્યનો સંબંધ.

## સંતોષ છે ત્યાં સમાધિ રહેશે નિરંતર

અસંતોષીને આંગણે જો નિમંત્રણ હોય, તો તે બહુ
અસંતોષની આગને ફરીથી જગાવીને જતો જાય છે,
જ્યારે સંતોષીને આંગણે જગાવીને હોય,
તો બહુ સંતોષરૂપી સુધાસિંચનને ફરીથી
જગાવીને પછી નિમંત્રણ જતો જાય છે.

જેઓ પોતે દોષથી ભરેલા છે, તેઓને
બીજાના દોષ જોવાનો શો અધિકાર છે? કોઈ જ નહિ.

સુખનું મૂળ સંતોષ, દુઃખનું મૂળ તૃષ્ણા.
સંતોષ તે ધર્મ, તૃષ્ણા તે અધર્મ - પાપ.
સુખનો રાગ છોડી સંતોષ ઉપર સ્નેહ કરો.
દુઃખનો દ્વેષ તજી તૃષ્ણા ઉપર દ્વેષ ધરો.

સુખનો ભોગવટો આનંદપૂર્વક કરવો, તે દુર્ગતિદાયક છે.
દુઃખનો ભોગ આનંદપૂર્વક કરવો, તે સદ્ગતિદાયક છે.

આનંદથી સુખ ભોગવનારા
દુર્ગતિના ભયંકર દુઃખો અનુભવે છે.
આનંદથી દુઃખ ભોગવનારા અનંતા આત્માઓ
મુક્તિસુખને પામ્યા છે. તેથી જ દુઃખનું મૂળ એવા
તૃષ્ણાને તજો અને સુખનું મૂળ એવા સંતોષને ભજો.

પર્યાયને ભૂલો, દ્રવ્ય તરફ જુઓ.

પર્યાય સ્વતઃ અપૂર્ણ હોવાથી તૃષ્ણાજનક છે,

દ્રવ્ય સ્વતઃ પૂર્ણ હોવાથી સંતોષજનક છે.

દ્રવ્યથી આત્મા અખંડ, અસંગ અને શુદ્ધ સ્વરૂપ છે.

તેના તરફની દૃષ્ટિ સુખ, સમતા, શાંતિનું કારણ બને છે.

'દ્રવ્યદૃષ્ટિ એ સમ્યગ્દૃષ્ટિ - પર્યાયદૃષ્ટિ એ મિથ્યાદૃષ્ટિ છે.'

તે વાક્યોનું તાત્પર્ય એ છે કે:

પૂર્ણતાની દૃષ્ટિથી સંતોષનું સુખ ઉપજે છે અને

અપૂર્ણતાની દૃષ્ટિથી તૃષ્ણા - અસંતોષનું દુઃખ કાયમ રહે છે.

કહ્યું છે કે:

ऐन्द्रश्रीसुखमग्नेन लीलालग्नमिवाखिलम् ।

सच्चिदानन्दपूर्णेन पूर्णं जगदवेक्ष्यते ॥१॥

- જ્ઞાનસાર, ૧/૧ (પરિશિષ્ટ-૪)

પરમાં આત્મબુદ્ધિ એ પરમાત્મતત્ત્વ છે.

'ઉઠે પર્દે તમામ, તબ ભી ક્યા હાંસિલ ?

મઝા તો તબ થા જબ મૈં ભી દર્મિયાં ન હોતા !'

અર્થાત્ પરમોચ્ચ આનંદનો અનુભવ તો ત્યારે છે,

જ્યારે આ 'હું' પણ (દર્મિયાં) વચ્ચે ન રહે અને

અહંનું તો અસ્તિત્વ જ મટી જાય.

## ૨૦ ઋણને યાદ કરો કે:

જન્મ ધરી અને માતા, પિતા, ગુરુ, અતિથિ વગેરેની
સેવા લઈને જ આપણે મોટા થઈ શકીએ છીએ.

मातृदेवो भव । पितृदेवो भव ।
अतिथिदेवो भव । आचार्यदेवो भव ।
दुष्प्रतिकारौ माता - पितरौ,
स्वामी गुरुश्च लौकिकेऽस्मिन् ।
तत्राऽपि गुरुरिहाऽमुत्र - च सुदुष्करतर - प्रतिकारः ॥
सत्यं वद । धर्मं चर ।
स्वाध्यायान्मा प्रमदः । श्रद्धया देयम् ।

ઉપરના બધા બોધવચનો યાદ છે.

## આદેય નામકર્મનો અનુદય એટલે શું?

આપણે કાંઈ કહીએ અને બીજો તેને ગ્રહણ ન કરે,
ત્યારે એમ વિચારવું કે: કાં તો આપણા બોલવામાં
કાંઈ ખામી છે અથવા આદેય નામકર્મનો અનુદય છે.

વાણી સુધારવા એટલે મધુર બોલવું,
દૃષ્ટિ સુધારવા એટલે પ્રકૃતિની દૃષ્ટિ કેળવવી.
કોઈ કાંઈ કહે તે ખોટે ના પાડવા,
તેમાં દાક્ષિણ્ય ગુણ રહેલો છે.

## ધર્મનો પ્રારંભ - દાનથી

જે દે છે, તે દેવ બને છે.
અહીંયા દેવનો અર્થ એ છે કે
દેવાથી જ ધર્મનો પ્રારંભ થાય છે.

માતા, પિતા, આચાર્ય અને અતિથિને દેવ માનવાનો અર્થ એ છે કે તેઓ દેનાર છે, માટે દેવ છે. તેમના માર્ગે ચાલવું, તેમની આજ્ઞા પાળવી, તેમના કહ્યા મુજબ ચાલવું, તેમના સારાં કાર્યોનું અનુસરણ, અનુકરણ, અનુમોદન કરવું, તેમના જેવા દેનાર થવું.

દેનાર તત્ત્વ તે દેવતત્ત્વ છે.
ઉપદેશાદિ વડે જે શ્રેષ્ઠ એવા
આત્મતત્ત્વનું જ્ઞાન દેવે, તે ગુરુદેવ છે.
સર્વશ્રેષ્ઠ આત્મતત્ત્વને દેવે,
તે ઉપરાંત વીતરાગતાના અચિન્ત્ય પ્રભાવના કારણે
જે પોતાના સ્વભાવથી જ ઉપકારનો
મોક્ષમાર્ગનું દાન કરે, તે દેવાધિદેવ છે.

દેવાધિદેવ સ્વભાવથી આત્માનું જ્ઞાન આપે છે. આત્મા પોતે તેના આશ્રિતને સુખ - સ્વાસ્થ્ય - શાંતિ - સંતોષ - સમાધિને દેનાર હોવાથી આત્મદેવ ગણાય છે.

## આકૃતિનું શું મહત્ત્વ?

કોઈપણ ભક્ત આકૃતિને પૂજતો નથી પણ આકૃતિ દ્વારા દેવને જ ભજે છે. ઉદાહરણ તરીકે: માણસ જ્યારે પુસ્તક કે પત્ર વાંચે છે, ત્યારે જેના ઉપર એ પત્ર લખાયો હોય તે કાગળ કે જેના વડે લખાયો હોય તે શાહીને વાંચતો નથી પણ તેના દ્વારા જે અર્થ જાણવાનો હોય, તેને જ વાંચે છે. કાગળ, શાહી કે લખાયેલો કાગળ - એ તો માત્ર જે કહેવાનું છે, તેમાં પ્રત્યક્ષરૂપે જ છે.

'ભવકાળ સંસાર આ, કહ્યો અનાદિ - અનંત,
મિથ્યામતિ મોહે દુઃખી, કદી ન સુખ લહંત;
લક્ષ ચોરાસી યોનિમાં, ભમિયો કાળ અનંત,
પણ સમકિત તે નવ લહ્યું, એ જાણો સિદ્ધાંત... (૧)

°

પ્રથમ દેહદૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ,
હવે દૃષ્ટિ થઈ આત્મામાં, ગયો દેહથી નેહ. ...(૧)
છૂટે દેહાધ્યાસ તો, નહીં કર્તા તું કર્મ,
નહીં ભોક્તા તું તેહનો, એહી જ ધર્મનો મર્મ. ...(૨)
દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદા સુજાગ્ય. ...(3)

## પંચ પરમેષ્ઠિનું સ્મરણ

પંચ સૌગંધિત તાંબૂલના સેવન રૂપ છે.

ચુનો, કાથો, તજ, લવિંગ, એલચીની જેમ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુના ગુણોનું સ્મરણ જ આત્માને ગુણોથી સુવાસિત કરી દે છે.

તે કારણે સુતાં, જાગતાં, ઉઠતાં, સુતાં, ખાતાં, પીતાં, જતાં, આવતાં, હરતાં, ફરતાં ઈત્યાદિ સમયે પોતાના મુખકમલમાં તેનું રટણ કરવું જોઈએ. તેનું વિસ્મરણ મનથી પણ ન કરવું જોઈએ તથા મનથી સ્મરણ અને મુખથી રટણ ચાલુ રાખવું જોઈએ.

Imp આ પ્રતિજ્ઞા શુભ ભાવની પૂરક છે કે:

'મારે જીવનભર ગ્લાન મુનિની સેવા કરવી.'

ગ્લાન મુનિ ન મળે, ત્યારે પણ ગ્લાન પ્રત્યે સદ્ભાવ, ભાગ્યવશતા, ભોગ આપવાની ધગશ, ગ્લાનને સમાધિ આપવાની વૃત્તિ, જિનાજ્ઞાપાલનની ધગશ વગેરેથી શુભ ભાવો પોષાય છે.

(a) ઔચિત્ય - ઉચિત પ્રવૃત્તિ, જવાબદારીનું ભાન.

(b) પરોપકારવર્તન - જીવો ઉપર દયાના પરિણામ.

પોતાના આ બે ગુણ ન હોવાના પાયામાં સ્વાર્થ છે.

વાક્ય ત્રણ પ્રકારનાં હોય છે:

(૧) અર્થવાદ : માત્ર સ્તુતિ કે નિંદાપરક,
કિન્તુ વસ્તુસ્થિતિનાં સૂચક નહિ.

(૨) વિધિવાદ : વિધિ - નિષેધ કથન.

(3) અનુવાદ : પ્રશંસા કે વિધિનિષેધ વિના માત્ર વસ્તુસ્વરૂપનું પ્રતિપાદન. द्वादश मासाः संवत्सरः ।

'इक्कोवि नमुक्कारो ।' એ વિધિવાક્ય છે.

સમ્યક્ત્વાદિ સહિતનો જ મોક્ષસાધક નમસ્કાર હોઈ શકે છે.

दीनारादिरूपो भूतिन्यायः ।

વૈભવથી સુખ મળે પણ એ તો સોનૈયાદિ હોય તો મળે, તેમ નમસ્કારથી મોક્ષ મળે, પરન્તુ સાચો નમસ્કાર તો સમ્યક્ત્વાદિથી સધાય. ભાવનમસ્કાર ભગવત્ પ્રતિપત્તિ રૂપ છે. અર્થવાદ-સ્તુતિવાદ પણ ઘટે છે. જેમ શક્રાદિની સ્તુતિઓ કરતાં આ સ્તુતિ વિશિષ્ટ ફળ આપનારી છે.

આદર્શ ઊંચો રાખવાથી અધ્યવસાય ઉચ્ચ બને છે.

औचित्यप्रवृत्त्या सर्वत्रप्रवर्तितव्यम् ।
एतत् सकलयोगबीजम् ॥ दुःखितेषु दयात्यन्तम् ।

અપુનર્બંધક અવસ્થામાં, અધ્યાત્માદિ યોગોમાં, યોગની ૮ દૃષ્ટિ આદિના પાયામાં ય ઔચિત્ય પ્રવૃત્તિ જરૂરી છે.

## સંતોને એકાંત આપો...

સંતો પરમાત્માના ચિન્તનમાં જ રહેલ છે, તેથી
સંતો પાસે વારંવાર જવું નહિ,
જવાથી તેમના ધ્યાનમાં વિક્ષેપ પડે છે.

સંતની પરીક્ષા જાતિથી નહિ પણ મનોવૃત્તિથી થાય છે.

થોડી પણ ફુરસદ મળે, ત્યારે ભગવદ્ ગુણગાન કરવા.

ભજનમાં ભક્તિ મુખ્ય છે, ધૂનમાં મંત્ર મુખ્ય છે,
સેવામાં પ્રેમ મુખ્ય છે તથા મૂર્તિમાં મન મુખ્ય છે.

મૂર્તિમાં ચૈતન્યનો અનુભવ કરવો.
વ્યાપક ચૈતન્યના સાક્ષાત્કારથી અનુભવ થાય છે.

પુસ્તકની ચોરી કરે, તે બીજા જન્મમાં મૂંગો થાય.
અન્નની ચોરી કરે, તે બીજા જન્મમાં ભિખારી થાય.
સોનાની ચોરી કરે, તે બીજા જન્મમાં આંધળો થાય.

મા જેમ મોટા દિકરાની બહુ કાળજી રાખતી નથી, તેમ
ભગવાન જ્ઞાનીની ઉપેક્ષા કરે છે અને
ભક્તની બહુ કાળજી રાખે છે.

### પાયાની એક વાત

ઈશ્વરની દુનિયામાં અકસ્માતને ધોરણે કશુંય બનતું નથી,
બધું જ નિયમાનુસાર જ થતું રહે છે.

ગુરુજનપૂજા = પૂજ્યોની પૂજા, વિનય, સેવા, ભક્તિ.

(૧) પૂજ્યોનો વિનય કરવો એટલે...

ઊભા થવું, હાથ જોડવા, આસન દેવું, લેવા - મૂકવા જવું, ત્રિકાળ પ્રણામ, ઊંચે સાદે બોલવું નહિ, વચ્ચે બોલવું નહિ, આજ્ઞા સ્વીકારવા, પૂછીને કરવું, જમ્યા પછી જમવું, લોકોની આગળ ગુણ ગાવા, યશ - કીર્તિ કરાવવા.

(૨) પૂજ્યોની સેવા કરવી એટલે...

એમને આપણા પોતાના કરતાં સારી વસ્તુ દેવી, આહાર, વસ્ત્ર, ઉપધિ વડે ભક્તિ કરવી તથા ગ્લાન અવસ્થામાં વિશેષ સેવા કરવી, એમનું કાર્ય કરવું.

(3) પૂજ્યોની ભક્તિ કરવી એટલે...

પૂજ્યો માટે આંતરિક બહુમાન રાખવું, ગૌરવ વધારવું, નિંદા કરવી નહિ - સાંભળવી નહિ, દોષ ઢાંકવા, ગુણ ગાવા, તુચ્છકાર - નિંદા ન કરવા. ક્રોધાદિ સમયે સહનશીલ થવું. એથી કૃતજ્ઞતા - ગુણજ્ઞતા - ગુણાનુરાગિતા પ્રગટે છે.

પૂજ્યપૂજા વ્યતિક્રમઃ શ્રેયો હિ પ્રતિબધ્નાતિ ।

જ્યાં પૂજ્યોની પૂજાનો લોપ - ત્યાં કલ્યાણનો અવરોધ. પૂજ્યની પૂજાના ભંગથી તીવ્ર અંતરાયાદિ કર્મ ઊભા થાય છે.

એ અપરાધને કુદરત ચલાવી લેતી નથી અને

ભેદસિદ્ધિમાં અટકાયત કરે છે. પૂજ્યની પૂજા સદ્ગુરુ-સમર્પણ દ્વારા આત્મકલ્યાણને વિકસિત કરે છે. ગુરુજન પૂજાને ઠોકરે મારે, તે સદ્ગુરુને શું આરાધી શકે?

Imp

## પરાર્થકરણ એટલે...

પોતાની તન-મન-ધનની શક્તિ બીજાના લાભમાં કામે લગાડવી તે. ગુરુજનપૂજામાં નમ્રતા મુખ્ય હોય અને પરાર્થકરણમાં ઉદારતા મુખ્ય હોય છે.

પરાર્થકરણ એ પૌરુષનું ચિહ્ન છે - સાત્વિક લક્ષણ છે. મોક્ષ એ પુરુષાર્થની ઉત્કટ પ્રબળતાની અપેક્ષા રાખે છે.

પૌરુષ = બીજા ખાતર ભોગ આપવાનું સામર્થ્ય - સત્ત્વ. આત્માનું સદ્વીર્ય છે. સ્વાર્થચેષ્ટામાં પુરુષાર્થ ગૌણ છે, મુખ્યતા મોહના પ્રાબલ્યની છે.

V. Imp.

કર્મની ગુલામી છે, અજ્ઞાનાંધકારનું આચ્છાદન છે. સ્વાર્થસાધનામાં વિષય-કષાયની પરતંત્રતા છે, જ્યારે પરાર્થકરણમાં વિવેકપ્રબળતા, વિષય-કષાયનો સામનો છે. પરાર્થકરણ એ ભક્તિનો સાર છે, જીવનની સુવાસ છે. લોભકષાય જતાં, કષાયમંદતા આવે, મૂર્છા મંદ પડે, તો જ આત્મકલ્યાણને અવકાશ મળે. એ કહેવત છે કે:

સિંહણનું દૂધ સુવર્ણના પાત્રમાં રહે.

નાયતાન ગુણિમૂલક હોયછે
તેને સમજનાર વર્ગ દુનિયામાં નાનો જ હોય છે.
ભગવાનના આત્મા સાથે સંબંધ થવો, ભગવાનના હિતમાં
રાજી થવું, એના ગુણ જોવા એ યોગની ક્રિયા છે, એથી
સ્વાર્થ સંયમમાં આવે છે અને પોતાની જાત
ભૂલાતી જાય છે. પોતે ઓછું લઈને વધારે આપે, એ
આધ્યાત્મિક વિકાસની રીત છે. ભગવાનને પ્રસન્ન કરવાને
આત્મા જેથી રીઝે છે, તેથી કશાથી નહિ રીઝતો. મનુષ્યનું
મૂળ સ્વાર્થમાં રહેલું છે. સ્વાર્થ સ્વભાવ હોય, ત્યારે
ભગવાન માટે લાગણી થતી નહિ, એના ગુણ દેખાતાં નહિ.

Shriram Sharma કહે છે કે:

સ્વ વર્તન તપાસવું, ગુસ્સો કર્યો હોય તો પસ્તાવો કરવો,
વિકાર ઉપજ્યો હોય તો પ્રાયશ્ચિત કરવું,
દાન દેવા વડે ધન-ધાન્યની શુદ્ધિ કરવી, અધ્યયન વડે
જ્ઞાન મેળવવું, વ્રત-નિયમોના પાલન વડે તપ કરવું,
સુખ વહેંચીને વધારવું, દુઃખ પોતે ભોગવવું,
ભગવાનને રાહત થાય તેવું કરી આપવું,
ભગવાનના ગુણ-શક્તિ-સન્મતિ વધે, તેવું કરી અને
જીવનને વિસ્તૃત બનાવી સમાજના હિતમાં મદદરૂપ થવું.

## શુભગુરુયોગ એટલે...

વિશિષ્ટ ચારિત્રસંપન્ન ગુરુનો સંયોગ થવાથી એમના ઉપદેશ ઉપરાંત એમનું આદર્શ જીવન જોવા મળે છે, જે ખૂબ હિતપ્રેરક બને છે. શુભગુરુનો યોગ થવાથી સેવા - વિનયાદિનો લાભ મળે તથા સાંનિધ્ય જળવાય છે. રાગ-દ્વેષાદિ દોષોના હ્રાસ ઉપરથી આત્માનો ઉત્કર્ષ કે પરિવર્તન માપી શકાય છે. ભવભ્રમણનું ચક્ર વિરામ છે.

જીવોની ધર્મહીનતા, પાપરક્તતા, વિષયાંધતા, કષાયપરવશતા, કર્મપીડિતતાદિનો વિચાર કરુણાર્દ્ર બનાવે જ. જગતમાં બનતા બનાવો ભવિતવ્યતા, કર્મ, કાળ આદિ કારણસામગ્રીને આધીનપણે બનતા હોવાનો નિશ્ચય જીવને નિર્ભય અને નિશ્ચિંત બનાવે છે.

પ્રાર્થના કરીએ કે: શુભગુરુયોગ ભવપર્યંત કાયમ રહે.

અચિન્ત્ય પ્રભાવસંપન્ન વીતરાગ ભગવંતોના પ્રભાવથી જ આ પ્રાર્થના સફળ થાય છે. વીતરાગ પ્રભુનો પ્રભાવ સમગ્ર જગત ઉપર અચિન્ત્ય રીતે પોતાનું કાર્ય કરી રહેલ છે.

એ કલ્પના કરી જુઓ કે...

જો અરિહંત ન હોત, તો જગતનું શું થાત?

સુખ એ પૈસો છે, ધર્મ યા કલ્યાણ એ ધંધો છે.
કોઈની પાસે પૈસા માંગે તો ભૂંડો લાગે,
પરન્તુ ધંધો માંગે, એમાં નાનમ નહિ.
પ્રભુ પાસે સુખની માગણી ન કરાય, સુખના સાધનભૂત
ધર્મ કે કલ્યાણની માગણી કરાય, તે શુભાનુબંધી ગણાય.
ભવવૈરાગ્ય કલ્યાણકર છે, ભવરાગ અકલ્યાણકર છે.
એ રીતે તત્ત્વાનુસારિતા, લોકવિરુદ્ધ ત્યાગ,
શુભગુરુયોગ આદિ કલ્યાણકારી છે,
લોક વિરુદ્ધ વસ્તુઓ અકલ્યાણકારી છે.
કલ્યાણનું પ્રત્યક્ષ ફળ સાત્ત્વિક ભાવ - ચિત્તપ્રસાદ છે.
ચિત્તની સાત્ત્વિક દશા એજ સ્વસ્થતા છે,
તામસ - રાજસભાવ એજ અસ્વસ્થતા છે.
સાત્ત્વિક ભાવવાળો કષ્ટમાં પણ સ્વસ્થ છે, તામસિક
અને રાજસિકભાવવાળો સુખમાં પણ અસ્વસ્થ છે
અને દુઃખમાં પણ અસ્વસ્થ છે.
સ્વસ્થ ચિત્ત એજ ખરું સુખ છે.
ભવનિર્વેદાદિ ૮ અંગો ચિત્તને પ્રત્યક્ષ સ્વસ્થતા આપે,
પરલોકમાં પણ તેના સંસ્કાર કાયમ રહી
ઉત્તરોત્તર આત્મવિકાસમાં સહાયક બને છે.

ભવનિર્વેદ = અનાસક્તિ - પુદ્ગલનો વિરાગ.

ભવનિર્વેદ અને ભગવદ્ બહુમાન -
એક જ સિક્કાની બે બાજુ છે. વૈરાગ્ય અને ભક્તિ-
તેના પરમોચ્ચ અવસ્થામાં એક બની જાય છે.

તુહપ્પભાવઓ = અનન્ય ભક્તિ - ચૈતન્યનો અનુરાગ.

સર્વોપાધિશુદ્ધ = સકલ વિશિષ્ટતાથી શુદ્ધ.

વિશુદ્ધ ધ્યાનાનુભવ માટે પણ વપુ, ક્ષેત્રશુદ્ધિ, દ્રવ્યશુદ્ધિ,
ભાવસામગ્રી, સૌભાગ્યાદિ તેના સર્વ અંગો પૂર્ણ જોઈએ.
કારણકૂટ અર્થાત્ કારણોના સમૂહ વિના કાર્ય ન બને.

પ્રશાન્તવાહિતા = રાગાદિ દોષોનો ઉપશમ.

સદ્ધર્મધ્યાને = સાવધાન અંધપુરુષની જેમ માર્ગે ચાલે.

અતિઅલ્પ પણ પ્રણિધાનથી
સકલ કલ્યાણોનું આકર્ષણ થાય છે.

વિરતિ 3 પ્રકારે: ભવ વિરતિ - ત્યાગ વિરતિ - માત્સર્ય વિરતિ.

શાસ્ત્રશ્રવણનો ઉપયોગ = દુષ્કૃત્યત્યાગ + સત્કૃત્યપાલન.

ધર્મમાં ધનવ્યય કરવાથી એ બુદ્ધિ સ્થિર રહે છે કે:
ધન કરતાં ધર્મ અધિક છે. બૌદ્ધ કહે છે: ભવપરિપાક,
સાંખ્ય કહે છે: નિવૃત્ત પ્રકૃતિ અધિકાર, જૈન કહે છે:
અપુનર્બંધક. આ સૌ ધાર્મિક શબ્દો એક જ અર્થને કહે છે.

## માયા એટલે શું?

લક્ષ્મી, કામ, સુખ, પૈસા, કપડાં, ઘર, કુટુંબ -
જ્યાં જૂઓ, ત્યાં સઘળે માયા પથરાઈ જ ગઈ છે.
પૈસામાં માયા છે.
ગમે તેટલાં આવે, તો ય જીવ ધરાતો નથી.
માયામાં જીવ લપટી ગયો છે. જીવ ઈશ્વરનો અંશ છે,
પરન્તુ જીવ જો માયામાં લપટી જાય, તો તે ખોટું છે.
એક હોવા છતાં બે દેખાય, તેને 'માયા' કહે છે.
જેમ લક્ષ્મી સાધન છે, પરન્તુ સાધ્ય નથી,
તેમ દેહ એ સાધન છે, પરન્તુ સાધ્ય નથી.
જીવ અનંતકાળથી કામસુખ ભોગવતો આવ્યો છે પણ
તેના પ્રત્યે ઘૃણા થતી નથી.
જો કામસુખના ભોગ પ્રત્યે મનથી સૂગ આવે, તો
મન ઝડપથી ભક્તિ તરફ વળે છે.

## માયાના દાસ કેમ ન બનવું?

માયાને આધીન રહે, તે જીવ અને
માયા જેને આધારે રહે, તે પરમાત્મા.
કોઈપણ કામ કરવું હોય, તો માયાની જરૂર પડે,
તો માયાનો ઉપયોગ કરી પણ માયાના દાસ ન બનો.

જીવ વ્યવહાર કરે છે, ત્યારે માયાનો ઉપયોગ કરે છે.
માયા જાતે ખરાબ નથી, પરન્તુ
જે માયાને આધીન રહે છે, તેને માયા રડાવે છે.
માયાનો ઉપયોગ કરો, ત્યારે ધ્યાન રાખો કે:
'હું ઈશ્વરનું સ્વરૂપ છું.'
જીવ માયાનો ઉપયોગ કરે છે, ત્યારે 'તે ઈશ્વર છે'
એ વાત જીવ ભૂલે છે અને તેથી માયા એને મારે છે.
માયા છાયા જેવી છે.
જે સૂર્યની સામે ઊભે, તેને માયા ન દેખાય, પરન્તુ
સૂર્યથી વિમુખ થાય એટલે છાયા ત્વરિત સામે આવે.
<u>માયાની બે શક્તિઓ છે : વિદ્યા અને અવિદ્યા.</u>
વિદ્યા પંડિતોને તથા અવિદ્યા મૂર્ખાઓને નચાવે છે.
વિદ્યા કદી <u>વચનાંત</u> અને અવિદ્યા કદી <u>રચનાંત</u> થતી નથી.
વિદ્યાનો અંત આવતો નથી,
તે નવા નવા તર્ક-વિતર્કો કરે જ જાય છે.
અવિદ્યાની રચના પણ વધતી જ જાય છે.
નવા નવા બંગલાઓ થતાં જ જાય છે.
વિદ્યા ભણેલાઓને ભરમાવે - ફસાવે છે તથા
અવિદ્યા મૂર્ખાઓને ફસાવે છે.

o સૂત્ર - અક્ષર - પરાવર્તના એ ઇન્દ્રિયસ્થાનીય છે,

રસરૂપ સૂત્રના અર્થનું અધ્યયન છે.

અર્થજ્ઞાનથી સૂત્રની ગંભીરતા સમજાય છે અને

એમાં ખીચોખીચ ભરેલા તાત્ત્વિક પદાર્થો

ઉપરાંત કર્તવ્યનિર્દેશોનો બોધ થાય છે.

અર્થબોધ વિના સૂત્રગાંભીર્ય સમજાતું નથી અને

[illegible] તત્ત્વો અને કર્તવ્યો સમજાતાં નથી તથા

સંવેગ - વૈરાગ્યાદિ ગુણો સિદ્ધ થતાં નથી.

દેવ અને ગુરુ પ્રત્યે સમર્પણ - એ

આત્મા પ્રત્યે સમર્પણ છે, એને આત્મસમર્પણ કહેવાય.

આત્મસમર્પણવૃત્તિ = તત્ત્વથી દેવ-ગુરુ પ્રત્યે સમર્પણવૃત્તિ.

મોક્ષમાર્ગમાં સૌથી વધુ મહત્ત્વ સમાધિસ્થ અવસ્થાનું છે.

કહેવાય છે કે :

રસોઈ બગડી - એનો દિવસ બગડ્યો,

અનાજ બગડ્યું - એનું વર્ષ બગડ્યું,

ભાર્યા બગડી - તેનું જીવન બગડ્યું,

કિન્તુ ગુરુ અયોગ્ય મળ્યા - એના તો ભવોભવ બગડ્યા.

સાચી વિદ્યા કોને કહેવાય ?

'તત્કર્મ ન બંધાય, સા વિદ્યા યા વિમુક્તયે |'

પ્રકૃતિ: જે બંધનમાં રાખે તે કર્મ,
જે મુક્તિ આપે તે વિદ્યા.

શાસ્ત્રોના પોથાં બહુ વાંચવા કરતાં થોડું પણ આચરણમાં ઉતારવું વધારે સારું છે અને શાંતિથી બેસીને ધ્યાનમાં લાગી જવું, એથી વધુ સારું છે.

વાસનાનો નાશ ઉપાસના વડે થાય છે.

ઉપાસનામાં મૂર્તિનું ધ્યાન અને નામનો જપ મુખ્ય છે. જડનું ધ્યાન કરવાથી મન જડ અને ચેતનનું ધ્યાન કરવાથી મન ચેતન બને છે. જે આત્માના સ્વરૂપમાં પરમાત્માના દર્શન કરે, તેને કાયમ શાંતિ મળે છે. આગમ અને શ્રુતયુક્તિથી મનનું વારંવાર સ્મરણરૂપ નિદિધ્યાસન - તે ભાવનાબળનું કારણ છે.

'જિનોદાતા જિનોભોક્તા' ઈત્યાદિ ધ્યાનાવસ્થાનું વર્ણન છે. ધ્યાનમાં તાદાત્મ્ય અને એકતાની અનુભૂતિ થાય છે, એ નયદૃષ્ટિએ માન્ય છે.

જેમ જીવનું કર્મજનિતસ્વરૂપ વ્યવહારનયથી સિદ્ધ છે, તેમ નિશ્ચયનયથી કર્મથી અજન્યસ્વરૂપ અને ચૈતન્ય - અંશથી અભેદસ્વરૂપ પણ સિદ્ધ છે. વ્યવહારનયના પાયા પર નિશ્ચયનયનું ધ્યાન ગુણકારી છે.

## માનવશરીરમાં રહેલી વિવિધ શક્તિઓ

(૧) ઉત્પાદનશક્તિ (કાન પાછળ) creative energy.

(૨) પ્રેમ (પાછળનું મગજ) love.

(3) સ્વત્વ - મમત્વ: Individuality.

(૪) આંતરજ્ઞાન : Interior understanding.

(૫) લાગણી: Emotion (૬) આંતરદૃષ્ટિ: Intuition.

(૭) બુદ્ધિ : Intelligence.

(૮) તન - મનથી કામ કરવાની શક્તિ : Application.

(૯) વિચારોનું સ્થાન બહાર લાવવાની શક્તિ : Expression

(Cerebrum, Cerebelum, Forehead.)

બારાખડીના પ્રથમ ત્રણ અક્ષરો - કં ખં ગં ।

કં = કમ ખાના = શરીરનું આરોગ્ય આપે છે.

ખં = ખમ ખાના = વાચિક આરોગ્ય આપે છે.

ગં = ગમ ખાના = માનસિક આરોગ્ય આપે છે.

એ રીતે બારાખડીના પ્રથમ ત્રણ અક્ષરોમાં મન - વચન - કાયાનો સંયમ અને તે દ્વારા થતાં દ્રવ્ય - ભાવઆરોગ્યના લાભ વર્ણવેલ છે.

પાંચ કર્મેન્દ્રિયના નિગ્રહ માટે પાંચ સમિતિ છે અને ત્રણ યોગના નિગ્રહ માટે ત્રણ ગુપ્તિ છે.

# સમિતિ - ગુપ્તિ શેમાં શેમાં સહાયક ?

ગુરુચરણ પગના સંયમ માટે ઈર્યા સમિતિ, હાથના સંયમ માટે એષણા સમિતિ અને આદાનભંડનિક્ષેપણા સમિતિ, મુખના સંયમ માટે ભાષા સમિતિ તથા મળ - મૂત્રના વિસર્જન દ્વારોના સંયમ માટે પારિષ્ઠાપનિકા સમિતિ ઉપયોગી છે અને મન - વચન - કાયાની શક્તિના દુરુપયોગથી બચવાને માટે ત્રણ ગુપ્તિ સહાયક છે. ૫ સમિતિ ને ૩ ગુપ્તિથી યુક્ત હોય, તો જ પાંચ મહાવ્રતોની પ્રતિજ્ઞાનું પાલન થઈ શકે, અન્યથા અશક્ય છે. પાંચ ઈંદ્રિયો અને ચાર કષાયોનો નિગ્રહ નવ વાડના પાલન વડે જ શક્ય છે. પાંચ મહાવ્રતોનું પાલન પણ પંચાચારના પાલનથી શુદ્ધ બને છે. એ રીતે ૩૬ ગુણોનો સમૂહ સાધુપણાંની રક્ષા કરે છે. ત્રણ ગુપ્તિના પાલનથી મન - વચન - કાયાની શક્તિ સંચિત થાય છે - વધે છે.

'નાણી તિહિં ગુત્તો ।' 'સમિઓ નિચ્ચા ગુત્તો ।'

નાણી તિહિં ગુત્તો = ૩ ગુપ્તિથી ગુપ્ત તે જ આત્મજ્ઞાની છે. ત્રણ ગુપ્તિમાં પાંચ સમિતિ, પાંચ ઈંદ્રિયોનો નિગ્રહ, પાંચ મહાવ્રતો, ચાર કષાય, ત્રણ દંડ અને પાંચ આચારનું પાલન સમાઈ જાય છે.

ત્રીજી મનોગુપ્તિમાં આર્ત - રૌદ્રધ્યાનનો પરિત્યાગ અને
ધર્મધ્યાન ઉપરાંત શુક્લધ્યાનનું સેવન સમાઈ જાય છે.

ગુપ્તિ એ ઉત્સર્ગ છે, સમિતિ એ અપવાદ છે.

માર્ગ અપવાદથી ચાલે - તત્ત્વ ઉત્સર્ગથી પામી શકાય છે.

ઉત્સર્ગને ધ્યેય તરીકે રાખીને અપવાદનું સેવન-
એ સમિતિ - ગુપ્તિનું સાધ્ય છે.

બંધન અને મુક્તિ - બંનેની ચાવી મન છે.

સંસારમાં રહેવાથી પાપ થતું નથી, પરંતુ
મન જો વિષયોનું ચિંતન કરે, તો જ પાપ થાય છે.

મૌનમાં શક્તિ છે, મૌન એ મહાન તપ છે.

## કઈ ઇચ્છા કરવી શ્રેષ્ઠ ?

ગુરૂ થવાની ઇચ્છા નહિ પણ ગુરૂ કરવાની ઇચ્છા
કરવી, તે શાસ્ત્રમાં શ્રેષ્ઠ ગણાય છે. ગુરૂ થવું સારૂં નથી.

સાચા સંતો જગતને શબ્દથી
ઉપદેશ આપતા નથી પણ મનથી ઉપદેશ આપે છે.

સાચા સંતો કેવળ ધર્મોપદેશ જ આપતા નથી પણ
ધર્મોપદેશ સાથે કર્તવ્યકર્મ બતાવે છે.

સાચા સંતને ગુરૂ કરવાથી મંગળ થાય છે.

જગતમાં ગુરૂ મળે છે, પરંતુ સદ્ગુરૂ મળતા નથી.

શબ્દથી જ્ઞાનનો ઉપદેશ આપનારની ખોટ નથી પણ
વર્તનથી બોધ આપનારા ઓછા હોય છે.
શબ્દથી ઉપદેશની અસર જલ્દી થતી નથી, વર્તનથી બોધની
અસર મોટી થાય છે. સંતો મૌન રાખે છે, એમનું
મૌન જ જ્ઞાન આપે. સંતની પ્રત્યેક ક્રિયા જ્ઞાનમય છે.
સંતોની મનોવૃત્તિ બ્રહ્માકાર હોય છે,
સામાન્ય મનુષ્યોની મનોવૃત્તિ વિષયાકાર હોય છે.
વિષયાકાર મન શત્રુ છે, બ્રહ્માકાર મન મિત્ર છે.

સદ્ગુરુ એટલે...

સદ્ એવા પરમાત્માના સર્વ કાળ સાંનિધ્યમાં રહે તે.
'પરમાત્મા મંદિરમાં છે' એ જ્ઞાન પરોક્ષ છે.
'પરમાત્મા દેહમાં છે' એ જ્ઞાન તે અપરોક્ષ જ્ઞાન છે,
સાચું બ્રહ્મજ્ઞાન છે. પ્રથમ પરોક્ષ જ્ઞાન - અપરાવિદ્યા
થાય, પછી જ અપરોક્ષ જ્ઞાન - પરાવિદ્યા થાય છે.
પરમાત્માનું સ્મરણ કરતાં કરતાં
જેનું મન શુદ્ધ થાય, તેનો વૈરાગ્ય ટકે છે.
પ્રતિકૂળ પરિસ્થિતિમાં વૈરાગ્ય જાગે, તે સાચો નથી.
'સંસારનું સુખ દુઃખ છે' એમ લાગે,
ત્યારે જ સાચો વૈરાગ્ય સમજવો.

## જ્ઞાનના અધિકારી કોણ ?

જે ત્રિકાળ સંધ્યા કરે, સરળ અને સાદું જીવન જીવે તે.

જ્ઞાન દેનાર ગુરૂ બ્રહ્મનિષ્ઠ જોઈએ.

સિદ્ધિથી પ્રસિદ્ધિ મળે અને પ્રસિદ્ધિથી ભ્રંશ થઈ શકાય.

દુઃખનું કારણ દેહાભિમાન છે.

જ્ઞાન બરાબર સ્થિર થાય પછી દેહાભિમાન ન રહે.

અયોગ્યને જ્ઞાન અભિમાની બનાવે છે.

જેને ભૂખ લાગી નથી, તેને ભોજન ઝેરનું કામ કરે છે.

શિષ્યોએ જ ગુરૂઓને ગુરૂ બનાવ્યા છે,
ગુરૂઓ તો હંમેશાં શિષ્યભાવે જ વર્તે છે અર્થાત
સ્વગુરૂઓને હૃદયમાં સતત ધારણ કરે છે અને
તેમાં જ તેઓનું ગુરૂપણું રહેલું છે. ગુરૂઓના ધ્યાનથી
સ્વગુરૂઓ સાથે અભેદાનુભૂતિ કરી રહ્યા હોય છે.

જીવનના અહંત્વ - મમત્વાદિ દોષો ટાળવા માટે
ગુરૂતત્વ, દેવતત્વ અને તેમની આસ્થાની જરૂર છે.

o

Kingdom of God is within you.
Know thyself. Be in tune with
Infinite. Be still and know that
I am God - I am that I am.

## ચંચળ મનને શેમાં સ્થાપવું?

પૈસા ખરચવાથી જગતમાં બધું મળે છે,
પણ સન્મતિ કે સદ્ગતિ મળતી નથી.
શુદ્ધ મનથી જ તે મળે છે, માટે
મન બગાડે નહિ, એ માટે ખૂબ ખૂબ કાળજી રાખજો.
સંસારનો ભલે ત્યાગ બહારથી નહિ, મનમાંથી કરવાનો છે.
સંસારમાં બહારથી રહી પણ મનથી સંસારને દૂર રાખો.
મનને મોક્ષમાં - મોક્ષધ્યેયમાં સ્થાપો.
જે પોતાના મનને સુધારી શકશે નહિ, તે કોઈને ય સુધારી શકશે નહિ. જેના મનમાં સંસાર છે, તે જ્યાં જશે, ત્યાં સંસાર ઊભો કરશે. જેના મનમાં સંસાર હશે, એનું મન જંગલમાં ચકલા - ચકલી જોઈને પણ બગડશે.
સ્નાનથી તન શુદ્ધ થાય, સત્સંગથી મન શુદ્ધ થાય છે.
જગત સકળને બહુ ત્રાસ આપી, સંયમની જીત થાય.
કિંતુ સંયમ હોય તો જ બધાને પ્રિય લાગે છે.
મન એ તો પરમાત્માનું ચિન્તન કરવા માટે છે.
સંસારના ચિન્તનથી બગડેલું મન પરમાત્માના ધ્યાનથી સુધરે છે. બાળકનું મન શુદ્ધ હોય છે, કેમકે તે સંસારમાં રહે છે પણ સંસારનું ચિન્તન કરતો નથી.

એ બાળક મોટું થતાં સંસારનું ચિન્તન કરવા માંડે છે,
તેમ તેમ તેનું મન બગડવા માંડે છે. શરીરના ચિન્તનથી
બગડેલું મન આત્માનું ચિન્તન કરવાથી સુધરે છે.

વિષયો જડ છે, માટે તેનું ચિન્તન દુઃખદાયી છે.

મન અડધું જડ અને અડધું ચેતન છે.

સજાતીય સજાતીયમાં મળે છે. દૂધમાં ખાંડ મળી જશે,
પરન્તુ દૂધમાં લૂણ નહિ મળે, કેમકે તે વિજાતીય છે.

ધ્યાનનું ફળ તત્કાળ મળે છે, જ્યારે
બાકી બધા સત્કાર્ય કાળાંતરે ફળે છે.

થોડી પણ ફુરસદ મળે તો પરમાત્મામાં જ મનને જોડો.

વિષયોનું ધ્યાન એ મરણ છે, પરમાત્માનું ધ્યાન મોક્ષ છે,
કેમકે તેઓ એકનો ફેર ભાગ છે.

તન - ધનને બાળકને આપજો - મન તો પરમાત્માને જ
આપજો, કોઈ સ્ત્રી-પુરુષને નહિ, કેમકે તે બગાડી નાંખશે.

સંસારને તનની અને ધનની જરૂર છે - મનની નહિ,
મનની જરૂર પરમાત્માને છે.

તમારું મન છે, ત્યાં તમે બેઠા છો.

જ્યાં તન છે, ત્યાં તમે નથી પણ મન છે, ત્યાં તમે છો.

ખરો આનંદ જગતમાં નથી, તેને ભૂલવામાં આનંદ છે.

પરમાત્માનું ચિન્તન કરતાં કરતાં
જ્યારે જગત ભૂલાય છે, ત્યારે પરમાનંદ મળે છે.
મન વિષયમાં લય પામતું નહિ પણ ફસાય છે.
મન પરમાત્માના સ્વરૂપમાં મળી જાય, એ જ મુક્તિ છે.
પ્રભુએ બધાને મન સરખું આપ્યું છે, પરન્તુ ધનને
આપવામાં ભેદ કર્યો છે, કેમકે તે કર્મ પ્રમાણે અપાય છે.
લૌકિક સુખને તજવાથી મન શુદ્ધ થાય છે.
ભગવાન જેને મળે છે, તેને પૂર્ણ મળે છે.
ભોગ કદી પૂર્ણ નહિ. ભોગ છોડવા તો પડશે જ.
સમજને નહિ છોડે, તેને કાળ ધક્કો મારીને છોડાવશે,
ત્યારે હાય હાય થશે. સંતો સમજને ભોગો છોડે છે.
પ્રભુને જે સમયે મન આપો,
એ જ સમયે આત્માની અનુભૂતિ થવા લાગશે તથા
અખંડ આનંદનો પ્રાદુર્ભાવ થશે. આત્માની અનુભૂતિ
કરવા માત્ર મનને ઉપશમિત કરવાની આવશ્યકતા છે.

ચિન્મય કોણ ?

પુરોવર્તિ વિવિધ પદાર્થોના અસ્તિત્વનો નિર્ણય
કરનારનું અસ્તિત્વ પણ છે જ. વળી તે અસ્તિત્વનો
જાણનાર હોવાથી તે પ્રકાશસ્વરૂપ છે, ચિન્મય છે.

## ભક્તિ કઈ રીતે જાગે ?

સંતોષ અને વિવેક ભેગા થાય, ત્યારે ભક્તિ જાગે છે.
સ્ત્રીમાં સંતોષ છે પણ વિવેક ઓછો પડે છે,
પુરુષમાં વિવેક છે પણ સંતોષ ઓછો પડે છે,
એટલે સ્ત્રી - પુરુષને પરસ્પરની જરૂર પડે છે.
અદ્વૈત હોય, ત્યાં જ આનંદ છે.
શબ્દકોશમાં આનંદનો પ્રતિપક્ષી કોઈ શબ્દ છે નહિ.
ગંગા એ જ્ઞાન અને યમુના એ ભક્તિ -
બંનેના સંગમથી જે આનંદ મળે, તે તીર્થયાત્રા ઉત્તમ છે.
સત્કર્મ અને સત્સંગને છોડવાથી માનવીનું પતન થાય.
કોઈ માનવ કોઈને સુખ આપી શકતો નથી કે
કોઈ માનવ કોઈને દુઃખ આપી શકતો નથી.
સૌ કોઈને પોતપોતાના કર્મનું ફળ મળી રહે છે.
પ્રભુનામનો જપ કરતાં તાળવામાંથી અમૃત ઝરતું હોઈ
માનવનું દુઃખ ભૂલાઈ જાય છે.
નિદ્રા પણ જો પ્રભુનું નામ લેતાં - લેતાં આવે,
તો એ નિદ્રાને પણ 'સમાધિ' કહી છે. મૂર્તિ અને
મંત્રમાં ચૈતન્યનો અનુભવ કરવો, એનું નામ 'ભક્તિ' છે.
મન મૂર્તિ અને મંત્રમાં રાખશો, તો તે કદી બગાડશે નહિ.

જ્યાં શુદ્ધ દેહદશાનું ભાન છે,

ત્યાં શુદ્ધ ભાવની પણ ભક્તિ છોડે તો પતન પામે છે.

ભક્તિને ભાવનો સાથ નહિ રહે,

તો ભક્ત સંકુચિત બનશે અને ભાવનાને જો

ભક્તિનો સાથ નહિ રહે, તો ભાવ અભિમાની બનશે.

સૌંદર્ય ત્યાં જ રહે છે કે જ્યાં નિષ્કામતા રહે.

જેને કદી કામનો સ્પર્શ થતો નથી, તે સુંદર છે.

કોઈ પુરુષ કે સ્ત્રી સુંદર નથી.

સુંદર કે અસૌંદર્ય એ તો માત્ર મનની કલ્પના છે.

જે બીજાને સુખ આપવાની ઈચ્છા રાખે છે,

તે કદી દુઃખી થતો નથી અને જે

સ્વ સુખ માટે જ જીવે છે, તે કદી સુખી થતો નથી.

પ્રેમ અને મોહમાં શું ફેર ?

મોહ એ દેહનો ધર્મ છે, પ્રેમ એ આત્માનો ધર્મ છે.

મોહ માંગે છે, જ્યારે પ્રેમ આપે છે.

મોહ મિલનથી પોષાય છે, પ્રેમ વિરહમાં પુષ્ટ થાય છે.

મોહમાં ઉતાવળ છે, પ્રેમમાં ધીરજ છે.

મોહ મરે છે પણ પ્રેમ કદી મરતો નથી.

મોહનું મારણ પ્રેમ જ છે.

જેના જીવનનું લક્ષ્ય પરમાત્મા છે, તેનો સંગ કરો.
જેનું લક્ષ્ય પૈસો અને કામસુખ છે, તેનો સંગ ન કરો.

દુઃખ આપનાર દેહાભિમાન છે,
સત્સંગથી દેહાભિમાનની ગાંઠ ઢીલી પડે છે.

સંસારનું સુખ જેને મીઠું લાગે, તે સૂતેલો છે...
જેને સંસારનું સુખ તુચ્છ લાગે, તે જાગેલો છે.

તપ ન કરે, તેનું પતન થાય છે.
પરમાત્મા પણ તપ કરે છે, ત્યારે મોક્ષ મળે છે.

કર્મ, ભક્તિ અને જ્ઞાનનો સંગમ થાય, ત્યારે ત્રિગુણાત્મક માયા દૂર થાય. ચિત્તશુદ્ધિ કર્મથી થાય છે. કોઈપણ ફળની અપેક્ષા વગર કર્મ કરે, તો ચિત્ત શુદ્ધ થાય છે. ભક્તિ વડે મનને પરમાત્મામાં એકાગ્ર કરાય છે અને જ્ઞાન વડે પરમાત્માનો અનુભવ લેવાય છે.

જ્યાં નામ - ત્યાં રામ. નામ સ્વતંત્ર છે, રૂપ પરતંત્ર છે. નામનો જાપ કરવાથી તે દેવ - તમારી સાથે જ રહે છે અને તમારું રક્ષણ કરે છે. પરમાત્માને તે જ જાણી શકે કે જે જીવ ઉપર પરમાત્મા કૃપા કરે.

પરમાત્માને જાણનારો તેનાથી અલગ રહેતો નથી પણ તેમના સ્વરૂપમાં લીન થઈ જાય છે.

શાસ્ત્ર ખોટું નથી પણ માનવીની બુદ્ધિ ખોટી છે.
માનવ પાપ અજ્ઞાન ચિત્તે અને પુણ્ય જાગ્રત ચિત્તે કરે,
તેથી મરતી વખતે પુણ્ય નહિ પણ પાપ યાદ આવે છે.
વિધિએ ધાર્યું હોય, તેમ જીવન - મરણ, લાભ - હાનિ
થાય છે. પ્રભુનું નામ લેતાં જેઓ પ્રાણત્યાગ કરે,
તેઓનો શોક કરવાનો રહેતો નથી. શોક કોનો કરવો?

વૃત્તિ અને મનનો લય જ્યારે પ્રભુમાં થાય,
ત્યારે હૃદયમાં જે દિવ્ય પ્રકાશ દેખાય, તે પરમાત્મા છે.

સર્વમાં રહેલાં પરમાત્માની પૂજા
સર્વ કાળે અને સર્વ ઠેકાણે થઈ શકે છે.

પરમાત્માનો જેને અનુભવ થયો છે,
તે તેનાથી એક ક્ષણ પણ અલગ રહી શકતો નથી.

ભક્તિ વધે, તો ભેદનો વિનાશ થાય છે.

ભક્તિમાં પ્રેમની જરૂર છે.

પરમાત્મભક્તિ સોળ આની પ્રેમ માંગે છે.

બીજાનું દુઃખ જોઈ રાજી થાય, તે બીજા જન્મમાં સર્પ-વીંછી થાય. માનવ અવતાર પરના આંસુ લૂંછવા માટે છે.

આનંદ બહાર નથી, આનંદ અંદર છે.

આનંદ એ ભગવાનનું સ્વરૂપ છે.

## ચારે વર્ણોમાં કોણ શોચનીય ?

સંધ્યાહીન બ્રાહ્મણ શોચનીય છે,
પૈસો હોવા છતાં ધર્મકાર્ય ન કરે, તે વૈશ્ય શોચનીય છે,
સેવામાં સામું બોલે, તે શૂદ્ર શોચનીય છે તથા
બ્રહ્મચારી વિલાસી બને, તે શોચનીય છે.
ઘેર આવેલાનું સ્વાગત ન કરે, તે ગૃહસ્થ શોચનીય છે.
લૌકિક પ્રવૃત્તિ કરે, તે સંન્યાસી શોચનીય છે.
માત્ર શરીરને પોષવા જીવે, તે શોચનીય છે.
અતિકામી, અતિક્રોધી, મૃષાભાષી, વૃથાભાષી શોચનીય છે.

## રજોગુણ - સત્ત્વગુણ - તમોગુણ કોણ ?

ભોજન ઉપરથી માનવના મનની પરીક્ષા થાય છે. જે જમવાની શરૂઆત જ પાપડ-ચટણી અને અથાણાંથી કરે, તે તામસી છે. ભોજન કરવું એ અનિવાર્ય છે પણ ભોજન કરતી વખતે જીભના લાડ કરવા, એ પાપ છે.

મીઠાઈ ઉપર નજર પડે, તે રજોગુણ છે.
દૂધ - ફળાદિ ઉપર નજર પડે, તે સત્ત્વગુણ છે.
મદિરા-માંસ પર નજર જશે, તો તે તીવ્ર તમોગુણ છે.

°

Sense of responsibility = Subjective.
Sense of Compassion = Objective.

## રામ - સીતા - લક્ષ્મણ - રાવણ શેના રૂપક ?

રમાડે તે રામ અને રડાવે તે રાવણ.

ચિત્તરૂપી ચિત્રકૂટમાં લક્ષ્મણરૂપી વૈરાગ્ય અને
સીતારૂપી ભક્તિ સાથે રામરૂપી ભગવાન બિરાજમાન છે,
તેના જેઓ પણ દર્શન કરે છે, તેઓ પાવન થાય છે.
પ્રભુની દયા અને કૃપાશક્તિનું જ બીજું નામ સીતા છે.
તે રામની આહ્લાદિની શક્તિ છે, રામથી અભિન્ન છે.
આપણું હૃદય અયોધ્યા બને, તો અહીં આનંદનો
અનુભવ થશે અને એજ અયોધ્યામાં રામજન્મ છે.
પ્રભુ સાથે પ્રેમ કરે, ત્યારે જ જીવનું કલ્યાણ થાય.

સંસારની બધી વસ્તુ વિધિનિર્મિત છે.

સંયોગમાં ભક્તિ કેમ કરવી, તે લક્ષ્મણ બતાવે છે.
વિયોગમાં ભક્તિ કેમ કરવી, તે ભરતના દૃષ્ટાંતથી સમજાય છે.
રામ - ભરતનું મિલન એ જીવ - ઈશ્વરનું મિલન છે.
પરમાત્માને જે પ્રેમથી ભજે, તેનાં પાપ છૂટી જાય છે.

ચિત્ત ચિત્રકૂટમાં રાખી ઈશ્વર સ્મરણ કરો, તો
વાસનાનો પડદો દૂર થાય. સોળ આની વૈરાગ્ય રહે,
તો સાધનામાં સિદ્ધિ મળે. સાધન સાથે ભક્તિ પણ કરો.
સંસારનું સુખ કાલ્પનિક લાગે, તે જ તપ કરી શકે.

વૈરાગ્ય વિષયો તરફ અને પ્રેમ ચૈતન્યમાત્રને કરો.
એ રીતે પૂર્ણ ભક્તિ અને પૂર્ણ વૈરાગ્ય મળે, ત્યારે
પરમાત્માના સાક્ષાત દર્શન-પરમતત્ત્વનો સાક્ષાત્કાર થાય.
શક્તિ વધે ત્યારે ક્રોધ અને કામ આવે છે, કિન્તુ
ભક્તિ જો સાથે ભળે તો કામ અને ક્રોધ ઘટે છે.

જેમ જળ મેલું હોય, તો પ્રતિબિંબ દેખાય નહિ,
તેમ હૃદય મેલું હોય, તો પ્રભુના દર્શન થતાં નથી.
હૃદય જો સ્વચ્છ જળ જેવું શુદ્ધ હશે,
તો જ પરમાત્માનું પ્રતિબિંબ હૃદયમાં પડશે.

માનવની આશા કદી રાખવી નહિ અને
ભગવાનની આશા કદી છોડવી નહિ.
જો તમે કોઈ માનવની આશા રાખશો,
તો નિરાશાનું દુઃખ વેઠવું પડશે.

જીવ લાચાર ન બને, ત્યાં સુધી પ્રભુદર્શન થતાં નથી.
જીવ અભિમાન છોડી પ્રભુના શરણે આવે,
ત્યારે જ પરમાત્માના દર્શન થઈ શકે છે.

ભક્તિનો અધિકાર બધાને છે, પરન્તુ
જ્ઞાનનો અધિકાર બધાને આપ્યો નથી.
જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિમાં આગળ વધેલા સાધુનો સંગ કરવો.

'ભક્તિ લાવવાની છે' એમ માનવા કરતાં
'સ્વતઃ આવનારી છે' એમ માનવું વધુ ઉચિત છે.
જો ધર્મના સિદ્ધાંતો પ્રત્યે શ્રદ્ધા હોય, તો ધર્મસ્થાપક
દેવ, ધર્મદેશક - પ્રેરક - પ્રભાવક ગુરુ આદિ તત્ત્વો પ્રત્યે
પરમ ભક્તિ આવ્યા વિના ન જ રહે.

'यस्य हृत्कमले देवे गुरौ च पराभक्तिः विद्यते,
तेषां ज्ञानप्रकाशो अनायासेन प्रादुर्भवति ।'

'विभज्यवादं स्याद्वादं तत्परिज्ञानं
विना नाऽस्ति सम्यक्त्वं ।
आराध्ये: त्रिजगन्नाथस्य मार्गानुसारिणः सम्यक्त्वं
तन्निपुणाः सिद्धसेनदिवाकरप्रभृतयः द्रव्येण ब्रुवते ।'

(परिशिष्ट-५)

ભગવંતે ત્રિપદી આપી એટલે સ્યાદ્વાદ આપ્યો.
પદાર્થ માત્ર કાયમ સ્થિર રહે છે, એ પણ ખરું અને
ઉત્પાદ - વ્યયાત્મક હોઈ અસ્થિર છે, એ પણ ખરું.
એક દૃષ્ટિએ નાશવંત, બીજી દૃષ્ટિએ શાશ્વત. બન્ને
દૃષ્ટિ સાચી છે, એને જ નયવાદ - અપેક્ષાવાદ કહેવાય.
સંક્ષેપમાં નય બે : દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક.
એક નય સામાન્યગ્રાહી, બીજો નય વિશેષગ્રાહી.

એ રીતે ક્રિયાનય - જ્ઞાનનય - ભાવનય - દ્રવ્યનય ઇત્યાદિ બધા સાપેક્ષ દૃષ્ટિએ સત્ય છે.

પુણ્યજનિત સુખો પણ ક્ષણભંગુર અને પરિણામે દુઃખજનક છે, તેથી 'આત્મતૃપ્તો ભવ ।'

## ધ્યાનાભ્યાસ વડે શું થાય ?

ધ્યાનાભ્યાસ વડે એક તરફ ઇચ્છાઓની નિવૃત્તિ થઈ વિકલ્પો શમે, બીજી બાજુ ધ્યાનજનિત પ્રશમસુખનો આવિર્ભાવ થાય અને તેમાં નિરંતર વૃદ્ધિ થતી રહે છે.

## રોગ આવવાનું પ્રયોજન શું ?

રોગનું પ્રયોજન પરમાત્માશરણાગત થવા તથા ધર્મના માર્ગમાં સુસ્થિર થવા માટે છે, દુઃખ - પ્રતિકૂળતાદિ પણ પ્રભુપંથના પથિક થવા માટે છે. પ્રાજ્ઞ પુરુષોને જરા - વૃદ્ધાવસ્થા - મૃત્યુ નજરમાં આવે, તે પૂર્વે મનમાં આવે છે.

## પાપોદયજનિત પ્રતિકૂળતાઓમાં

પાપભીરુતા અને વૈરાગ્યની વૃદ્ધિ કરી શકાય છે. સદા પાપોદય તો પરમ લાભમાં પરિણમી શકે છે. પાપગર્હાપૂર્વક દુષ્કૃતનો ત્યાગ અને સુકૃતાનુમોદના સહ સુકૃતનું સેવન કરવાપૂર્વક અરિહંતાદિ ચારનું શરણ ગ્રહણ એ દ્વાદશાંગીનો - શ્રી જિનપ્રવચનનો સાર છે.

## આજ્ઞાપાલન ભક્તિ રૂપે પૂજન

આજ્ઞાપાલનરૂપ પૂજન ચિત્તપ્રસન્નતાને પેદા કરે છે.
આજ્ઞાની વિરાધનાથી બચીને આજ્ઞાની આરાધના કરવી,
એ આજ્ઞાપાલનનું તાત્પર્ય છે.
આરાધના કરતી વખતે આજ્ઞાના પ્રકાશક, પ્રરૂપક, પાલક
અને આરાધક આત્માઓને હૃદયમાં સ્થાન આપવું,
માર્ગદર્શક અરિહંતાદિનું પ્રણિધાન ખૂબ આર્દ્ર રાખવું,
એ ચતુઃશરણ દ્વારા સૂચિત છે.
એ દ્વારા આજ્ઞા, આજ્ઞાપાલક, આજ્ઞાકારક અને
આજ્ઞાના આરાધકનું બહુમાન થાય છે તથા
કર્તવ્યકર્મનું હૃદયમાં સન્નિધાન થાય છે.
'પ્રણિધાન' એટલે इदं मम कर्त्तव्यं ।
कस्मात् केन विहितं ? जिनेन विहितं तस्मात् ।
पुनरपि कस्मात्, अव्याबाधसुखजनकत्वात् । (परिशिष्ट-६)
જે આજ્ઞાના મૂળમાં જિનેશ્વર ભગવંતોનું ધ્યાન છે,
ફળમાં સિદ્ધ ભગવંતોનું ધ્યાન છે અને સ્વરૂપમાં
સ્વપર સર્વ શ્રેયસ્કર છે, તે આજ્ઞાકારક, પાલક, સાધક,
આરાધકનું હૃદયમાં પ્રણિધાન - એકાગ્રતાપૂર્વક ધારણા
ભક્તિ એ ચતુઃશરણગમનનો અર્થ-પરમાર્થ-રહસ્ય છે.

## કષાયાધીન પ્રવૃત્તિ - આત્માધીન પ્રવૃત્તિ

સાંસારિક ક્રિયા એ કષાયાધીન પ્રવૃત્તિ છે, જ્યારે
ધર્મક્રિયા એ આત્માધીન પ્રવૃત્તિ છે.

જિનાજ્ઞાને આધીન થતાં - પરતંત્ર બનતાં
કષાયોદય વિફલ બને છે, તેનો અનુબંધ પડતો નથી.

સમ્યક્ત્વ અને તે પછીના ગુણસ્થાનકોમાં
અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન, સંજ્વલન આદિ કષાયો હોય,
તે પ્રાયઃ નિરનુબંધ હોય છે.

જ્યારે સમ્યક્ત્વની હાજરી હોય, ત્યારે
અશુભ નિરનુબંધ અને શુભ સાનુબંધ બને છે.

ઉત્તર ગુણસ્થાનકની ઇચ્છા -
એ પણ કથંચિત પ્રાપ્તિ સ્વરૂપ છે.

ઉત્તર ઉત્તર ગુણની ઇચ્છારૂપી સાંકળ વડે બંધાયેલો
- ખેંચાતો જીવ પ્રાપ્ત ગુણસ્થાનકમાં ટકી રહે છે
અથવા ખેંચાયેલો આગળ વધે છે. अधःस्थिति वा
पतनं प्रायः न भवति । प्रायो ग्रहणं निकाचितकर्मोदय-
बलप्रबलत्वात् उत्तरगुणार्जनेच्छादिके
सति अपि निकाचितकर्मबलप्रकृष्टत्वात्
स प्राप्त गुणस्थानकाद् नीचैर्गमनं जीवं कारयति ।

(પરિશિષ્ટ-૭)

० कार्यभेदे कारणभेदभवश्यं भवेत् ।
सिद्धानां ज्ञानादिअनन्तचतुष्टसंपन्नत्वं अस्ति ।
अत्र सर्वसिद्धपरमेष्ठिनां सादृश्यं, तत्कारणं
सर्वेषां पुराभवत्वं सादृश्यं आसीत्,
तथाभवत्वं वैदृश्यं, तस्मात् कालावगाहना-
दिभेदभाजः संजाताः । उदुक्तं -
लोकाग्रशिखरारूढाः स्वभावसमवस्थिताः ।
भवप्रपंचनिर्मुक्ताः युक्तानन्तावगाहनाः ॥
० श्री जिनमंदिरमां जेम सदा - सर्वदा
श्री जिनमूर्ति - प्रतिमा बिराजमान छे,
तथैव अस्माकं देहमंदिरे सदैव दृढ श्री अरिहंतो
विराजमानो भवतु श्री वीरप्रभु - परमभक्त
श्री श्रेणिकनृपवत्, श्री कृष्णवासुदेववत् । (परिशिष्ट-८)
० गराळा टकाववा पापथी पाछा वळीने पुण्यप्रकृतिने
प्रकृष्ट करो. पापथी बचवा - पुण्यने वधारवा माटेनो
प्रयत्न ए ज गराळा टकाववा माटेनो सन्मार्ग उपाय छे.
ते सिवायना के तेथी विरुद्ध जातिना उपायो
अधःपातने नोतरनारा छे. गराळाने टकाववाने बदले
प्राचीनता टकावो, ए ज जनताना शुभनो सदुपाय छे.

## ધર્મનું રોકડું - નગદ ફળ

ધર્મની જેટલી ઈચ્છા વધારે, તેટલી શાંતિ વધારે.

ધર્મની ઈચ્છા એટલે ક્ષમાની, મૃદુતાની, સરળતાની, સંતોષની, નિરભિમાનિતાની, સંયમની, સાદાઈની, ભક્તિ તથા સેવાની ઈચ્છા - આ સર્વ ચીજો શાંતિપ્રદ છે.

ધનની ઈચ્છા વધારે, તેટલી અશાંતિ - ઉપાધિ વધારે.

સમકિતી આત્માને આત્મસુખનો અનુભવ હોય, તેથી વિષયસુખ ભૂંડા લાગે, ને જિનોપદિષ્ટ ક્રિયા સવિધિ કરતાં કલ્પવૃક્ષના ફળ ખાવા જેવી તૃપ્તિ હોય. જ્ઞાન અને ક્રિયાનો મેળ મળતાં સમતારસ - શાંતરસના સરોવરમાં સ્નાન કરતાં જીવ અને જેવું સુખ મળે, તેવું સુખ અનુભવાય.

પ્રભુશાસનની સર્વાનુકૂળતા, સર્વ પાપનાશકતા, સર્વ મંગળકારિતા અનુપમ અને અદ્વિતીય છે.

ગુણી જ ગુણવાનને ભજી શકે.

મહાન આત્મા જ અરિહંતોની મહત્તાને સમજી શકે.

પ્રધાન દ્રવ્યાજ્ઞા - ભાવાજ્ઞા બંનેનું બળાધાન અનુમોદના વડે હોય છે. અનુમોદના વડે બળવૃદ્ધ થયેલ દ્રવ્યાજ્ઞા અપુનર્બંધક આદિ ગુણસ્થાનકને લાવનારી હોય છે.

ઔચિત્યેન પ્રવર્તનમ્ = અપુનર્બંધકાદિ અવસ્થાનું લક્ષણ.

उक्तं च: दुःखितेषु दयाऽत्यन्तं अद्वेषो गुणवत्सु च।
औचित्यासेवनं चैव सर्वत्रैवाविशेषतः ॥ અર્થાત્ઃ
દુઃખી જીવો પ્રત્યે અત્યંત દયા, ગુણવાન પ્રત્યે અદ્વેષ
અને સર્વત્ર સામાન્યથી ઔચિત્યનું આસેવન -
આ સર્વે અપુનર્બંધક જીવના લક્ષણ છે.

o લોગસ્સ, શક્રસ્તવાદિ સૂત્રોનો વારંવાર પાઠ -
એ પણ જાપ અને ધ્યાનનો જ અભ્યાસ છે.
<u>ત્રિસંધ્ય ૭ - ૮ - ૯ નવકાર ગણવાનું વિધાન છે પણ
નવકાર પ્રત્યે આદર તો જીવનભર પણ છોડવો નહિ.</u>
એકેક નવકારનો કાયોત્સર્ગ પણ ખાસ
ધ્યાનસાધના માટે જ ન હોય, તેમ નવદલકમલ ચિન્તવી,
માનસસૃષ્ટિમાં એ નવપદ - નવકાર આદિના
ધ્યાન - ધારણાદિ કરાય છે, એથી એને રોજ ને રોજ
કરતાં કરતાં અનાયાસે જ અભ્યાસ પડી જાય છે.

## જિનાજ્ઞાપાલનથી મોક્ષમાર્ગમાં ગતિ

મોક્ષની ઇચ્છા = ભગવંતની જ ભક્તિ, કારણ કે તેની
સિદ્ધિ જિનાજ્ઞાપાલનથી જ થઈ શકે છે, અન્યથા નહિ.
આજ્ઞાકારક અરિહંતનું સર્વત્ર પ્રણિધાન સાથે આજ્ઞાપાલન
માટે યથાશક્ય પ્રયત્નથી જ મોક્ષમાર્ગમાં ગતિ થાય છે.

જિનાજ્ઞાપાલન એજ શ્રી જિનની સર્વોત્તમ ભક્તિ છે.
મોક્ષનો ઇચ્છુક જ શ્રી અરિહંતનો સાચો ભક્ત છે.

માનવ નિત્ય ધર્મશાસ્ત્રના પરિશીલનથી
જ્ઞાનચક્ષુનો માલિક બને. ચર્મચક્ષુ તો પશુને પણ છે,
માનવની મહત્તા જ્ઞાનચક્ષુ પ્રાપ્ત કરવામાં છે.

शतं विहाय भोक्तव्यं, सहस्रं स्नानमाचरेत् ।
लक्षं विहाय दातव्यं, कोटिं त्यक्त्वा हरिं भजेत् ॥ અર્થાત્:
સો કામ છોડીને જમવું - હજાર કામ છોડીને સ્નાન કરવું - લાખ કામ છોડીને દાન આપવું - ક્રોડ કામ છોડી પ્રભુ ભજવા.

વિનય વિના વિદ્યા ન મળે, વિનીતને જ નવનીત મળે.

વિષયોનું સ્મરણ વિવેકી માનવને અવિવેકી બનાવે છે,
વીતરાગનું સ્મરણ અવિવેકીને પણ વિવેકી બનાવે છે.

વીતરાગની વાણીનું શ્રવણ
ચતુર્વિધ સંઘને ત્રિભુવનપૂજ્ય બનાવે છે.

० अनन्तगुणपुण्यनिधान श्री अरिहंत, तच्छासनं,
तदाज्ञाराधकचतुर्विधसंघेषु अतीवभक्तिरागो प्रवर्धतु।

० गुरुदेवताभ्योऽनुग्रहः जायते प्रणामादिति गम्यते।
अनुग्रहात् सिद्धिः। तदनुग्रहः गुरुदेवता
निमित्तः तद्बहुमानालंबनाद् विशेषः। (પરિશિષ્ટ-૯)

## સમ્યગ્દર્શનની એક નવી વ્યાખ્યા

માથે શ્રી જિનાજ્ઞા, આંખમાં ચતુર્વિધ સંઘ પ્રતિ અમી,
મુખમાં મીઠાશ અને હૈયામાં સમજ ઉપરાંત
સમકીતની ખુમારી - એ સમ્યગ્દર્શન છે.
સદાચારની સુવાસથી સમકીત શોભે છે.
સંઘ-સાધર્મિકને ભૂલીને શાસન કે ધર્મનો ઉદ્યોત ન થઈ શકે.
આત્માનો વર્તમાનપર્યાય પૂર્વપર્યાયનું કાર્ય છે અને
ઉત્તરપર્યાયની અપેક્ષાએ કારણ પણ છે.
આત્માનું જેમ જેમ ગુણશ્રેણિમાં આરોહણ થતું જાય,
તેમ તેમ ગુણાનુરાગ વધતો જતો સંભવે છે.
ગુણ બહુમાન, સુકૃત અને
સુકૃતી પ્રત્યેનો રાગ જીવને અધિક અને અધિક
સુકૃતનું સેવન કરવાની ઇચ્છા પ્રગટાવે છે.

### મુમુક્ષુએ સારા નિમિત્તોનો આશ્રય શાથી કરવો ?

सन्निमित्तालंबने प्रायः शुभात्मपर्यायः प्राप्तिः,
असन्निमित्तालंबने प्रायोऽशुभभावोत्पत्तिर्जायते ।
अतः मुमुक्षुभिः सदैव शुभद्रव्य - क्षेत्र - कालादि-
निमित्तानां आश्रयो कर्त्तव्यः । कारणभेदे वस्तुभेदः ।
यथा तथैव निमित्तभेदे आत्मपर्यायभेदः, आत्मभावभेदः ।
(પરિશિષ્ટ-૧૦)

એક મહાન વૈદ્યે કહ્યું છે કે:

વિશ્વમાં 3 મોટા વૈદ્યો છે: પાણી, કસરત અને ખોરાક.
એ ત્રણેમાં પાણીનો ઉપયોગ છૂટથી કરવો,
કસરત - શરીરનો વ્યાયામ નિયમિત રીતે કરવો અને
આહાર સાધારણ રીતે અને શરીર ટકાવવા જ કરવો.
વ્યાયામની ઉપેક્ષા કરવી નહિ.
ઠંડા - મીઠા પીણાં કદાપિ લેવા નહીં ઉપરાંત
પોતાની સ્વાદેન્દ્રિયને લાડ લડાવવા માટે
વધારે પડતો અથવા તો અપાચ્ય આહાર લેવો નહિ.

°

He is deluded, who thinks he can attain God with his own efforts. He who works on humbly & considering all his endeavours worthless as straw and believes he will not get Him except through His grace alone, he only gets Him.

The great god looks into the earnestness of his soul and blesses him with His grace.

'યોગવિંશિકા' ગ્રન્થમાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે

સમજાવેલ ભાવધર્મના પાંચ લક્ષણો:

(૧) પ્રણિધાન = ધ્યેયની સ્પષ્ટતા અને તેમાં પૂર્ણ નિષ્ઠા.

(૨) પ્રવૃત્તિ = માર્ગની સ્પષ્ટતા અને તેમાં નિત્ય ગતિ.

(3) વિઘ્નજય = ધ્યેય પ્રાપ્તિ માટે સર્વસ્વનું બલિદાન,

પૂર્ણ સમર્પણ, શરીરનું પણ વિસ્મરણ.

(૪) સિદ્ધિ = ધ્યેયની પ્રાપ્તિ અને

(૫) વિનિયોગ = પાત્ર જીવોમાં વિનિયોગ.

પ્રણિધાન ઇચ્છાસ્વરૂપ છે, વિઘ્નજય સ્થૈર્યરૂપ છે.

પ્રણિધાનમાં સાધ્યની સ્પષ્ટતા છે અને

વિઘ્નજયમાં સાધનની સ્પષ્ટતા છે,

તેનું ફળ સિદ્ધિ છે.

મંત્રચૈતન્ય ક્યારે પ્રગટ્યું ગણાય ?

'ૐ અર્હં' આદિ સત્ય મંત્રો એક બાજુથી દેવ - ગુરુ - આત્માનું ઐક્ય સધાવે છે, બીજી બાજુ આત્માની સાથે મંત્ર - મન - પ્રાણનું ઐક્ય સધાવીને અંતે મન પોતે જ દેવ, પ્રાણ પોતે જ ગુરુ અને મંત્ર દ્વારા આત્મા પોતે જ તે બન્નેથી અભિન્ન પ્રતીત થાય છે, ત્યારે મંત્રચૈતન્ય પ્રગટ્યું ગણાય છે.

## ધર્મશાસ્ત્રોની જરૂરત શું?

ત્યાગ[૧] ટકાવવા વૈરાગ્ય[૨] જોઈએ.
વૈરાગ્ય માટે ભક્તિ[૩] જોઈએ.
ભક્તિ માટે શ્રદ્ધા[૪] જોઈએ અને
શ્રદ્ધા માટે વસ્તુસ્વભાવનું[૫] ચિન્તન જોઈએ.
તે ચિન્તન કરવા માટે અનુરૂપ[૬] તર્ક જોઈએ.
અનુરૂપ તર્ક માટે આપ્તવચન[૭] અને ધર્મશાસ્ત્ર જોઈએ.

જ્ઞાન માટે ધર્મશાસ્ત્રોમાં કહ્યું છે કે:
જ્ઞાન વેચવાનું હોય નહિ, જ્ઞાનનું તો દાન જ હોય.

'ઈશોપનિષત'માં કહ્યું છે કે:
સર્વ પ્રાણીઓને જે પોતામાં જ રહેલાં જુએ છે
અને પોતાને બધા જ પ્રાણીઓમાં રહેલો જુએ છે,
તે આત્મા કોઈની નિંદા કરતો નથી.
જે જ્ઞાની પુરુષની નજરમાં સર્વ પ્રાણીઓ પોતારૂપ
જ બન્યા છે અને વળી જે બધે એકરૂપપણું જુએ છે,
તેને મોહ કેવો અને શોક કેવો?

'पाणे सव्वसत्तवसरिसाणं सव्व अप्पाणं ।
अप्पा मंगलं, अप्पा लोगुत्तमो, अप्पाणंसरणंपवज्जामि ।'

- मीठालाल मुनि (परिशिष्ट-११)

## દશ પ્રકારનાં થતાં નાદશ્રવણ

બંને હાથની તર્જની આંગળીઓથી બંને કાનના છિદ્રોને બંધ કરીને શરીરની અંદર થવાવાળાં અનાહત નાદને એકાંત સ્થળમાં શ્રવણ કરો તો નીચે મુજબ નાદો સંભળાશે:

(૧) ચિણી ચિણી શબ્દ - ઝણઝણાટ.

(૨) ચિંચિણી સ્વર - અંગસ્ફુર્તિ : અંગ સ્ફુરન.

(3) ઘંટાનાદ - પરિશ્રમ : થકાટ.

(૪) શંખનાદ - શિરઃકંપ.

(૫) વીણાનાદ - તાળુમાંથી અમૃતસ્રાવ.

(૬) તાલ શબ્દ - ધ્વનિ : અમૃતાસ્વાદ.

(૭) બંસીનાદ - ગુપ્ત વસ્તુનું જ્ઞાન : ગુહ્યજ્ઞાન.

(૮) મૃદંગ ધ્વનિ - પરાવાણી : પરાવાચા.

(૯) દુંદુભિસ્વન : અંતર્ધાન.

(૧૦) મેઘનાદ - મેઘગર્જન : બ્રહ્મસાધના, પરબ્રહ્મસાધના.

નાદાનુભવ દ્વારા આત્મજ્ઞાન થવાથી નિશ્ચે મોક્ષ મળે છે, નાદશ્રવણ તેનો ઉપાય છે.

ટૂંકમાં અનુક્રમે ૧૦ પ્રકારે નાદશ્રવણ = ઝણઝણાટી, અંગસ્ફુર્તિ, પરિશ્રમ, શિરઃકંપ, અમૃતસ્રાવ, અમૃતાસ્વાદ, ગુહ્યજ્ઞાન, પરાવાણી, અંતર્ધાન, બ્રહ્મસાધના.

નાદાનુસંધાનપૂર્વક આત્માનુસંધાન કઈ રીતે થાય?

માતૃકાના પ્રત્યેક વર્ણના ઉચ્ચાર વખતે ઉચ્ચારરૂપે જે નાદ ઉત્પન્ન થાય છે, તેમાં મનની સ્મૃતિરૂપ વૃત્તિ જોડવાથી નાદાનુસંધાનપૂર્વક આત્માનુસંધાન થાય છે, કેમકે માતૃકાનો દરેક વર્ણ સંકેતથી નિરપેક્ષ છે, તેથી વાચ્યાર્થથી રહિત છે, વાચ્ય ન હોવાથી વાચક પણ નથી, તેથી કેવળ નાદનો જ અનુભવ થાય છે.

વર્ણનો આત્મા નાદ હોવાથી તેના અનુસન્ધાન વડે સાધક સર્વ શ્રુતનો પારગામી થાય છે.

સર્વે વર્ણાઃ પરમેશ્વરવાચકાઃ ।
અર્હમિત્યક્ષરં બ્રહ્મ વાચકં પરમેષ્ઠિનઃ ।
સિદ્ધચક્રસ્ય સદ્બીજં સર્વતઃ પ્રણિદધ્મહે ॥ (પરિશિષ્ટ-૧૨)

સ્વરો - વ્યંજનો શેના વાચક છે?

સ્વરો પરમાત્માના તથા વ્યંજનો પરમાત્મશક્તિના વાચક છે. 'સ્વયં રાજન્તે ઇતિ સ્વરાઃ ।' સ્વરો વાચ્ય આદિ ભાવોના ઉલ્લાસક હોવાથી 'જનક' પણ કહેવાય છે.

અ = શિવ, હ = શક્તિ - મહાપ્રાણ.

સ્વરોના ધ્યાનથી પરમાત્માની ઉપાસના થાય છે અને વ્યંજનોના ધ્યાનથી પરમાત્મશક્તિની ઉપાસના થાય છે.

## ઉપચારથી માતૃકા કોને કહેવાય?

માતૃકા = જનયિત્રી, જ્ઞાનશક્તિ.
અહીં દેહના સ્થાને છે અને
જ્ઞાનશક્તિ તે દેહમાં રહેલ અંતરાત્માના સ્થાને છે.
જ્ઞાનશક્તિનું ઉન્મીલન કરનાર ૪ પ્રકારની વાણીઓ છે, તેથી એ ચારેને પણ ઉપચારથી 'માતૃકા' કે 'વિશ્વબોધ વિધાયિની' - સર્વ પદાર્થોનો બોધ કરાવનાર કહેવાય છે. તે જ્ઞાનમય તેજનું જનન - પાલન - શોધન કરે છે, માટે પણ 'માતૃકા' કહેવાય છે. તે આત્માની પરમ જ્યોતિ છે.
માતૃકા = અક્ષરવર્ગોમાં વિભક્ત થયેલ પરાવાણી (વિદ્યા).

શ્રુતજ્ઞાન અનંત - અપાર - સુવિસ્તીર્ણ તથા સ્વયંભૂરમણ સમુદ્રની જેમ દુરવગાહ હોવા છતાં ય માતૃકાના ધ્યાનથી તેના પારને સુખેથી પામી શકાય છે.
અનાદિસંસિદ્ધ = સદા કાળ અસ્તિત્વ ધારણ કરનાર.

ફળનો આધાર એના ઉપર છે કે
પૂજા - પ્રાર્થના, ભક્તિ - પ્રશંસા, સ્મરણ - સ્તુતિ, જાપ-ધ્યાન, યાત્રા - આજ્ઞાપાલનાદિના કેન્દ્રમાં કોણ છે?
કેન્દ્ર જ્યારે અરિહંત પરમાત્મા બને,
ત્યારે ફળ સર્વોત્કૃષ્ટ મળે, શાશ્વત લાભ થાય.

## ચાર વાસ્તવિક કથનો

(૧) ધર્મને નહિ માનવાવાળા પણ બીજા પાસેથી પોતાના માટે દાન, દયા, પ્રેમ, પરોપકાર, અહિંસા, સંયમાદિને જ ઈચ્છે છે.

(૨) ધર્મ એને સદ્ગતિનો ઉપકાર કરે, તે ઉપકરણ તથા દુર્ગતિનો અધિકારી બનાવે, તે અધિકરણ છે.

(3) અન્યાયને કુદરત સહી શકતી જ નથી. એકબાજુ અન્યાય કરી, તો બીજીબાજુ કુદરતનો ફટકો મળે જ.

(૪) શુભધ્યાન કર્મવનને - પાપપુંજને બાળવા દાવાનળ છે.

V. Imp.

## ત્રણ મૂળ આકૃતિઓ

સમસ્ત ભાષાઓના વર્ણાક્ષરોનું મૂળ બિન્દુ ०, રેખા — અને વૃત્ત 0 છે.

આ ત્રણ મૂળ આકૃતિઓને સીધા, ઉલ્ટી, તિરછી, ઊંચી, નીચી રાખીને પ્રત્યેક ભાષાના અક્ષરો બનેલાં છે. આમ સમસ્ત વર્ણમાળાઓની લિપિ મૂળમાં એક જ છે. એ જ રીતે સમસ્ત વર્ણોના ઉચ્ચારણોનું મૂળ નાદ, બિંદુ અને કળા છે. નાદમાંથી બિંદુ - બિંદુમાંથી કળા અથવા કળામાંથી બિંદુ - બિંદુમાંથી નાદ, જેને અનુક્રમે સંહારક્રમ અને સૃષ્ટિક્રમ તરીકે ઓળખવામાં આવે છે.

વૈખરી = સ્થૂલ માતૃકા - સ્પષ્ટોચ્ચાર.
મધ્યમા = સૂક્ષ્મ માતૃકા - શ્રુતજ્ઞાનોપયોગ.
પશ્યંતી = સૂક્ષ્મતર માતૃકા - લબ્ધિ.

માતૃકાના વર્ણોમાંથી મંત્રોની ઉત્પત્તિ થાય છે.
માતૃકારૂપ વર્ણો જ ન હોય તો તેના કાર્યરૂપ મંત્રો,
વિદ્યાઓ, સિદ્ધાંતશાસ્ત્રો આદિ સંભવતાં જ નથી.
આ કારણે સર્વ સિદ્ધાંતોના મૂળમાં માતૃકા પ્રસિદ્ધ છે.

સ્પષ્ટોચ્ચાર, શ્રુતજ્ઞાનોપયોગ અને ક્ષયોપશમ -
એ બધા અનિત્ય હોવા છતાં પ્રવાહથી અનાદિ છે
અર્થાત્ વિવિધ જીવોમાં તે સદા વિદ્યમાન રહે છે.
સિદ્ધાંત માત્રની જનની હોવાથી તેને 'માતૃકા' કહે છે.

ઉપયોગવાન તે ભાવશ્રુતરૂપ છે અને
ક્ષયોપશમ તે પ્રવચનરૂપ છે, એમ સિદ્ધાંતમાં કહ્યું છે.

ઉત્પત્તિ સ્થાન ત્રણ પ્રકારના છે:
સંસ્થાક્ષર, વ્યંજનાક્ષર અને લબ્ધ્યક્ષર રૂપે.
તેમાં પણ લબ્ધ્યક્ષર પશ્યંતી માતૃકા મુખ્ય છે.
તેમાંથી જ સંસ્થાક્ષરો અને વ્યંજનાક્ષરોનો જન્મ થાય છે.
જેમાંથી બધાં પવિત્ર શાસ્ત્રો જન્મે છે,
તે માતૃકા ત્રિભુવનપૂજ્ય છે.

## માતૃકાને 'બ્રાહ્મી' કેમ કહેવાય છે?

માતૃકા એ સર્વ શાસ્ત્રો, સર્વ વિદ્વાનો અને
સર્વ લોકોને સ્તુત્ય છે, પૂજ્ય છે, આરાધ્ય છે.
પાવન સંસ્કારસ્વરૂપ માતૃકાને 'બ્રાહ્મી' પણ કહેવાય છે.

'બ્રહ્મ' એટલે...

बृंहते वर्धते मम स्थानं अनेनेति ब्रह्मवर्णात्मकः समुदायः।

લિપિને 'બ્રાહ્મી' કહે છે, કેમકે
યુગની આદિમાં શ્રી ઋષભદેવ ભગવંતે
બ્રાહ્મી નામની પુત્રીને તેનું પ્રથમ જ્ઞાન કરાવ્યું હતું.
તેને ભારતી, બ્રાહ્મી, વાક્‌સરસ્વતી, વાણી, ભાષા,
શ્રુતદેવી, ગૌ, ગીઃ વગેરે શબ્દોથી ઓળખાવાય છે.
શબ્દબ્રહ્મ એ સ્થૂલ અને સૂક્ષ્મ - બે પ્રકારનું છે.
તેમાં સૂક્ષ્મ તે પ્રાણ, ઇંદ્રિય, મનોમય છે.
'પરા' નામનું શબ્દબ્રહ્મ પ્રાણમય છે,
પશ્યંતી મનોમય છે અને મધ્યમા તે વાણીને વ્યંજક છે.
વૈખરી વાણીનું કારણ છે, તેથી ઇંદ્રિયમય છે અને
સ્થૂલ શબ્દબ્રહ્મ વૈખરી સ્વરૂપ છે.

शब्दब्रह्म सुदुर्बोधं प्राणेन्द्रियमनोमयं ।
अनन्त पारं गंभीरं, दुर्विगाह्यं समुद्रवत् ॥

तच्च सूक्ष्मं स्थूलं चेति द्विविधम् ।
तत्र सूक्ष्मं प्राणेन्द्रियमनोमयं, प्रधानं प्राणमयं पराऽऽख्यं
मनोमयं पश्यन्त्याख्यं, इन्द्रियमयं मध्यमाख्यं
तस्य वाग्व्यंजकत्वेन वागिन्द्रिय - प्रधानत्वात् ।
मनीषिभिरेव ज्ञेयं सूक्ष्मं रूपम् ।

સૂક્ષ્મ શબ્દબ્રહ્મને કેવળ બુદ્ધિમાન પુરુષો જ જાણી શકે.
તે સ્વરૂપથી દુર્વિજ્ઞેય - અલક્ષ્ય, ઇંદ્રિય અને મનોમય છે,
અનંત, અપાર, ગંભીર છે. નિગૂઢ અર્થવાળું અને
સામાન્ય માણસની મતિથી દુર્વિગ્રાહ્ય અર્થાત્ સામાન્ય
માણસની મતિમાં તેનો પ્રવેશ ન થઈ શકે એવું છે.
શબ્દબ્રહ્મમાં નિષ્ણાત હોય, તે જ પરબ્રહ્મને પામી શકે છે.
મંત્રચૈતન્ય = અલક્ષ્યમય (પરા) નાદશક્તિનો આવિર્ભાવ.

तत्राऽनाहतविश्रान्ति स तत्त्वो निष्कलोच्चार
प्रगुणीकृतमध्यधामसंलीनतया जपः कार्यः ।

જપનું અંતિમ તાત્ત્વિક સ્વરૂપ અનાહતનાદમાં વિશ્રાંતિ છે.
તે જપ મધ્યમમાર્ગ - સુષુમ્ણામાં સંલીન કરવો જોઈએ.
મધ્યમમાર્ગસંલીનતા મધ્યમ માર્ગની ઉન્મુક્તતાથી, ઉન્મુક્તતા
તે નિષ્કલ ઉચ્ચારણ (સહજ માનસજપ)થી અને નિષ્કલ
ઉચ્ચાર પ્રયત્નપૂર્વકના ઉચ્ચારરૂપ સકલ જપથી આવે છે.

# બ્રાહ્મીલિપિનું માહાત્મ્ય

સંસ્કાર - બ્રાહ્મીલિપિને

શ્રી ભગવતીજી સૂત્રના પ્રારંભમાં નમસ્કાર કર્યો છે.

'નમો બંભીએ લિવીએ।'

અક્ષરપદનું કારણ હોવાથી બ્રાહ્મીલિપિ પણ અક્ષરપદ છે.

તેનો સર્વ પ્રથમ અભ્યાસ કરાવાય છે.

અક્ષર એટલે કે અવિનાશી આત્મા આદિ ભાવોના

ચિંતનથી તત્ત્વજ્ઞાન અને ધર્મક્રિયાની પ્રાપ્તિ થાય છે.

તે બ્રાહ્મીલિપિ સર્વ કળાઓનું મૂળ,

ગુણરૂપી લક્ષ્મીનું નેત્ર, સમસ્ત જીવોના કુળદેવ કલ્પ,

આ સમગ્ર વિશ્વને પવિત્ર કરનારી,

વિશ્વસંભવની અને મોક્ષનું પરમ સાધન છે,

કારણકે તેનાથી ભાવરૂપ ઉપકાર થાય છે.

સરસ્વતી નામની દેવી તેની અધિષ્ઠાત્રી છે.

બ્રહ્મેન્દ્ર તેના દેવતા છે,

લોકાંતિક સારસ્વતાદિ દેવો તે શ્રુતદેવતાને વશ છે,

સ્વરો-વ્યંજનોની રક્ષા માટે યક્ષો તેના અધિષ્ઠાયક છે.

જ્ઞાનનું પાલન કરનારી હોવાથી

આ માતૃકા વિશ્વવ્યાપીની શક્તિ છે!

સં. ૨૦૨૯, જેઠ સુ-૩, રવિવાર

## પાંચ પીઠના ૨૫૪ અક્ષરો - કઈ રીતે?

પહેલા પીઠમાં ૧૧૭ અક્ષર અને બાકી ચાર પીઠોમાં
અનુક્રમે ૪૪, ૩૧, ૨૩ અને ૨૫ અક્ષરો સમજવા.
કુલ અક્ષરો થાય છે ૨૪૦, કિન્તુ
તેમાં પહેલા પીઠના ૧૩ અને બાકી પીઠનો ૧ અક્ષર
મેળવીએ, તો બધા મળી કુલ ૨૫૪ અક્ષરો થાય છે.

## સ્વાધ્યાય એ સ્વાસ્થ્યનો અમોઘ ઉપાય

માનસિક સ્વાસ્થ્ય જ સઘળા સ્વાસ્થ્યનો સાચો ઉપાય છે.
માનસિક સ્વાસ્થ્ય જળવાય તો શરીરનું અસ્વાસ્થ્ય
હાનિકર નહિ નીવડતું પણ ઉલટું લાભદાયી બને છે.
જૈનશાસન માનસિક સ્વાસ્થ્ય જ શીખવે છે.
પાંચ પ્રકારનો સ્વાધ્યાય એ એનો અમોઘ ઉપાય છે.
અગિયારે તપો એના દ્વારા સધાય છે.
જીવનમાં સંયમની શક્તિ સાધના સાથે
સ્વાધ્યાય અને શક્તિ રહે, ત્યાં સુધી
પ્રભુમાર્ગનું યથાસ્થિત પ્રતિપાદન -
એ જ એક આરાધનાનું અપૂર્વ સાધન છે.
આ કાળમાં તે અપૂર્વ આરાધન શક્તિ છે.

## અર્હ શબ્દની ગર્ભિત પ્રક્રિયા

પ્રથમ પદમાં દેવતારૂપ અર્હ શબ્દનો અક્ષરરૂપે,
તે પછી તેના અર્થનો અભિધેયરૂપે અને તે પછીના જે
પ્રત્યયાવસ્થા તેનો એકતાનીકરણરૂપે નિર્દેશ છે. આ રીતે
શબ્દ, અર્થ, પ્રત્યયના આલંબનરૂપ પ્રક્રિયા ગર્ભિત છે.

સ્વરૂપ, અભિધેય, તાત્પર્ય અને તત્ત્વ.

અ + હ + ર + બિંદુ + નાદ.

નાભિ - હૃદય - ઘંટિકા - મૂર્ધા - લલાટાગ્રથી બ્રહ્મરંધ્ર.

હ્રસ્વ - દીર્ઘ - પ્લુત - સૂક્ષ્મ - અતિસૂક્ષ્મ (સુસૂક્ષ્મ).

૧ - ૨ - ૩ - ૧/૨ - ૧/૨થી કાંઇક ન્યૂન.

દેવતા = યોગક્ષેમવાહક જ્યોતિર્મય શક્તિવિશેષ.

પદ એ જ દેવતા છે અર્થાત્ પદ એ જ કથંચિત્
અભેદ સંબંધથી વાચ્યદેવતાની મૂર્તિ યા શરીર છે.
કહ્યું છે: હ્રીંકાર મૂર્તિઃ । વાચ્યવાચકતાઽભેદ સંબંધેન
હ્રીંકારઃ મૂર્તિઃ વિગ્રહો યસ્યા દેવતાયાઃ સા ।
મંત્ર પોતે વાચ્યદેવતાથી થતાં સર્વ કાર્યો કરી શકે છે.
પ્રકાશ એ શિવતત્ત્વ છે, વિમર્શ એ શક્તિતત્ત્વ છે.

પદની સૂક્ષ્મ અવસ્થા વિમર્શરૂપ છે.

વિમર્શનું તાત્ત્વિક સ્વરૂપ નિર્વિકલ્પ જ્ઞાન છે.

તેને જ મંત્રદેવતા, મંત્રમયીદેવતા, પદમયીદેવતા કહે છે.
તાત્ત્વિક વિમર્શ પશ્યંતી વાક્શક્તિરૂપ છે, તેથી તે જ પદમયી
દેવતા અથવા આત્માની અમૃતકલા પણ કહેવાય છે.

વૈખરીમાં વાચિકપદનું આલંબન અને મધ્યમામાં
ચૈતસિક - મનોગત ચિત્તસ્વરૂપ પદનું આલંબન હોય છે,
જે લઈને નિર્વિકલ્પ પદ સુધી પહોંચવાનું હોય છે.
ચૈતસિક પદ સંકલ્પરૂપ છે - તે આંતરવાક્શક્તિરૂપ છે
અને અચિંત્ય દશા સુધી લઈ જાય છે.

મંત્ર પ્રથમ ચિંતન - વિચારરૂપતાને પામે, પછી તે વિકલ્પ
સંકલ્પતા - પુનઃ પુનઃ આંતરજલ્પરૂપ અવસ્થાને પામે છે.
સંકલ્પના યોગથી તે ચિંતન અંતે
વિમર્શરૂપતા - નિર્વિકલ્પ જ્ઞાનરૂપતાને પામે છે. વિમર્શ જ
તાત્ત્વિક પદમયી દેવતા છે. ચિંતનો અનેક પ્રકારના છે
પણ અહીં પદમય કે મંત્રમય ચિંતન જ ઉદ્દેશ્ય છે.
ચિંતન એ સંકલ્પ વડે નિર્વિકલ્પ પર્યંત લઈ જાય છે.
સંકલ્પ = પુનઃ પુનઃ મંત્રોચ્ચારણ, અર્થભાવનાથી તે
યુક્ત હોય છે, તેથી ભાવ્યમાન વસ્તુ સ્પષ્ટ થાય છે.
ભાવ્યમાન ચરમ ધ્યેયવસ્તુનો જ્યારે સાક્ષાત્કાર થાય છે,
ત્યારે તે વસ્તુનું અવિકલ્પ - નિર્વિકલ્પ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

પ્રશસ્ત ચિત્તને ફરી ફરી ઉત્પન્ન કરવારૂપ સંકલ્પના અભ્યાસથી ચિત્ત ક્ષુબ્ધ થાય છે અને અંતે નિર્વિકલ્પ દશા પ્રાપ્ત થાય છે. દરેક મંત્રના ઉચ્ચારણ કાળની માત્રાઓ રૂપ જે હ્રસ્વ, દીર્ઘ, પ્લુત અવસ્થાઓ છે, તેનાથી પર એવી જ્યોતિ અવસ્થા છે અને તે બિંદુસ્થાન એટલે આજ્ઞાચક્રમાં પ્રાપ્ત થાય છે. બિંદુસ્થાનમાં પ્રવેશ થતાં રાગદ્વેષ ક્ષીણ થઈ જાય છે, પ્રસાદ વધે, મંત્રની જ્યોતિરૂપતાનો આવિર્ભાવ થાય છે. મંત્ર એ દેવતાનું સ્વરૂપ હોવાથી તેને ભોગ અને મોક્ષ કરનારો થાય છે. બિંદુ અને તેની પછીની દરેક દરેક અવસ્થાઓમાં રહેલ નિષ્કલ અને નિર્વિકલ્પ મંત્રશક્તિ તે મંત્રમયી દેવતા - અનિર્વચનીય તેજોરૂપ રહેલ છે. સ્વકીય પ્રકાશથી દ્યોતમાન હોવાથી દેવતારૂપ કહેવાય છે.

સૂક્ષ્મ ધ્વનિનું અનુસંધાન - નાદાનુસંધાન.

નાદ = અવ્યક્ત ધ્વનિ. બ્રહ્મપ્રાન્ત = બ્રહ્મરન્ધ્ર - દ્વાદશાંત. મંત્રશૂલ = મંત્રોચ્ચારણ, જ્ઞાનશૂલ = ગ્રંથિવિદારણ - વિભાજન. ગ્રંથિઓને ભેદવામાં શૂલ સમાન હોવાથી 'શૂલ' કહેવાય છે.

પરતત્ત્વ સમાપત્તિ = પરમાત્મ સ્વરૂપનો ભાન - પદમયી દેવતા 'અર્હં'ની અચિન્ત્ય શક્તિનો સ્વાનુભવ.

'परमस्थानस्वरूप परमेष्ठिवाचकं अर्हं ।'

'अक्षरस्य मोक्षस्य हेतुत्वात् अक्षरं ।

ब्रह्मणो स्थानस्य हेतुत्वाच्च ब्रह्म ।'

'मंत्र तनुः जिनपतिः साक्षात् ।'

विकल्पस्य संजल्पयोगात् विमर्शः ।

विमर्शस्वभावा हि वाच्या मंत्रदेवता ।

देवेति स्वप्रकाशकत्वात् द्योतमानेत्यर्थः ।

प्रालेयं सोमकलाजालं ।

सततोदिताऽनस्तमितस्फुरत्तैकसारः नादः ।

इत्याद्युक्त्या नदन् । अत एव घोषादि
स्वभावान्तरानुदयात् अव्यक्तध्वनिः । अत एवादि
चलिद्रूपत्वात् अक्षरो । अतः शिवशक्त्यात्माधिष्ठितः
परसंविन्मात्रात्मकः ।

<u>શેનું યથાર્થ ધ્યાન સિદ્ધ થવાથી શું મળે ?</u>

હ્રસ્વમાત્રાથી વચનસિદ્ધિ - દીર્ઘમાત્રાથી કાર્યસિદ્ધિ મળે,
પ્લુતમાત્રાથી દારિદ્ર્યનાશ - સમતાથી વિષય - કષાયનાશ,
અંતરાત્મભાવની પ્રાપ્તિથી પરમાત્મધ્યાન દ્વારા મુક્તિ-મોક્ષ.

० नाऽस्योच्चरयिता कश्चित् प्रतिहन्ता न विद्यते ।
स्वयमुच्चरते देवः प्राणिनामुरसिस्थितः ॥ (परिशिष्ट-१३)

મંત્રરાજના હ્રસ્વાદિ ધ્યાનથી વચનસિદ્ધિ દ્વારા
આત્મા કર્મનો નાશ કરી અંતે મોક્ષને પામે છે.
'અર્હં'માં બધા મંત્રો સમાઈ જાય છે અથવા
અહીંથી બધા મંત્રો જન્મે છે.

પરતત્ત્વ સ્વરૂપ 'અર્હં' અક્ષરનું જો ત્રણેથી પણ
અધિક ભાવે પ્રણિધાન કરવામાં આવે, તો તે અક્ષર
આત્મસ્વરૂપની અનુભૂતિમાં પ્રધાનરૂપ થઈ જાય છે.

(૧) સ્વરૂપ - અક્ષર, સિદ્ધચક્રનું બીજ.
(૨) અભિધેય - પ્રથમ પરમેષ્ઠિ.
(3) તાત્પર્ય - સકલ આગમોનું રહસ્ય.
(૪) યોગક્ષેમ - વિઘ્નોનું સમૂલ ઉન્મૂલન.
(૫) દૃષ્ટાદૃષ્ટ ફલ - ચક્રવર્તી પદ અને સ્વર્ગાપવર્ગ.
(૬) પ્રણિધાન - સંભેદ અને અભેદ.
(૭) તત્ત્વ - ઉપશમશ્રેણિ - ક્ષપકશ્રેણિ આરોહણ.

સુસૂક્ષ્મ ધ્વનિસ્વરૂપ 'અર્હં' નાદ, અનાહત ધ્વનિ,
અનાહત આદિ પર્યાયો છે. બ્રહ્મરંધ્રમાં લીન થતું નાદરૂપ
અર્હં એજ તાત્વિક અનાહત ધ્વન્યાત્મક અક્ષર છે.
તાત્વિક અક્ષરના ઉદ્ભૂત હોવાથી
પૂર્વાવસ્થાઓમાં પણ તેને 'અક્ષર' કહે છે.

ઉત્પત્તિ ક્રમમાં પરામાંથી પશ્યંતી - મધ્યમા - વૈખરી - અષ્ટવર્ગ અને સર્વ માતૃકાઓ ઉત્પન્ન થાય છે. લય ક્રમમાં ૫૦ વર્ણો ૮ વર્ગોમાં તથા તે ય અભિન્નપણે સ્ફુરે, ત્યારે અનાહતનાદ ફેલાય છે. આને જ મંત્ર-ચૈતન્ય કે પ્રભુમય નાદશક્તિનો આવિર્ભાવ કહે છે. ઉન્મનાવસ્થામાં મન, માત્રા, કાળ, દેશાદિ કશું જ નહિ,

કેવળ પરમાનંદની જ તૃપ્તિ છે.

નાદાન્તના ભેદન પછી દેહાત્મભાવ નાશ પામે છે.

શક્તિસ્થાનમાં દેહાત્મભાવ બિલકુલ ન હોવાથી આત્માની મહાન શક્તિઓનો અનુભવ થાય છે.

(૧) બિંદુ - નાદ = નાદમાં અર્ધચંદ્રાદિ ૮ અંશો ભળેલા.

(૨) બિંદુ - નાદ - કલા = બિંદુમાં ત્રણ અંશ,
નાદમાં બે અંશ અને કલામાં ચાર અંશ.

(3) નાદ - બિંદુ = બિંદુમાં ત્રણ, નાદમાં પાંચ અંશો.

(૪) કલા - બિંદુ = કલામાં બધા અંશો આવી જાય છે.

(૫) નાદ = નવે અંશોનો સમાવેશ થઈ જાય છે.

શબ્દબ્રહ્મ - પરબ્રહ્મરૂપ 'અર્હં' - અક્ષર, બ્રહ્મ, કેવળજ્ઞાન, અરિહંત, સિદ્ધ, આત્મસ્વરૂપ, મોક્ષ વગેરે.

અર્હં અક્ષર શબ્દબ્રહ્મરૂપ છે, સર્વ વર્ણમય - માતૃકામય છે.

માતૃકા નાદમાંથી ઉત્પન્ન થાય છે.
શ્રી અરિહંત પરમાત્મા બ્રહ્મસ્વરૂપ હોવાથી
તદ્દવાચક અર્હં અક્ષર પણ બ્રહ્મ છે.
જ્ઞાનથી સર્વજ્ઞ હોવાથી પણ પરબ્રહ્મ છે.
વર્ણાન્તક અક્ષરસ્વરૂપ 'અર્હં' એ કૂટાક્ષર મંત્ર છે.
'હ' અક્ષર એ મંત્ર છે.
બાવન વર્ણો તેના પરિકરરૂપ છે, પરિકર ઉદ્દીપક છે.
ઉદ્દીપક એટલે તેની અર્થ-ક્રિયાના જનક છે.
અ = અનું ધ્યાન સર્વ પ્રાણીઓને આનંદ આપનારું છે.
ર = ર અક્ષરનું ધ્યાન ત્રિવર્ગને આપનારું છે.
હ = હ અક્ષરનું ધ્યાન સર્વ કાર્યોનું સાધક છે.
૦ = બિંદુનું ધ્યાન મોક્ષદાયક છે.

'હ' અક્ષર = મંત્ર

અક્ષરના ત્રણ પ્રકાર : બીજાક્ષર, ધાત્વક્ષર, મૂલાક્ષર.
અ - હ બીજાક્ષર છે. કુલ બીજાક્ષર (૨૯) છે.
સ્થૂલ હ = અંતિમ વર્ણ, સૂક્ષ્મ હ = અનાહત નાદ.
બાવન વર્ણોની સહાય વિના 'હ' મંત્રાક્ષરનાં ધ્યાનરૂપા-
ધ્યાન થઈ શકતા નથી, તેથી 'હ' ને અ થી પુરસ્કૃત,
રેફથી યુક્ત અને કલા અને બિંદુ સહિત કરાય છે.

બિંદુ અને નાદના સંયોજન વિના
મંત્ર કેવળ વર્ણના સમૂહરૂપ જ છે, તેથી
આત્મસાધનની આંતરિક પ્રકાશ ઉત્પન્ન થતો નથી.
ઉદ્દીપક અથવા પવિત્ર સહિત જ મંત્ર ફળે છે.
સાધનની તીવ્રતાથી ઉપશમશ્રેણિ - સંભેદપ્રણિધાન.
વીર્યધારાની વૃદ્ધિથી ક્ષપકશ્રેણિ - અભેદપ્રણિધાન.

## વૈરાગ્ય અને અભ્યાસની જોડ

ચિત્તનો બહિર્મુખ પ્રવાહ વૈરાગ્યથી નિવૃત્ત થાય છે
અને અભ્યાસ વડે આત્મોન્મુખ આંતરિક પ્રવાહ શરૂ
થાય છે, સ્થિર થાય છે. તમોગુણના પ્રાબલ્યથી થતાં
આલસ્ય, નિરુત્સાહ, મૂઢતા વગેરે સર્વ દોષોની નિવૃત્તિ
અભ્યાસથી થાય અને રજોગુણની અધિકતાથી થતાં
ચાંચલ્યાદિ સઘળાં વિક્ષેપ વૈરાગ્યથી દૂર થઈ જાય છે.

## ચિત્ત એક નદી છે.

તેમાં વૃત્તિઓનો પ્રવાહ વહ્યા કરે છે, તેની બે ધારા છે:
એક સંસારસાગર તરફ, બીજી કલ્યાણસાગર તરફ.
પહેલી ધારાને વૈરાગ્યનો બંધ લગાવીને
બીજી ધારાને વિશિષ્ટ રીતે પ્રવાહિત કરીને
આપણા ચિત્તમાં પ્રશાંતિ ઉત્પન્ન કરી શકાય છે.

ચિત્તની સ્થિતિ માટે યત્ન તે 'અભ્યાસ' છે.
ચિત્તનું વૃત્તિરહિત થઈને શાંત થવું, તે 'સ્થિતિ' છે.
તેને પ્રાપ્ત કરવા ઉત્સાહપૂર્વક અભ્યાસ જરૂરી છે. તે
સત્કાર-સન્માન અને શ્રદ્ધા-ધૈર્યાદિ વડે થવો જોઈએ,
ત્યારે જ તે અભ્યાસ સ્થિતિનું કારણ બને છે.

માટી + પાણી = કીચડ કે ઘડો?

માટીમાં ઘડો બનવાની યોગ્યતા છે,
તો પણ પહેલાંથી જ તે પાણીના સંસર્ગમાં આવી જાય,
તો તે માટી તરત જ કીચડ બની જશે.
ઘટ બન્યા પહેલાં જ માટી પોતાને ઘટ માની લે
અને જલદી ખૂબ મળી જાય, તો તો તે માટી કદી
ઘડો તો નહિ જ બને, પરન્તુ કીચડ જ બની રહેશે.
એ જ રીતે વ્યવહારધર્મનો અનાદર
કૃતજ્ઞતાદિ ગુણોનો લોપ કરી નિશ્ચયમાં રમણ કરવાનો
સ્વચ્છંદ પોતાનો પ્રભાવ બતાવે છે અને
આપણા આત્માનું પતન થાય છે.
શાસ્ત્રમાં કહ્યું છે કે:
કુહક અગ્નિ પાતિક દહે, તાપ સહેજે ઓપમાય;
કુહક રજ્જુ વ્યવહાર છે રે, તિણે નિર્વાહણ ઉપાય...(૨)

## જ્ઞાન અનુભવરૂપ થઈ સુખરૂપ ફૂલને ક્યારે પ્રકટાવે?

જ્ઞાનાધિષ્ઠાન જે સ્વસ્વરૂપ કે પોતાનું આત્મતત્ત્વ, તેમાં વૃત્તિનો સંયમ કરવાનો અભ્યાસ જ એનો ઉપાય છે. સ્વસ્વરૂપ તે ચિતિશક્તિ છે. જેમ તેને ઈશ્વર, પરમેશ્વર, પરમાત્મા કે પરબ્રહ્મ શબ્દથી ઓળખે છે, તો જેમ વિષ્ણુ, નારાયણ, શિવ, હરિ, રામ, કૃષ્ણાદિ શબ્દોથી પણ તેને ઓળખાવે છે પણ તે ચિતિશક્તિ જ છે, તે સમગ્ર સુખ, સમગ્ર ઐશ્વર્ય, સમગ્ર જ્ઞાન અને સમગ્ર સામર્થ્યનો અનંત-અપાર મહાસાગર છે. આ શક્તિના અનંત મહાસાગરને અનંત જીવો જો અનંતકાળ વાપર્યા કરે તો પણ તેમાં કાંઈ ખૂટે તેમ નથી. જ્ઞાન, સુખ, આરોગ્ય, ધન કે વૈભવને ઈચ્છનારે બીજે ક્યાંઈ જવાની જરૂર નથી. વળી તે સર્વત્ર છે, તેથી તેને માટે દોડાદોડ કરવાની પણ જરૂર નથી.

તમારા જ ઘરમાં એકાંત સ્થળે બેસો, નેત્ર મીંચો, બધા વિચારો છોડી દઈ હૃદય પ્રતિ દૃષ્ટિ વાળો અને એને જ ચિતિશક્તિનું મંદિર, ચિતિશક્તિનો મહાલય માનો. ત્યાં સમગ્ર ઐશ્વર્યાદિના અનંત ભંડાર એવા પરમાત્મા બિરાજિત છે, તેના જ નેત્ર ભરી ભરીને દર્શન કરો.

मंत्रजपान्मनोलयो मंत्रयोगः। જપ કરતાં કરતાં મનનો જે લય થાય છે, તેને 'મંત્રયોગ' કહે છે.

જીવાત્મા - પરમાત્માની એકતાનું સાધન તે જ યોગ. વિવિધ નામ - રૂપનું પ્રભવસ્થાન ચિત્ત છે તથા તેના નિરોધથી યોગ સિદ્ધ થાય છે. 'योगश्चित्तवृत्तिनिरोधः।' જો ચિત્તને એક જ બિન્દુ ઉપર, એકાદ ચક્ર ઉપર, ઇષ્ટદેવ યા ગુરૂમૂર્તિમાં, જપમાં, નાદશ્રવણમાં, શ્રવણ ચિન્તન - મનન - નિદિધ્યાસનમાં જો સ્થિર કરવામાં આવે, તો અલૌકિક કાર્યો સહજમાં જ બની શકે.

न योगो नभसः पृष्ठे, न भूमौ न रसातले ।
ऐक्यं जीवात्मनोराहु - र्योगं योगविशारदाः ॥१॥
प्रणष्टश्वासनिश्वासः प्रध्वस्तविषयग्रहः ।
निश्चेष्टो निर्विकारश्च लयो जयति योगिनां ॥२॥
कुम्भकप्राणरोधान्ते कुर्याच्चित्तं निराश्रयम् ।
एवं अभ्यासयोगेन राजयोगपदं व्रजेत् ॥३॥
मंत्रो लयो हठो राजयोगोऽयं भूमिकाक्रमात् ।
एक एव चतुर्धाऽयं महायोगोऽभिधीयते ॥४॥
यस्य देवे पराभक्तिः यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता अर्थाः प्रकाशन्ते महात्मनः ॥५॥

(પરિશિષ્ટ-૧૪)

કૃતજ્ઞતા અને નમ્રતાથી સભર શરણાગતિ

Surrender with aspiration and rejection is the shortest cut.

માત્ર સમર્પણ અને શરણાગતિથી
કલ્પનાતીત પરિણામો આવે છે, તેને ટકાવવા માટે
કૃતજ્ઞતા અને નમ્રતા - એ બે સાધન છે.
સાચી નમ્રતા એ ભૂલના સ્વીકારમાંથી જન્મે છે અને
સાચી કૃતજ્ઞતા એ ગુણના સ્વીકારમાંથી જન્મે છે.
ગુણ પ્રત્યે કૃતજ્ઞ બનો, ભૂલ પ્રત્યે કઠોર બનો.

સાધનાના મુખ્ય બે પ્રકાર ગણાવી શકાય:
Imp એક તો 'એકે એક વસ્તુ પરિવર્તનશીલ છે'
એમ સમજી ગયો છે, તે જ્ઞાનીની અને
બીજી સાધના આ વિશ્વની પાછળ જે પરમ શક્તિ છે,
તેમાં અચલ શ્રદ્ધા રાખનાર ભક્તની.
પહેલો અધિકાર જ્ઞાન માટેની સાધના તે ત્યાગ અને
બીજો અધિકાર ભક્તિ માટેની સાધના એટલે શરણાગતિ.
બન્નેનું ધ્યેય તો એક જ હોય છે.
ફક્ત ફેર એટલો કે પહેલાંમાં શ્રદ્ધાની પહેલાં જ્ઞાન
હોય છે અને બીજામાં જ્ઞાનની પહેલાં શ્રદ્ધા હોય છે.

## જ્ઞાનમાર્ગ તથા ભક્તિમાર્ગે આપણી નબળાઈ

જ્ઞાનમાર્ગની નબળાઈ એટલે...
પોતે અહીં છે, તેને અવગણવું તે તથા
ભક્તિમાર્ગની નબળાઈ એટલે...
પોતાને ઇષ્ટ છે, તેના ઉપર દૃઢ વિશ્વાસ ન રાખવો તે.
એકમાં અનિષ્ટનો સર્વથા ત્યાગ ન કરવાનો પ્રમાદ છે,
બીજામાં ઇષ્ટનો દૃઢ અંગીકાર ન કરવાનો પ્રમાદ છે.
એક દોષ નમ્રતાથી જાય છે તથા
બીજો દોષ કૃતજ્ઞતાથી જાય છે.
શ્રદ્ધામાં જ્ઞાન - જ્ઞાનમાં શ્રદ્ધા અંતર્ગત રહેલાં જ છે.
જે કાંઈ શક્તિ અને બુદ્ધિ ભેગા કર્યાં છે,
તે બધું આપી દેવામાં જ સેવા રહેલી છે અને
પ્રેમ તો સમગ્ર જાતને જ ન્યોછાવર કરે છે.
પ્રેમ સત્યસ્વરૂપ ભગવાનની સાથે જોડે છે અને
સેવા માનવબંધુઓને મદદરૂપ નિવડે છે.
પ્રેમ આપણા મનને જીવંત બનાવે છે અને
સેવા પ્રેમનો પ્રકાશ પોષે છે.
સૌંદર્યનું કોમળ સ્વરૂપ, રૂપમાત્રને જીવન આપનાર
ભગવાનની ઝાંખી કરવા માટે હૈયું જોઈએ.

V.V. Imp.

## સુખ અને પીડા શા માટે આવે છે?

આપણા ભાગે આવતું સુખ ભોલાવવા કે ભોગવવા માટે નહિ પણ બધાને વહેંચી દેવા અને સેવા કરવા માટે છે.

આપણે નસીબે આવતી કાંઇપણ પીડા આપણને ડરાવવા માટે નહિ પણ આપણામાં રહેલા પ્રભુને શરણે જવા માટે અને સાચો ત્યાગ ઉત્પન્ન કરવા માટે છે.

સાધકનું જીવન પોતે જ સાધના માટેનો સર્વોત્તમ પ્રકાર છે. આ અશાશ્વત જીવન શાશ્વત જીવન માટેની તાલાવેલી માટે જ છે, એમાં જ એ પોતાની કૃતકૃત્યતા અનુભવે છે.

વસ્તુના અભાવ કરતાં તેની લાલસા વધારે દુઃખ દે છે.

વ્યક્તિગત સત્સંગ એટલે વ્યક્તિગત રીતે પોતામાં રહેલા સત્ સાથે એકતાન થવું, તે સામૂહિક સત્સંગને સફળ બનાવવા માટેની પૂર્વ તૈયારી છે.

વૈરાગ્ય એ જ પ્રેમની સાધના છે અને શરીરને સંયમમાં રાખવું એ જ એની ઉત્તમ સેવા છે.

શરીરના ભોગ એ શરીરની સેવા નથી, કેમકે સૂક્ષ્મ શરીર ઉપર એની ખરાબ અસર પહોંચે છે.

બાહ્ય શરીર આ જીવન પૂરતું જ છે, સૂક્ષ્મ શરીર મૃત્યુ પછી પણ જીવ સાથે જાય છે,

એટલે હિંસા, ક્રોધ, લોભ તથા મોહ વગેરેથી
સૂક્ષ્મ શરીરને દૂષિત કરવું, એ મૂર્ખતા છે.
અણગમો એ કંઈ ત્યાગ નથી પણ
એ તો અણગમાના રૂપમાં આસક્તિ જ છે.
ઝાંઝવા જેવા જગતના ચિન્તનને છોડી દઈએ, તેટલાં
પ્રમાણમાં સત્સ્વરૂપ પ્રભુનો પ્રકાશ મનમાં ઝીલી શકાશે.
સાચી શક્તિના ખરાબમાં ખરાબ શત્રુઓ એટલે...
લોભ અને રાગ. સાચા માનવતાનાં લક્ષણો એટલે...
બીજાના દોષ માફ કરવા અને પોતાના હક્ક છોડી દેવા.
પશુનું લક્ષણ એટલે... ખરાબનો ખરાબ અને સારાનો
સારો બદલો વાળવો. સાચા મનુષ્યનું લક્ષણ એટલે...
ખરાબનો પણ સારો બદલો વાળવો તે છે.
ભગવાન તો છૂપાયેલો છે પણ તેના કાયદા જાહેર છે.
વૈરાગ્ય એટલે 'અહં'નું મૃત્યુ અને 'સત્' તત્ત્વનું ભાન.
કશાને પણ પોતાનું ન માનવું, તે ત્યાગ.
મૃત્યુ જેમ નવો જન્મ આપે છે,
તેમ ત્યાગ ભગવાન જોડે સંબંધ કરાવે છે.
ત્યાગ કઈ વસ્તુનો કરવાનો હોય? જે વસ્તુઓ હંમેશા
પાપ આપે, તે બધી વસ્તુનો સદંતર ત્યાગ કરવો જોઈએ.

સ્વેચ્છાએ કરેલો ત્યાગ આસક્તિરહિત હો તેનું સ્મરણ થવા દેતી નથી પણ જ્યારે તે આપણને છોડી જાય, ત્યારે તેમને વિશે રહેલી આપણી આસક્તિ તેમની યાદ દેવડાવે છે અને સત્યને ભૂલાવા દે છે. અસત્યનો ત્યાગ એ સત્યતત્ત્વના દર્શનની ચાવી છે. પૂર્ણ 'કર્મ' ભાવમાં અને પૂર્ણ 'ભાવ' સાધનામાં લય પામવા જોઈએ.

પોતાની ઇચ્છાઓ નિષ્ફળ જાય,
તો હસતે મોં એ સહી લેવું, એનું નામ સાચો તપ
અને ઇચ્છાઓ પૂર્ણ થવાથી મળતાં ક્ષણિક સુખમાં
આસક્ત ન થવું, તેનું નામ સાચો ત્યાગ.

પૃથ્વી ઉપરના મનુષ્યના નશ્વર જીવનનું ધ્યેય શું છે?
આ નશ્વર જીવનનું ધ્યેય દિવ્ય જીવનની પ્રાપ્તિ છે.

'હું'નો અહમ્ જ નાશવંત જીવનથી
અનંત જીવનને સંતાડી રાખે છે.

આ અહમ્ ફૂટી જતાં સ્વાત્મામાં અનંત જીવનનાં દર્શન થાય છે અને દરેકે દરેક ચાલ આવત મન, ઇંદ્રિયો અને શરીર પણ ચિન્મય બની જાય છે.

o

'I am That I am.'
That which I am seeking, I am.

## થોડાં પ્રશ્નોત્તર

પ્રશ્ન: કોણ ઉદાસ છો? શું વિચારી રહ્યા છો?

ઉત્તર: મારું ભવિષ્ય.

પ્રશ્ન: તને આટલું નિરાશાજનક કોણ બનાવે છે?

ઉત્તર: મારી ભૂતકાળ.

(જૂનાં સ્મરણો ખતમ કર્યા વિના
મનુષ્ય ઊંચો ઉઠતો નથી.)

પ્રશ્ન: તમારી સફળતાનું રહસ્ય શું છે?

ઉત્તર: સાચા નિર્ણય ઉપર કામ કરવું તે.

પ્રશ્ન: સાચો નિર્ણય કરો છો કેવી રીતે?

ઉત્તર: અનુભવના આધારે.

પ્રશ્ન: તમને અનુભવ કેવી રીતે મળે છે?

ઉત્તર: ખોટા નિર્ણય પ્રમાણે કામ કરવાથી.

પિતા = પાલકવૃત્તિ, ટ્રસ્ટીશીપ

Trust = વિશ્વાસ.

(૧) પુત્રને પોતાની આવડત આપે.

(૨) પુત્રને શિક્ષણ આપી કેળવીને તૈયાર કરે.

(૩) પુત્રને બધો ભાર સોંપી દે, પોતે નિવૃત્ત થાય.

o

Judge not that you may not be judged.

**આંખો અનંત સૌંદર્યને કેમ જોતી નથી?**

...કારણ કે તે નશ્વર સુખમાં સંતોષ માને છે.

**મનને અનંતરસ કેમ મળતો નથી?**

...કારણ કે તે ક્ષણિક સુખથી સંતોષ પામે છે.

**આ 'હું' અનંત જીવન કેમ પામતો નથી?**

...કારણ કે તે અસ્થાયી જીવનથી તૃપ્ત રહે છે.

**નિઃસ્વાર્થ મહાત્મા કોણ?**

જે બોલનારના આનંદ માટે સાંભળે અને
સાંભળનારના આનંદ માટે બોલે,
આમ બધી ક્રિયા બીજાના આનંદ માટે કરે,
તે નિઃસ્વાર્થ મહાત્માનું લક્ષણ છે.

**આસ્તિક કોણ? નાસ્તિક કોણ?**

સત્યને વિષે જેને શ્રદ્ધા છે, તે આસ્તિક અને
અસત્યમાં જે આસ્થા રાખે, તે નાસ્તિક.

**સુખ અને આનંદમાં શું ફેર?**

સુખ-દુઃખને દબાવી દે છે - આનંદ દુઃખને દૂર કરે છે.
બીજાને સુખ આપતાં પોતે વેઠેલું દુઃખ આનંદ જ
બની જાય છે. બીજા જીવોને દુઃખ દઈ મેળવેલું
સુખ એ દુઃખ જ બની જાય છે.

જડ એટલે ? ચેતન એટલે ?

જીવન અને પ્રકાશ (life & light) મેળવે, તે જડ
નહિ, જે જીવન અને પ્રકાશ આપે, તે ચેતન.

સૌથી મોટો ગુણ કયો ? ત્યાગ.

તે સૌ દોષો - અવગુણોના મૂળરૂપ અહંને જ ઓગાળી દે છે.

ગુરુ કોણ ? વિવેક એટલે ?

વિવેક એ જ સાચો ગુરુ.

વિવેક એટલે દરેક મનુષ્યમાં રહેલો પ્રભુનો પ્રકાશ.

દેહાધ્યાસથી કેમ છૂટાય ?

કર્મયોગ - સેવા દ્વારા દુનિયાનું ઋણ ચૂકવવાને, જ્ઞાન-
ક્ષણભંગુરતાના અભ્યાસથી અને ભક્તિ - બધું પ્રભુનું ગણવાને.

શ્રેષ્ઠ સાધના કઈ ? વાસના શમી જવા એ.

નિઃસ્વાર્થ સેવા જ વાસનામુક્ત બનાવશે.

કર્મ શું ? કર્મયોગ શું ? સુખપ્રાપ્તિ માટેનું કર્મ એ કર્મ,
ઈશ્વરપ્રાપ્તિ - આત્મસાક્ષાત્કારાર્થે કરેલ કર્મ એ કર્મયોગ છે.
કર્મ એ ક્રિયા છે, તેની પાછળ રહેલો પ્રેમ એ સાધના છે.

કોને ધિક્કારવું ? પાપને ધિક્કારો, પાપીને નહિ જ.

ઈશ્વર એટલે ? ઈશ્વર એટલે પૂર્ણ.

હૃદય જ્યારે સાવ ખાલી હોય, ત્યારે પૂર્ણ તેમાં સમાઈ શકે.

## મનની એકાગ્રતા શી રીતે સાધવી?

અભ્યાસ અને વૈરાગ્ય વડે.
કર્તા અથવા ભોક્તાપણાની બુદ્ધિનો ત્યાગ,
એજ સાચો વૈરાગ્ય અને અભ્યાસ.

કર્તા કે ભોક્તા તરીકેની પોતાની ભિન્નતા જાળવી રાખવી, તે રાગ છે. 'હું'ની ઊંચી ભૂમિકાં જે કાંઈ ઉત્પન્ન થાય, તે પોતાના સ્વભાવથી જ કરાઈ જાય છે.

જેમાં કર્તા તરીકેનું અભિમાન હોય, તે કર્મ
અને જેમાં 'સાચા કર્તા તરીકે ભગવાન છે'
એમ માનીને જે થાય, તે ક્રિયા.

'તે કર્મ તેના વડે થયું' એમ નહિ પણ 'તેના દ્વારા થયું' એમ ગણાય, ત્યારે તે બંધનકર્તા નિવડે નહિ.

## જીવ સ્વતંત્ર છે કે પરતંત્ર?

પોતાને જે મળ્યું છે, તેનો વિવેક વડે ઉત્તમ ઉપયોગ કરવા માટે જીવ સ્વતંત્ર છે, તે ઈશ્વરદત્ત સ્વતંત્રતા છે. આટલી બાબત સિવાય તે સર્વાંશે પૂર્ણ પરતંત્ર છે. જે સંજોગોમાં પોતે જન્મે છે અને કુદરતે આપેલા સંજોગોની પસંદગી કરવા માટે તે સ્વતંત્ર નથી. કોઈપણ વ્યક્તિ ઈચ્છિત પદાર્થોને મેળવવાને માટે

## મનુષ્ય મરણબુદ્ધિ કેમ કરે છે?

પોતાને શરીર માની બેઠો છે તથા મૃત્યુનું મહત્ત્વ-રહસ્ય ન સમજતો હોવાથી મનુષ્ય મૃત્યુબુદ્ધિ કરે છે. દરેક ચીજ સદા બદલાયા કરતી જ હોય છે. દરેક પરિવર્તન એ પહેલાંની સ્થિતિનું મરણ અને બીજાના જન્મરૂપ છે. બીજનું મરણ એ અંકુરનો જન્મ તથા બાળપણનું મરણ એ યૌવનનો જન્મ. એક સ્થિતિનો અંત તે બીજી સ્થિતિનો પ્રારંભ. સતત એકની એક સ્થિતિ રહેતી જ નથી. અમુક ખાસ દેખાઈ આવતાં પરિવર્તનના સ્વરૂપને લોકો 'મૃત્યુ' કહે છે. જે સતત બદલાયા કરતું હોય, તે જીવન નથી. સર્વ સ્થિતિ અને તેના ઉત્પાદ-વિનાશમાં ટકી રહે, તે જ શાશ્વત જીવન. મૃત્યુ મરી જાય - એનું નામ જ જીવન છે અને તે આત્માનું જ છે, આત્માના ચૈતન્ય ગુણનું જ છે.

જેમણે જીવનનો ઉત્તમ ઉપયોગ કર્યો નથી, તેઓ ફફડાતાં મરણબુદ્ધિ કરે છે. જેમણે જીવનનો ઉત્તમ ઉપયોગ કર્યો હોય, તે મરણબુદ્ધિ કદી પણ લાવતાં નથી.

મુક્તિ અનાસક્તિમાં રહેલી છે.

જે કાંઈ કર્મો કરે છે, તે કદી મુક્તિ અનુભવી શકતો નથી.

## મોહ અને પ્રેમમાં શું ફેર ?

મોહને શરીર સાથે સંબંધ છે,
પ્રેમને પરમાત્મા અને આત્મા સાથે સંબંધ છે.
મોહ બંધનમાં નાંખે - પ્રેમ બધાં જ બંધનોથી છોડાવે.
શાશ્વત સાથે જે થાય તે પ્રેમ અને
અશાશ્વત સાથે જે થાય તે મોહ.
પ્રેમ આસક્તિનું પરિણામ નહિ, આસક્તિનું કારણ છે.
પ્રેમ અખંડ અને અવિભાજ્ય છે.
સત્ તત્ત્વ માટેની સાચી અને દૃઢ ઝંખના જગાડવા
સાધક પોતે જ્યાં હોય, ત્યાંથી સાધનાના લક્ષ્યથી જ
પોતાની બધી જ ફરજો અદા કરીને, પોતાનું સમગ્ર
જીવન કેવળ સાધનામય કરી દેવું જોઈએ.
કોઈપણ મહાન પંડિત કે પંડિતોનો પણ અધિપતિ હોય,
છતાં તે અસંતોષી હોતાં પતન થાય છે. જો સુખનું મૂળ
સંતોષ છે, તો દુઃખનું કારણ અસંતોષ - એ સિદ્ધ છે.
અશાંતિનું મૂળ = અસંતોષ, તેને દૂર કરવાના ઉપાય:
શાંતિનું મૂળ = સંતોષ, જાગૃતિ અને અસ્તિત્વનું ભાન.
ધર્મ શાંતિ - સંતોષમાં છે - અપ્રમાદમાં છે,
આત્મસ્નાનમાં છે, પરન્તુ વાદ - વિવાદ કે ચર્ચાદિમાં નહિ.

## આત્મા તો અમૂર્ત છે, તો આત્મસાક્ષાત્કાર કેમ થાય?

પ્રાણને ઉદાન દ્વારા ધ્યાનમાં લઈ જાય,
તો જીવન્મુક્તિ પ્રાપ્ત થાય.
પ્રાણને અપાન અને સમાનમાં લઈ જાય,
તો વિદેહ - મુક્તિ, અન્યથા પશુભાવ આવે.
આત્મા સર્વવ્યાપી છે, અમૂર્ત છે, સર્વમાં સમાન છે,
તેથી તેને નામ અને રૂપ ઘટતાં નથી.
અનામી અને અરૂપી આત્માને નામ તે ઉપચાર છે,
છતાં પ્રભુનું નામ અલૌકિક ધન છે.
એ ધનને ચોર ચોરી શકતો નથી, અગ્નિ બાળી શકતું નથી.
સાચું ધન ભગવાનનું નામ છે.
જેની પણ પાસે ઈષ્ટ ભગવાનનું નામ નથી,
તેની પાસે પૈસા હોવા છતાં તે નિર્ધન છે.
પ્રભુનામનું ધન સાચું છે. એનો સંચય કરવાથી સુખ
મળે છે. એ ધન ક્યાંય જતું નથી. સાચી મૂડી એ છે.
ચૈત્યં સંકોચનં ચિત્તં । ચિત્તમેવ ભગવતી ।
દેવી રૂપમાં સરસ્વતી કે લક્ષ્મી તરીકે જ નહિ પણ
શક્તિ તરીકે પણ પ્રગટ થાય છે, તો પણ
દિવ્ય માતા પોતાનો સતત પ્રેમ કદી છોડી દેતી નથી.

## સંસારસાગર તરવા ૨3 વિચારકણિકા

(૧) ધર્મપ્રચારની પાછળ પડવા કરતાં
ધર્માચારને જીવનમાં વિકસિત કરવો. ગચ્છની અપેક્ષાએ
જીવન વડે ધર્મપ્રચાર કરવાનો અધિકારી ગૃહસ્થ છે.

(૨) પરહિતનો ભાવ રાખો પણ પરાઈ ભાંજગડમાં ન પડો.

(૩) બુદ્ધિજીવી બનવાની અપેક્ષાએ પ્રભુજીવી બનો.
બુદ્ધિ અપૂર્ણ છે, પ્રભુ પૂર્ણ છે. 'પ્રભવતીતિ પ્રભુઃ ।'
યોગક્ષેમંકારક પ્રભુ સદા વિદ્યમાન છે.
જેનો વિશ્વ ઉપર પ્રભાવ છે, તે પ્રભુ છે.

(૪) ભવ્ય જીવોમાં રહેલી બે યોગ્યતાઓ એટલે કર્મના
સંબંધમાં આવવાની જીવની યોગ્યતા, કે જે અનાદિ
સહજમલના કારણે છે અને બીજી મુક્તિગમનયોગ્યતા.
અશુભ દ્રવ્યાદિના સંસર્ગનો ત્યાગ અને
શુભ દ્રવ્યાદિનો સંસર્ગ સ્થાપિત કરવાથી
સહજમલનો હ્રાસ અને ભવ્યત્વભાવનો વિકાસ થાય છે.

(૫) સહજમલનો નાશ કરવા માટે
ભવ્યત્વનો પરિપાક આવશ્યક છે અને
આત્માના ભવ્યત્વના પરિપાક માટે
ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા, સુકૃતાસેવન ઉપાયો છે.

(૬) સંસારી આત્મા જડ પણ નહિ - સિદ્ધ પણ નહિ,
તેથી બાહ્યઆલંબનનો પ્રભાવ તેના ઉપર તરત પડે છે.
તેની અસર તળે આત્મા સ્વરૂપ ભાવ રહી શકતો નથી.
તેમાં પણ અનાદિ અભ્યાસના કારણે
અશુભનો પ્રભાવ શીઘ્ર પડે છે, શુભનો ધીરે ધીરે પડે છે.
તે કારણે અશુભના સંસર્ગથી વધારે બચવું જોઈએ
તથા મન અશુભ તરફ દોડે અને શુભમાં લીન ન થાય,
તો પણ શુભ પ્રવૃત્તિ ચાલુ રાખવી જોઈએ.
એ રીતે શુભમાં લાગ્યા રહેવાથી અંતે આત્માનો વિજય થાય.
(૭) નિશ્ચયનયથી આત્માના શુદ્ધસ્વરૂપનો બોધ થાય છે.
નિશ્ચય ધર્મથી આત્માની પરિણતિ સુધરે છે.
શુદ્ધ વ્યવહારથી નિશ્ચયધર્મની પ્રાપ્તિ થાય. વ્યવહાર
ધર્મમાં મુખ્યત્વે નમ્રતા છે, તેથી આત્માભિમુખ થાય.
વ્યવહારધર્મનો સાર નમ્રતા છે,
નિશ્ચયધર્મનો સાર સ્વતંત્રતા છે.
(૮) નિશ્ચયનયથી તત્ત્વને જાણી એને હૃદયમાં ધારણા કરી.
અનાદિ કર્મમલના સ્વભાવથી બચવા શુદ્ધ વ્યવહારને
જીવનમાં ઉતારી, અન્યથા આત્માની અધોગતિ થશે,
સ્વતંત્રતા તો દૂર રહી જશે અને પરતંત્રતા વધી જશે.

(૯) સુખ અને દુઃખ ક્યાં ન મળે?

એક અસંતોષી માણસ સુખની શોધમાં નીકળ્યો,
તેને કોઈ જગ્યાએ સુખ ન મળ્યું.
એક સંતોષી વ્યક્તિ દુઃખની શોધમાં નીકળી પડ્યો,
પરન્તુ તેને દુઃખ ક્યાંય જડ્યું નહિ.

(૧૦) દાનરૂપી દોરડાથી બંધાયેલી સંપત્તિ
તમને નરકછીંડીને ડુબાડે જશે નહિ.

(૧૧) આજનો દિવસ એ જ તમારો છે.
ભૂતકાળ મરી ગયો છે, ભવિષ્યકાળ જન્મ્યો જ નથી.
આપણા સમગ્ર અસ્તિત્વનો ભાર ઉપાડીને આજનો
દિવસ આપણી સામે ઊભેલો છે, તેનો સાર્થક કરી લો.
અનંતકાળમાં પણ આજનો દિવસ પુનઃ નહિ મળે.

(૧૨) એક બહુ મોટી કહેવત:
નિર્બળો આંસુ વહાવે છે પોતાનાં દુઃખ ઉપર, જ્યારે
સબળો આંસુ વહાવે છે, બીજાનાં દુઃખ ઉપર.

o

(23) It has been wisely said that
you get not what you ask for,
but what you expect.
The thing that I fear comes upon me.

## 'શંકાશીલ' સ્વભાવ કોને કહેવાય?

(૧) કોઈ કોઈ જીવોનો એવો સ્વભાવ હોય છે કે જ્યારે સૂરજ હોય, ત્યારે અંધારાની વાત કરે અને અંધારું હોય, ત્યારે સૂરજની.

(૨) કોઈ દિવસ વરસાદ આવે, ત્યારે લીલા દુકાળનો ભય ધરે, ન આવે ત્યારે સુકા દુકાળના ભયનો આભાસ કરે.

(૩) વળી દુષ્કાળ વખતે અન્નનું સંકટ આભાસ કરે અને સુકાળ વખતે બેકારીનો આભાસ કરે.

(૪) જીવન વખતે મરણનો ભય આભાસ કરે અને મરણ વખતે દુર્ગતિનો ભય આભાસ કરે, પરન્તુ પ્રભુસ્મરણમાં ચિત્ત ન પરોવે.

(૫) જુનું મકાન હોય તો 'જુનું છે' એવો વિકલ્પ કરે, નવું બાંધે, ત્યારે પછી કે બગડી જવાનો ભય રાખે.

(૬) સ્કુલમાં નાપાસ થાય તો વર્ષ બગડ્યું માટે રડે અને પાસ થાય તો 'કોલેજમાં પ્રવેશ નહિ મળે તો?' એ વિચારથી ચિંતાતુર બને.

આને 'શંકાશીલ' સ્વભાવ કહેવાય.

આવા સ્વભાવવાળાને કોઈપણ શુભ-મંગળ કાર્યમાં એકાગ્રતા કે તલ્લીનતા ન આવી શકે.

## ગુરુ ઉપકાર

આત્મકલ્યાણના માર્ગમાં મોક્ષમાર્ગના ભોમિયા સમાન ગુરુ ભગવંત મુખ્ય છે. તેઓશ્રીના જેટલા ઉપકારો ગણાવો, તેટલા ઓછા છે. અનંતા ભવો સુધી પણ એમના અગણિત ઉપકારોનો બદલો વાળી શકાય તેમ નથી. શ્રી વીતરાગ ભગવંતોના આગમોમાં માર્ગદર્શક ગુરુ મહારાજના જે ગુણો બતાવવામાં આવ્યા છે, એનો વિચાર કરતાં આપણને ખૂબ વિનય અને વાત્સલ્ય ભાવ પેદા થાય. વિનયભાવ, મૃદુતા, કોમળતા આદિ પરિણામ વડે જીવન જીવતાં સદા સર્વદા શાંતિ રહે.

સમતા, સમાધિ, સંવેગ અને સંવરમાં લીન રહેવું, એ પ્રત્યેક મુનિનું કર્તવ્ય છે. - ભદ્રંકર

પરમાત્માનું આત્મામાં આંશિક દર્શન એ જ સમકીત છે. સમકીત મુક્તિનું બીજ છે. સમકીત આવ્યા પછી જીવને ભવમાં ભમવાની ચિન્તા રહેતી નથી. એટલા માટે શિવ સુખ-મોક્ષના સુખનો અર્થી ભવભીરૂ આત્મા, પહેલાં પ્રભુના આંશિક સ્વરૂપ દર્શનરૂપ સમકીતની માંગણી કરે છે. બાહ્ય બાહ્યવસ્તુઓ પરપરિણતિ રૂપ હોવાથી પરમાત્માનો સેવક સંસારની કોઈ ચીજ ન માગે, પરન્તુ

એવું મોક્ષનું - મોક્ષસુખનું શાશ્વત સુખ જ માગો અને
તેના અવંધ્ય કારણ રૂપ સમકીતની જ માગણી કરે.
સમકીતથી જ વૈરાગ્ય, સમતા, કરુણા, શાંતિ અને
સમાધિ મળે, વળી અંતરના સુખનો ખજાનો ઉભરાય.

ભગવંતને ભક્ત વિનવે છે કે:

હે દેવ! હવે મારે બાહ્ય બાહ્ય વસ્તુઓની જરૂર નથી.
હવે તો આપનું પ્રત્યક્ષ દર્શન જ જોઈએ છે.
આપની પ્રતિમાના દર્શનથી મને આનંદ થાય છે, કિન્તુ
મારા આત્મામાં તમારી એકતાનું દર્શન ન થાય,
ત્યાં સુધી સંતોષ કેમ થાય?

પંચ પરમેષ્ઠિઓના શરણે રહેલાં આત્માઓને દુનિયામાં બનતાં બધા જ બનાવોમાં સુંદરતા, શુભતા દેખાય છે. તેના હૈયામાં સતત વિચાર ચાલે છે કે જે પ્રાપ્ત થાય, તે સારા માટે. 'જેવી દ્રષ્ટિ - તેવી સૃષ્ટિ' એ નિયમ છે. જે સભામાં દુર્યોધનને સજ્જન ન દેખાયો, એ જ સભામાં યુધિષ્ઠિરને કોઈ દુર્જન ન દેખાયો, સૌ સજ્જન જ દેખાયા. ગુરૂઓ હંમેશાં ગુણોને જોવા માટે ટેવાયેલા છે, અયોગ્ય પાત્રમાંથી પણ અંશે રહેલી યોગ્યતાને તેઓ જોઈ શકે છે અને સ્વમાં રહેલી અદ્ભુત શક્તિનું દાન કરી શકે છે.

## ભક્તિ - એક સમર્થ સાધન

વાસનાનો સંબંધ ચિત્ત સાથે છે,
તેનો મેલ ધોવા માટે ભક્તિ જ એક સમર્થ સાધન છે.
ભક્તિ વડે સદાચારી જીવનનું આપોઆપ નિર્માણ થાય.
પ્રભુભક્તિનો ગમે તે પ્રકાર હો,
પરન્તુ તે જીવનને શુદ્ધ કરનારી પ્રક્રિયા જ છે.
ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति । અર્થાત:
પરમાત્મા સ્વરૂપ પ્રસન્ન આત્મા શોક કરતો નથી
અને કાંઈ ઇચ્છતો પણ નથી.
'योगेनान्ते तनुत्यजाम् ।'
અર્થાત: રોગથી નહિ પણ યોગથી શરીર છૂટવું જોઈએ.
'चेतोदर्पणमार्जनम् ।' 'भवमहादावाग्निनिर्वापणम् ।'
જ્ઞપરિજ્ઞા = આત્મજ્ઞાન.
પ્રત્યાખ્યાનપરિજ્ઞા = આત્માનુભવ.
વિચાર એક પ્રકારની શક્તિ છે, જેની અસર
શરીરની રાસાયણિક ક્રિયાઓ ઉપર થાય છે.
बुराई से मत हार। भलाई से बुराई को जीत ले।

o

Equality = સમાનતા, Fraternity = બંધુતા,
Liberty = સ્વતંત્રતા.

## શ્રદ્ધા, સમર્પણ અને સંયમ

(૧) શ્રદ્ધા વિરુદ્ધ તર્ક, તર્ક વિરુદ્ધ શ્રદ્ધા.
વિચાર વિરુદ્ધ સમર્પણ - આજ્ઞાપાલન.

(૨) ગુરુના દેહ જેવા મંદિરને આત્માની પરમોચ્ચ સાધનાનું માધ્યમ બનાવવાના 3 ઉપાય: શ્રદ્ધા, સમર્પણ, સંયમ.

(3) શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ।
શ્રદ્ધા, તત્પરતા અને ઇંદ્રિયોના સંયમવાળો આત્મા જ્ઞાન મેળવે છે. વિષયલોલુપ પાંચે ઇંદ્રિયો આત્માને સાધના તરફ જવા દેતી જ નથી. આત્મજ્ઞાન એ શ્રદ્ધા, તત્પરતા અને સંયમ - આ ત્રણ વિના શક્ય જ નથી.
'તત્પરતા' શબ્દમાં તત્ = આજ્ઞા, પરતા = પાલન.

શ્રદ્ધા = ચિત્તપ્રસાદ.
વીર્ય = ઉત્સાહ, ધીરજ.
સ્મૃતિ = વૃત્તિની એકાગ્રતા, ધ્યાન.
સમાધિ = અનાકુલતા, વિક્ષેપરહિત અવસ્થા.
પ્રજ્ઞા = નિર્મળ વિવેક, તે દ્વારા યથાર્થ જ્ઞાન.
વિવેકાર્થિ માટે શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ અને સમાધિ વડે પ્રજ્ઞાની પ્રાપ્તિ કરવી અનિવાર્ય છે.
પ્રજ્ઞા વડે વસ્તુનું યથાવસ્થિત જ્ઞાન થાય છે.

## 'શ્રદ્ધા' એટલે ફરી સમજી જુઓ.

ધર્મમાં સામર્થ્ય લાવવાનું કાર્ય શ્રદ્ધાનું છે,
ગતિ આપવાનું કાર્ય ભક્તિનું છે અને
ધર્મમાં તેજ લાવવાનું સામર્થ્ય નિષ્ઠામાં છે.
એ કારણે શ્રદ્ધા - ભક્તિ - નિષ્ઠાને
જીવનમાં યોગ્ય મહત્વ આપવું જોઈએ.
શ્રદ્ધાથી સામર્થ્ય, ભક્તિથી ગતિ, નિષ્ઠાથી તેજ વધે છે.
તર્ક કરતાં શ્રદ્ધાનું સામર્થ્ય વધુ છે.
ઇંદ્રિયો અને મનથી તર્ક થાય પણ તેની શક્તિ મર્યાદિત છે.
જગતમાં સૂક્ષ્મ, અમૂર્ત, અતીન્દ્રિય પદાર્થો અનંત છે.
તેને જોવા - જાણવા માટે અનુભવદૃષ્ટિ - યોગદૃષ્ટિ જોઈએ,
કેવળ તર્ક અપ્રતિષ્ઠિત છે. શાસ્ત્રો અને દિવ્ય દૃષ્ટિનો
આધાર લઈને તર્ક કરે તો સાચો તત્ત્વનિર્ણય થાય.
જે વસ્તુની ઉપાસના કરીએ,
તેના ગુણો આપણામાં આપોઆપ આવે છે.
આ વિષય તર્કનો નહિ પણ શાસ્ત્ર-શ્રદ્ધા-અનુભવનો છે.
નામ અને રૂપ દ્વારા ઉપાસના થાય છે અને તે દ્વારા
ઉપાસ્યના ગુણો ઉપાસકમાં આપોઆપ ખેંચાઈ આવે છે,
એ શ્રદ્ધાનો વિષય છે.

શ્રદ્ધાને સ્થિર કરવાના ચાર અંગ:
વિધિ, વિશ્વાસ, ઇચ્છા અને પ્રયત્ન.

વિધિમાં સ્થાનશુદ્ધિ એટલે એકાંત - પવિત્ર સ્થળ,
શરીરશુદ્ધિ એટલે સ્વચ્છ શરીર અને શુદ્ધ વસ્ત્રો,
મનઃશુદ્ધિ એટલે પવિત્ર, આદર બહુમાનયુક્ત મન,
વસ્તુશુદ્ધિ એટલે ઉત્તમ વસ્તુ,
ક્રિયાશુદ્ધિ એટલે શાસ્ત્રોક્ત ક્રિયા,
સમયશુદ્ધિ એટલે ત્રિસંધ્યા સમય,
ભાવનાશુદ્ધિ એટલે સર્વના કલ્યાણની ભાવના અને
આશયશુદ્ધિ એટલે મોક્ષ - આત્મહિત - શાંતિ - સમાધિ.

શ્રદ્ધા વિના સમકીત નહિ.
શંકા એ સમકીતમાં શલ્ય છે.

દૃઢ ભક્તિપૂર્વક ગ્રહણ કરાયેલો મંત્ર અવશ્ય ફલપ્રદ બને.
વિસ્મય, પુલક અને પ્રમોદ - એ વિધિ છે. સ્થાન,
આસન, દિશા, કાળ, માળા, મુદ્રા વારંવાર ન બદલવા.
મૂળ મંત્ર વડે ૧૦૮ વાર માળાને અભિમંત્રિત કરવી.
કાયાની સ્થિરતા મનની સ્થિરતામાં મદદ કરે છે.
મુદ્રા સૌભાગ્ય - પરમેષ્ઠિ આદિ, જાપ સમગતિએ કરવો.
અદ્રુત - અનતિવિલંબિત ગતિ, તે સમગતિ છે.

શ્રદ્ધાથી નીચેની સાત વસ્તુઓ ફળે છે:

મંત્ર[1], ઔષધ[2], જ્યોતિષ[3], વિદ્યા[4], દૈવ[5], ગુરુ[6] અને ધર્મ[7].

સમગ્ર સંસાર સંશયથી ચાલે છે.

જેણે સંશય જાણ્યો, તેણે સંસાર જાણ્યો. તેને સાધ્યમાં હંમેશા સંશય રહે - સાધન ના રૂપમાં શ્રદ્ધા રહે છે.

સ્વની શક્તિનો વિશ્વાસ - તે શ્રદ્ધા નહી

પરની શક્તિ ઉપર શ્રદ્ધા + પ્રેમ - તે વિશ્વાસ.

શ્રદ્ધા બે રીતે જાગે છે: લાભથી અને લોભથી.

તેના વળી બે-બે પ્રકાર છે: ઇહલૌકિક, પારલૌકિક.

લાભ કાર્ય તો કરાવે છે પણ એનું ફળ મળશે કે નહિ, તેનો સંશય પણ રખાવે છે. દુઃખનો લાભ એ લાભને વધારનારો છે, પાપનો લાભ દુઃખના લાભને નિવારે છે. આ બંને લાભ જીવને ધર્માભિમુખ બનાવવા જરૂરી છે. આદિધાર્મિકને ધર્મ પમાડવા ઇહલૌકિક દુઃખનો લાભ અને સુખનો લોભ પણ સાધન બને છે. ધર્મ પામેલા જીવોને પારલૌકિક લાભ તથા મોક્ષસુખનો લોભ ધર્મમાં સ્થિર કરે છે. શ્રદ્ધા - રૂચિ - સ્પર્શ એકાર્થક છે.

न लुब्धो विसृजत्यर्थं नरो दारिद्र्यशंकया ।
दाताऽपि विसृजत्यर्थं तथैव ननु शंकया ॥ (परिशिष्ट-१५)

ॐ કે સોઽહંનો ઉચ્ચાર એ

પરમ સત્યના અનુભવની સાધના છે.

'અહં બ્રહ્માઽસ્મિ ।' વાક્યમાં મોક્ષનો ઉપાય રહેલો છે.
સ્થૂલસત્તા એ સત્ય નથી, પરન્તુ બ્રહ્મસત્તા એ જ
પરમ સત્ય - શાશ્વત - નિર્વિકાર - સુખદુઃખથી પર છે.

માયાતીત એ રીતે વિચારીને થઈ શકાય છે કે:
હું દૃશ્ય પદાર્થોનો દૃષ્ટા - દૃશ્યથી પર - ત્રિગુણાતીત છું.
મન જ્યારે વ્યક્તિગત અહંના કોચલામાંથી મુક્ત થાય
અને વિશ્વમન સાથે જ્યારે તે તાલ મિલાવવા માંડે,
ત્યારે તેમાં અસાધારણ શક્તિઓ પ્રગટ થવા માંડે છે.
મનનો જેટલો સમય લય કરી શકાય, એટલા પ્રમાણમાં
ચમત્કારિક શક્તિઓનું સ્ફુરણ થાય છે, પરંતુ
આ બહિર્યોગ છે, ખરો યોગ તો અમનસ્ક યોગ જ છે.
પહેલો તારક યોગ છે અને બીજો યોગ કર્મના
મૂળભૂત સંકલ્પનો જ નાશ કરતો અમનસ્ક યોગ છે.

કહ્યું છે કે:

सकलं समनस्कं च सापायं च सदा त्यज ।
निष्कलं निर्मनस्कं च *निरायासं सदा भज ॥१॥

*निरापायं - अमनस्कयोगे (परिशिष्ट-१६)

પ્રભુના નામનો આધાર મળે તો ઈંદ્રિયોની વાસનાનો
વરસાદ બંધ થાય છે. જે બ્રહ્મસંબંધ ટકાવી રાખે છે,
તે જ વાસનાનો વરસાદ સહન કરી શકે છે.
ભક્તિમાં આનંદ ન આવે તો પણ ભક્તિ છોડશો નહિ.
પ્રભુની ઈચ્છામાં તમારી ઈચ્છા મેળવી દેશો,
તો જીવનમાં શાંતિ મળશે. જીવને જ્યારે પરમાત્માનો
વિયોગ સહન થતો નથી, ત્યારે જ તે ભક્તિ કરે છે.
સંસારસુખ દુઃખરૂપ લાગે, તે જ ભક્તિ કરી શકે છે.
કામ એ કાંટો છે, તેનો નાશ પ્રભુનામથી થઈ શકે છે.
જે સર્વનો આધાર છે, તે ઈશ્વર છે.
સંસારમાં બહુ સુખ ભોગવે, તે નહિ પણ
બહુ ભક્તિ કરે, તે ભાગ્યશાળી છે.
જેનું તન સુંદર છે, પરન્તુ મન મેલું છે, તે પૂતના છે.
જેનું તન વાસનામાં છે, તેનું પતન થાય છે.
મનથી કરેલા પૂજાનું પણ ફળ મળે છે.
માનસિક પૂજા કરવાથી મન શુદ્ધ થાય છે.
જગત બગડેલું નથી, તમારું મન બગડેલું છે.
ઈંદ્રિયોના સમુદાયને 'ગોકુળ' કહે છે.
ભક્તિરસમાં તેને તરબોળ કરવાથી મન ગોકુળ બને છે.

# શાંત - ગુણકારક મનનું માહાત્મ્ય

બજારમાં બધું મળશે પણ લાખ રૂપિયા આપવા છતાં
ગોકુળ એવું મન મળશે નહિ.

ગોવર્ધન પર્વત = જ્ઞાન - ભક્તિને વધારનારી ઉપાસના.

સર્વ પ્રત્યે સદ્ભાવ રાખવો, એ મોટું દાન છે.
ગરીબ પણ આ દાન કરી શકે છે.

મનથી કામસુખનો ત્યાગ કરવો, એ મોટામાં મોટું તપ છે.

લોકો ધન તથા તનને સાચવે છે, મનને સાચવતાં નથી.
મનને ગુણકારક બનાવો.

મનને શાંત રાખવા માટે કમ ખાઓ અને ગમ ખાઓ.

માનવીને બધું ખાતાં આવડે, ગમ ખાતાં આવડતું નથી.

બાર મહિના શુદ્ધ બાફેલા મગ ખાઓ અને
તેલ, મરચું, આંબલી છોડી દો, તો મન શાંત કરી શકાય.

માનવીએ સ્વ ઉદ્ધાર પોતાની જાતે જ કરવાનો છે.

પોતાના મનને જ ગુરુ બનાવી જ્ઞાન મેળવવાનું છે.

મૃત્યુનો ભય માથે તોળાઈ રહ્યો છે, તે ભૂલશો નહિ.

જીવનમાં જો નિર્ભય થવું હોય, તો
કાળના પણ કાળ એવા પરમાત્માને શરણે જાઓ.

હજુ શરીર સારું છે, ત્યાં સુધી બાજી તમારા હાથમાં છે.

'તત્ત્વજ્ઞાન તરંગિણી'માં જ્ઞાનભૂષણ ભટ્ટારક કહે છે કે:
'શાંતરસનો સ્વાદ એકવાર પણ જીવને પ્રાપ્ત થાય,
તો ફરી - ફરી વૃત્તિ નિજ તરફ જાય, ઉપરાંત
અન્ય સર્વ અસાર અને ફીક્કું લાગે.'

o સહજ જન્મ્યા સિવાય સહજની પ્રાપ્તિ થતી નથી.
સ્વકીય વીતરાગસ્વરૂપનું સ્મરણ થવા અવલંબન માટે
વીતરાગની મુદ્રા જોઈએ, તે દ્રવ્યશ્રુતની જેમ પ્રશસ્ત,
પુષ્ટ અને પ્રબળ આલંબન છે. 'તત્ત્વમસિ' તે તું જ છે.
તે વાક્યનો લક્ષ્યાર્થ વિચારતાં નિજસ્વરૂપનો
સ્વીકાર - નિશ્ચય - નિર્ણય થઈ જાય છે.

રામકૃષ્ણ પરમહંસ કાલી માતાના ઉપાસક હતા.
'કાલી' તે આત્મા પોતે જ. કાલીને તે આત્મરૂપે જોતાં,
બહારમાં મુદ્રા ગમે તેવી હોય, તેની તરફ નજર નહિ.
જીવ સ્વને ભૂલી ગયો, તેથી સત્સ્વરૂપનો તેને વિયોગ છે.
'તારે દોષે તને બંધન છે' એ સંતની પહેલી શિક્ષા છે.
તારો દોષ એટલો જ છે કે:
અન્યને પોતાનું માનવું - પોતે પોતાને જ ભૂલી જવું.
કર્મ પણ સ્વથી ભિન્ન છે.
કર્મનો દોષ કાઢવો, તે પણ જીવની નબળાઈ છે.

## સર્વ કર્મની પ્રક્ષાલક ધ્યાનવિધિ

જેમાં ધ્યાન એજ પરમાર્થ છે, એવા શ્રાવકધર્મનો સ્વીકાર કરીને ધ્યાનના પ્રકર્ષ પર્યંત પહોંચનારના અંતરાયાદિ કર્મો નાશ પામે છે, વૈરાગ્યભાવ વધતો જ જાય છે, પ્રવ્રજ્યા - સંયમને પણ સ્વીકારે છે તથા વધુને વધુ ધર્મારાધના કરીને અંતિમ આરાધનાપૂર્વક સદ્ગતિને પામે છે.

સર્વ કર્મપ્રક્ષાલક ધ્યાનવિધિમાં 3 સોપાન મુખ્ય છે:

| સ્મરણ | વિચિંતન | ધ્યાન |
|---|---|---|
| (૧) દેવ તથા ગુરુનું સતત સ્મરણ. | (૧) સમવસરણ ભૂમિશુદ્ધિ, 3 ગઢ નિર્માણ. | (૧) સૂર્ય સમ તેજ, દેવાધિદેવ રૂપ, નિર્મૂલ રાગ - દ્વેષ - મોહ. |
| (૨) ૧૮ પાપગર્હા, ૮૪ લાખ જીવયોનિ ખામણાં. | (૨) ૮ પ્રાતિહાર્યોની સુંદર રચના, સુવર્ણકમલ. | (૨) અઢાર પાપ-દોષોથી મુક્ત, ત્રિલોક ગુરુ. |
| (3) [illegible] નાસાગ્ર નેત્ર. | (3) ચતુર્મુખ બાર પર્ષદા. | (3) ધર્માર્થપ્રવૃત્ત, પાપપ્રક્ષાલક. |
| (૪) શરીરશુચિતા ત્રિકરણયોગશુદ્ધિ. | (૪) ૪ નિકાયના દેવો - કોટિ સંખ્યા. | (૪) મંગલ કલ્યાણક તથા સદ્ગતિદાયક. |

## સર્વ કર્મની પ્રણાશક ધ્યાનવિધિનું પ્રથમ સોપાન : સ્મરણ

પવિત્ર આચારવાળો, પવિત્ર શરીરવાળો તથા
પવિત્ર મનવાળો ધ્યાતા પવિત્ર જગ્યાએ
પૂર્વાભિમુખ અથવા ઉત્તરાભિમુખ બેસે. પર્યંકાસન[1] કરે.
અનુપ્રેક્ષાથી[2] મન-વચન-કાયાના વ્યાપારોનો રોધ કરે.
[3]નાસાગ્ર ઉપર નેત્રો સ્થિર કરે અથવા નિમીલિત રાખે.
શ્વાસ-નિઃશ્વાસને[4] મંદ કરે. સ્વ-દુશ્ચરિત્રની[5] ગર્હા કરે.
સર્વ જીવોને ખમાવે[6]. પ્રમાદને[7] દૂર કરે.
ધ્યાન માટે એકાગ્રચિત્તવાળો થાય.
શ્રી જિનેશ્વર[8] ભગવંતોનું તથા
શ્રી ગણધર ભગવંતોનું સ્મરણ કરે.
શ્રી સદ્ગુરુઓનું[10] સ્મરણ કરે.
અરિહંત, સૂરિ, સાધુનું સ્મરણ કરે, તેમની કૃપા યાચે.

## સર્વ કર્મપ્રણાશક ધ્યાનવિધિનું દ્વિતીય સોપાન : વિચિન્તન

ભ્રૂમધ્યમાં શ્રી અરિહંતનું સ્થૈર્ય-આદરયુક્ત દીર્ઘકાલીન
ધ્યાન આ મુજબ કરવું : (૧) ચતુર્મુખ બિરાજમાન
(૨) ધર્મ અર્થ કામ મોક્ષપુરુષાર્થના જનક (૩) અહિંસાદિ
ગુણૈશ્વર્યના પ્રવર્તક (૪) જન્મ-જરા-મરણના વિનાશક
(૫) નિરામય આદિ શ્રી અરિહંત ભગવંતનું વિચિંતન કરવું.

સમવસરણ માટેની ભૂમિ

વાયુકુમારો[૧] શુદ્ધ કરે છે, મેઘકુમારો[૨] સીંચે છે,
ઋતુદેવતાઓ[૩] જાનુપ્રમાણ પુષ્પવૃષ્ટિ કરે છે,
વૈમાનિક દેવો મણિમય[૪] પ્રાકાર બનાવે છે,
જ્યોતિષ્ક દેવો સોનાનો[૫] પ્રાકાર બનાવે છે,
ભવનપતિ દેવો રૂપાનો[૬] પ્રાકાર બનાવે છે.

તે જ ભૂમિમાં

પાદપીઠ અને ત્રણ છત્રયુક્ત સિંહાસન તથા ભામંડલ,
ચૈત્યવૃક્ષ, તોરણો, વાપીઓ તથા ચક્રધ્વજ, સિંહધ્વજ,
ધર્મધ્વજ અને અન્ય ધ્વજાઓની પતાકાઓ શોભી રહી છે,
ત્યાં શ્રી જિનેન્દ્ર ભગવંત વ્યંતર દેવો રચિત
સુવર્ણકમલની કર્ણિકાના મધ્યમાં ચરણયુગલ મૂકે છે.
દેવો પ્રભુને ચામર વીંઝે છે,
'જય-જય' શબ્દની ઘોષણા કરી રહ્યા છે,
પૂર્વ તરફના દ્વારેથી પ્રભુ સમવસરણમાં પ્રવેશ કરે છે,
દિવ્યવાજિંત્રોના નાદથી આકાશ ભરાઈ ગયું છે,
સિંહાસન ઉપર પ્રભુ પૂર્વાભિમુખ[૧૦] બેસે છે,
દેવો ત્રણ દિશાએ પ્રભુનું પ્રતિબિંબ સ્થાપે છે,
ઇંદ્રો રત્નના દંડવાળા[૧૧] શ્વેત ચામરો વીંઝી રહ્યા છે,

સમવસરણની ચારે દિશાના[૨૨] ઝૂલાઓમાં રહેલાં
બારે પર્ષદાના ભવ્યજીવો પ્રભુના પાદકમલને સેવી રહ્યા છે
(પ્રભુના ચરણની આગળ બેઠા છે) તથા બાહ્ય વલયમાં
તિર્યંચના સમૂહો પરસ્પર વેરનો ત્યાગ કરીને રહેલાં છે.
આમ ઉપર મુજબ ચિંતન કરવું.

<u>સર્વ કર્મની પ્રણાશક ધ્યાનવિધિનું તૃતીય સોપાન : ધ્યાન</u>

એક સાથે ઉદય પામેલા
બાર[૧] સૂર્યોના સમૂહ સમાન દેદીપ્યમાન અંગોપાંગવાળા,
સર્વ સુરસમૂહોના રૂપથી અધિક રૂપને ધારણ[૨] કરનારા,
મોહરૂપી વૃક્ષનો - રાગરૂપી રોગનો તથા
ક્રોધરૂપી[૩] અગ્નિનો સમૂલ નાશ કરનારા,
સર્વ દોષોના અવંધ્ય ઔષધ રૂપ, અવિનાશી[૪] એવા
કેવળજ્ઞાન દ્વારા અશેષ વસ્તુઓને પ્રગટ કરનારા,
ભવસમુદ્રમાં ડૂબતા જીવોનો ઉદ્ધાર કરવા સામર્થ્યવાળા,
ત્રણ લોકના ગૌરવ[૫] - મુકુટમણિ સમાન,
સર્વ સત્ત્વોને ઉપકાર[૬] કરવામાં નિરત,
કલ્યાણકારક ધર્મને કહેનારા, સર્વ લક્ષણોથી સંપન્ન,
જન્મ - જરા - રોગાદિ રહિત અને
કેવળ ધર્મ માટે જ કાર્યમાં રહેલાં,

હીમ, હાર અને ગાયના દૂધ[૯] જેવા ઉજ્જ્વલ,
[૧૦]કર્મકલ્મલનો નાશ કરનારા તથા ભવ્ય જીવોને
સર્વ સંપત્તિઓના મૂળ [૧૧]કારણરૂપ,
લોકના સર્વ [૧૨]પાપોને પ્રણાશ કરનારા એવા
શ્રી જિનેન્દ્ર પ્રભુનું ધ્યાન નિશ્ચલ ચિત્તથી
ત્યાં સુધી કરવું કે જ્યાં સુધી
પરમાત્મા જાણે સાક્ષાત્ હોય, તેવા ભાસે.
ત્યાર બાદ અનુક્રમે ભૂમિતલ ઉપર સ્થાપન કરવા,
[૧]ભક્તિભરનિર્ભર ચિત્તવાળા બનીને મસ્તક વડે
પરમાત્માના ચરણકમલનો [૨]સ્પર્શ કરવો.
તે વખતે એમ ભાવવું કે:
'મારી આત્મા પરમાત્માના શરણામાં છે.'
[3]સુગંધી ચૂર્ણાદિથી પરમાત્માની સર્વાંગ ભાવપૂજા કરવી,
ચૈત્યવંદન કરવું, બોધિલાભની પ્રાર્થના કરવી.

<u>આ પ્રમાણે નિત્ય અભ્યાસ કરવાથી છ વસ્તુ થશે:</u>

(૧) જિનેશ્વરના રૂપ-ગુણાદિનો[૧] સમ્યક્ પ્રતિભાસ થશે.
(૨) સંવેગરસની વૃદ્ધિ થવાથી કર્મોનો[૨] ક્ષય થશે.
(3) કુકર્મો વડે અલંઘનીયપણું[3] પ્રાપ્ત થશે.
(૪) રોગરૂપી શત્રુઓનું પ્રશમન[૪] થશે.

(૫) સૌભાગ્યાદિની પ્રાપ્તિ થશે.

(૬) મનુષ્યોના - દેવોના અને મુક્તિના અનંત સુખો વગર વિલંબે તથા વગર માંગે હસ્તગત થશે.

આ પ્રમાણે હંમેશાં સમવસરણસ્થ જિનનું સ્મરણ કરવું, ચિંતન કરવું, ધ્યાન કરવું.

અંતે ધ્યાનનો સંવર - સમાપ્તિ કરી ઉચિત કાર્યમાં પ્રવર્તવું.

હે દેવાનુપ્રિય !

જો કલ્યાણની કામના હોય, તો પરમગુરૂ પ્રણિત આ ધ્યાનવિધિનો સારી રીતે આદર કરો.

આપણી દૃષ્ટિ સર્વવ્યાપક ચૈતન્ય પ્રતિ અથવા પરમાત્મા પ્રતિ રહે છે, ત્યારે પ્રત્યેક વિચાર, પ્રત્યેક ક્રિયા અને પ્રત્યેક અનુભવ આપણા જીવનને ઉન્નત કરે છે.

'પ્રણિધાન' શબ્દ ત્રણ અર્થમાં વપરાય છે: કર્તવ્યતાનો નિર્ણય, અભિલાષા તથા મનની એકાગ્રતા.

આપણો જીવ આ જિનવચનઅવલંબથી ઉલ્લસિત થઈ ચેતન અને જડને ભિન્ન રૂપે અર્થાત યથાર્થપણે પ્રતીત કરે છે - અનુભવે છે તથા ક્રમે કરીને સ્વરૂપસ્થ થાય છે.

## ચાર અનુયોગમય પ્રભુની આજ્ઞા

પ્રભુની આજ્ઞા ચાર વિભાગમાં વહેંચાયેલી છે:
દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ.
દ્રવ્ય - ગુણ - પર્યાયથી વસ્તુનો વિચાર તથા
આત્માનું શરણ એ દ્રવ્યાનુયોગનો વિષય છે,
સંસ્થાનવિચય ધર્મધ્યાન એ ગણિતાનુયોગનો વિષય છે,
ગર્હા અને અનુમોદના એ ચરણકરણાનુયોગનો વિષય છે
અને સંસારનું સ્વરૂપ એ કથાનુયોગનો વિષય છે.
એ રીતે તે ચાર અનુયોગમય પ્રભુની આજ્ઞા છે.
'આશ્રવ હેય છે અને સંવર ઉપાદેય છે'
એ પ્રભુની આજ્ઞા છે, તે આજ્ઞાનું પાલન થવાથી
દેવ - ગુરુનું શરણ મળે છે.
દુષ્કૃતગર્હા તે દુષ્કૃતમાં હેયબુદ્ધિ ઉત્પન્ન કરે છે,
સુકૃતાનુમોદના સુકૃતમાં ઉપાદેયબુદ્ધિ ઉત્પન્ન કરે છે,
શરણાગમન કે પ્રભુઆજ્ઞાપાલનથી કુમતિ નાશ પામે છે.
વળી સુકૃતાનુમોદન વડે દુર્ધ્યાન નાશ પામે છે,
દુષ્કૃતગર્હા વડે દુઃખનો અંત આવે છે.
દુર્મતિના નાશથી દુર્ધ્યાનનો નાશ અને
દુર્ધ્યાનના નાશથી દુઃખનો નાશ - એ ક્રમ છે.

ધર્મધ્યાનના ચાર પ્રકારમાં

સુકૃતાનુમોદના એ અપાયવિચય ધર્મધ્યાન છે,
દુષ્કૃતગર્હા એ વિપાકવિચય ધર્મધ્યાન છે,
શરણાગમન એ આજ્ઞાવિચય ધર્મધ્યાન છે અને
સંસ્થાનવિચય એ આજ્ઞાવિચય ધર્મધ્યાનનું ફળ છે.

દુઃખનું મૂળ તૃષ્ણા - તે દુષ્કૃત છે.
દુષ્કૃતની ગર્હા દુઃખનો નાશ કરે છે,
સુકૃતની અનુમોદના પાપનો નાશ કરે છે અને
શરણાગમન એ પાપના મૂળનો અર્થાત્
મિથ્યાત્વનો જ નાશ કરે છે.
આત્માનો સ્વીકાર તે પરમાર્થ શરણાગમન છે.

સાચા સુખની પ્રાપ્તિનો માર્ગ

સુખ - દુઃખથી પર રહી શકે છે, તે જ સાચો સુખી છે.
બંને સમાન આવકારદાયક - એકસરખા જ ભેદ છે.
સુખના ગર્ભમાં દુઃખનો નિવાસ છે અને
દુઃખના ગર્ભમાં સુખ રહેલું છે. જે સુખનો સ્વીકાર
કરે છે, તેને દુઃખના ભોગ પણ થવું જ જોઈએ.
સુખ અને દુઃખ બન્ને અવિભાજ્ય છે. સાચા સુખની
પ્રાપ્તિનો માર્ગ સુખ - દુઃખથી પર થવામાં રહેલો છે.

સુખ-દુઃખાદિ પર રહવાનો ઉપાય છે...

નિરંતર આત્મસુખમાં નિમગ્ન બનવું અને બાહ્ય
સુખ-દુઃખાદિ પર રહી આત્માનુભવમાં નિમગ્ન બનવું.
વળી પોતાના કાર્ય માટે બીજાની અપેક્ષા ન રાખવી
અને બીજાના કાર્યમાં પોતે ભોગ આપતાં શીખવું.
પ્રકૃતિના પક્ષપાતી બનવું.

બહાર જન્મ-જરા-મૃત્યુ છે, કિન્તુ
અંદર તો શાશ્વત સુખનો મહાસાગર છે.

બહાર ભૌતિક આકૃતિઓનો અનુભવ અને
આંતર્દષ્ટિએ ભૌતિક પ્રકૃતિનો અનુભવ થવા લાગશે.

o

If you look at sky, you will see sun & moon etc. If you look at earth, you will see dust, dust & dust.
Do and see.

અંદર ઊંડા ઉતરો અને અનુભવ કરો.

Mere outward humility is sometimes hypocrisy.
True humility is the outcome of substantial spiritual growth.

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૫૬)**
ઉદય, ઉચ્ચ, ઉપાય, ઉત્તમત્વ, ઉદારતા - આ પાંચ 'ઉ'કાર યાદ કરવાથી જીવના ઉપસર્ગો હરાય છે.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૮૯)**
લલિતવિસ્તરા ગ્રંથ કઠિન છે, મારી મતિ નિપુણ નથી, મને પરંપરા મળી નથી, બીજા દર્શનના શાસ્ત્રો પણ મારી પાસે નથી છતાં પણ મારા સ્મરણ માટે અને બીજાના હિત માટે મારા જ્ઞાનને અનુરૂપ ચિત્તશુદ્ધિથી પ્રવૃત્ત થયેલો હું અપરાધને પાત્ર ન થાઉં, એમ ઈચ્છું છું. - લલિતવિસ્તરા, અંતિમ શ્લોક

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૯૬)**
ઐશ્વર્ય શત્રુ જેવું છે, યૌવન ફૂલ જેવું છે અને આયુષ્ય ક્ષણભંગુર તથા ચંચલ છે, માટે જાગો - જાગો.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૧૧૪)**
આત્માની લક્ષ્મી અને સુખમાં મગ્ન તથા સચ્ચિદાનંદથી પૂર્ણ એવો આત્મા આખા જગતને લીલામગ્ન અને પૂર્ણ જૂએ છે. - જ્ઞાનસાર ૧/૧

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૧૪૬)**
જેના હૃદયકમળમાં દેવ-ગુરૂ પ્રત્યે શ્રેષ્ઠ ભક્તિ વિદ્યમાન છે, તેઓમાં અનાયાસે જ્ઞાનપ્રકાશ પ્રગટ થાય છે. ૦ એકાંતવાદ અને સ્યાદ્વાદના જ્ઞાન વિના સમ્યગ્ દર્શન નથી. આજ્ઞારૂચિવાળા, ગીતાર્થઆજ્ઞાપ્રિય માર્ગાનુસારી જીવોને દ્રવ્યથી સમકિત હોય, એમ તેના જ્ઞાનમાં હોશિયાર એવા શ્રી સિદ્ધસેનદિવાકર આદિ જ્ઞાની પુરૂષો કહે છે.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૧૪૮)**
આ મારૂં કર્તવ્ય છે. પ્રઃ કેમ? કોણે કર્યું છે? જઃ જિનેશ્વર પરમાત્માએ કર્યું છે માટે. પ્રઃ ફરી પૂછે છે શા માટે કર્તવ્ય છે? જઃ અવ્યાબાધ સુખ આપનાર છે માટે.

## પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૧૪૯)

'પ્રાયઃ (તેનું) અધઃપતન થતું નથી.' અહીં 'પ્રાયઃ' શબ્દ એટલે કહ્યો છે કે નિકાચિત કર્મોનો ઉદય પ્રબલ હોય, તો ઉત્તર ગુણસ્થાનક મેળવવાની ઈચ્છા પ્રબલ હોવા છતાં પણ નિકાચિત કર્મનું બલ પ્રકૃષ્ટ હોવાથી તે જીવને પ્રાપ્ત થયેલા ગુણસ્થાનકથી પણ નીચે પાડે છે.

## પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૫૦)

કાર્ય જૂદું દેખાય તો કારણ અવશ્ય જૂદું હોય જ. બધા જ સિદ્ધ ભગવંતોમાં જ્ઞાનાદિ અનંતચતુષ્ટયસંપન્નતા છે. સર્વ સિદ્ધ ભગવંતોમાં આ સદશપણાનું કારણ તેમનું ભવ્યત્વ એકસરખું છે - તે છે, પરંતુ તથાભવ્યત્વ બધાનું જૂદું હોય છે, માટે કાલ-અવગાહના વગેરેમાં ભેદ પડે છે. સિદ્ધ પરમેષ્ઠી - લોકના અગ્રભાગે આરૂઢ થયેલા, સ્વભાવમાં સ્થિર થઈને રહેલા, સંસારના વિસ્તારથી રહિત, અનંત અવગાહનાથી યુકત છે. ૦ શ્રી જિનમંદિરમાં જેમ સદા - સર્વદા જિનપ્રતિમા બિરાજમાન છે, તેમ અમારા દેહમંદિરમાં પણ શ્રી વીરપ્રભુના પરમભકત શ્રેણિકરાજા અને શ્રી કૃષ્ણવાસુદેવની જેમ શ્રી અરિહંત ભગવાન હંમેશા બિરાજમાન હો.

## પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૫૩)

જ્ઞાન, ગુણ અને પુણ્યના નિધાન એવા શ્રી અરિહંત પરમાત્મા, તેમનું શાસન, તેમની આરાધના કરનાર ચતુર્વિધ સંઘ પ્રત્યે મારો ભકિતરાગ અતિશય વૃદ્ધિ પામો. ૦ દેવ-ગુરૂને પ્રણામ કરવાથી અનુગ્રહ પ્રાપ્ત થાય છે તથા અનુગ્રહથી સિદ્ધિ થાય છે, માટે દેવ-ગુરૂનો અનુગ્રહ તેમના પ્રત્યેના બહુમાનને અવલંબીને છે, એમ જાણવું.

## પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૫૪)

સારા નિમિત્તના આલંબનથી પ્રાયઃ સારા આત્મપર્યાયની તથા ખરાબ નિમિત્તના આલંબનથી પ્રાયઃ ખરાબ આત્મપર્યાયની પ્રાપ્તિ થાય છે. માટે મુમુક્ષુએ હંમેશા સારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ વગેરે નિમિત્તોનો આશ્રય કરવો. જેવી રીતે ક્ષણભેદથી વસ્તુનો ભેદ થાય છે, એવી રીતે નિમિત્તભેદથી આત્મપર્યાય અર્થાત્ આત્મભાવનો ભેદ થાય છે.

## પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૫૭)

સ્વ-રૂપ સદશ સર્વ આત્માઓને નમસ્કાર થાઓ. આત્મા મંગલ છે, આત્મા લોકમાં ઉત્તમ છે, આત્માનું શરણું સ્વીકારૂં છું.

### પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૫૯)

સર્વે વર્ણો પરમાત્માનાં વાચક છે. 'અર્હં' એ પ્રમાણે બ્રહ્માક્ષર એ પંચ પરમેષ્ઠીનો વાચક છે, સિદ્ધચક્રનું સદ્બીજ છે, તેનું હું સર્વ પ્રકારે પ્રણિધાન કરૂં છું.

### પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૭૦)

આ આત્માનું અસ્તિત્વ કોઈનાથી નથી, એને હણનાર પણ કોઈ નથી. જીવોના હૃદયમાં રહેલા આ દેવ - આત્મા સ્વયં જ અસ્તિત્વ ધરાવે છે.(૧)

### પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૭૭)

આકાશપીઠ, ભૂમિ કે પાતાલમાં યોગ નથી. યોગના વિશારદો જીવ અને આત્માના ઐકયને 'યોગ' કહે છે.(૧) શ્વાસ-નિઃશ્વાસનો નાશ થાય, વિષયને ગ્રહણ કરવાનું અટકી જાય એટલે ચેષ્ટારહિત અને નિર્વિકાર યોગીઓનો લય જય પામે છે.(૨) કુંભકમાં પ્રાણ રોકયા પછી ચિત્તને નિરાશ્રય કરવું. આ પ્રમાણે અભ્યાસ કરવાથી રાજયોગ પદને પમાય છે.(૩) મંત્ર, લય, હઠ અને રાજયોગ - આ ભૂમિકા અનુક્રમથી ચાર પ્રકારનો પણ આ એક જ મહાયોગ કહેવાય છે.(૪) જેને દેવ પ્રત્યે શ્રેષ્ઠ ભક્તિ છે અને જેવી દેવ પ્રત્યે છે, તેવી ગુરૂ પ્રત્યે પણ છે, તે મહાત્માને આ કહેલા પદાર્થોનો પ્રકાશ થાય છે (અનુભવ થાય છે).(૫)

### પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૨૦૦)

લોભી માણસ દરિદ્રતાની શંકા વડે ધન આપતો નથી. દાતા પણ તે જ શંકા વડે અર્થાત્ 'હું દાન નહીં આપું તો આવતા ભવમાં દરિદ્ર થઈશ' આવી દરિદ્રતાની શંકા વડે દાન આપે છે.

### પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૨૦૧)

સકલ, સમનસ્ક અને અપાયસહિતનું હોય, તે હંમેશા ત્યજ.
નિષ્કલ, નિર્મનસ્ક અને અપાયરહિતનું હોય, તે હંમેશા ભજ.



ઉપર દર્શાવેલ ૪ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૩ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

## જાપનાં મુખ્ય ૩ પ્રકાર




(૧) માનસ જાપ : હોઠ બંધ - દાંત ભીડેલા રાખી, મનમાં માત્ર પોતે જ જાણી શકે, તે શ્રેષ્ઠ જાપ ગણાય છે.

(૨) ઉપાંશુ જાપ : બીજાને સંભળાય નહીં તેમ, મનમાં હોઠનો ફફડાટ વ્યવસ્થિત રાખવો, તે મધ્યમ જાપ છે.

(૩) ભાષ્ય જાપ : શુદ્ધ - બાલજીવો પણ સાંભળી શકે તે રીતે ઉચ્ચાર કરવો, તે સ્વકાર્ય માટે ઉપયોગી છે.

પં. ભદ્રંકર વિજય

www.fiestadesigns.in